FMPB
fmpb
ફસલ
અંક-૧૧ નવેમ્બર ૨૦૨૪

# વિશ્વાસપાત્ર ઈશ્વર

## વિશ્વાસ કરવા જેવો માણસ કોણ છે ?




તમે માણસની આશા છોડો કે, જેનો શ્વાસ તેનાં નસકોરામાં
જ છે, તે શી ગણતરીમાં છે ?
(યશાયા ૨:૨૨)

**પ્રભુ, હું કોણ છું**
૨ શમુએલ ૭:૧૮






# આશાનું લંગર

આપણા ખ્રિસ્તી જીવનમાં, આપણે ઘણીવાર વિશ્વાસ, ભરોસો અને આશાના અર્થોને મિશ્રિત કરીએ છીએ. આ ભેદોને સમજવા ત્રણ સરળ ઉદાહરણો દ્વારા પ્રકાશિત કરી શકાય છે.

સૌપ્રથમ, કલ્પના કરો કે ગ્રામલોકોનું એક જૂથ એક ચર્ચમાં વરસાદ માટે પ્રાર્થના કરવા માટે એકત્ર થાય છે. તેમાંથી, એક છોકરા પાસે છત્રી છે. આ વિશ્વાસનું પ્રતિનિધિત્વ કરે છે, જેમ કે હિબ્રૂ ૧૧:૧ માં વર્ણવવામાં આવ્યું છે : ‘‘હવે વિશ્વાસ તો જે વસ્તુઓની આશા આપણે રાખીએ છીએ તેની ખાતરી છે, અને અદ્રશ્ય વસ્તુઓની સાબિતી છે.’’

બીજું એવા બાળકનો વિચાર કરો કે જ્યારે તેને તેના પ્રેમાળ પિતા દ્વારા હવામાં ઉછાળવામાં આવે ત્યારે તે બાળક સ્મિત કરતું હોય છે કેમ કે તે જાણે છે કે તેના પિતા તેને પકડી લેશે. આમાં વિશ્વાસ સમાવિષ્ટ છે. ગી.શા. ૧૧૮:૮ માણસોનો ભરોસો કરવા કરતાં યહોવા પર આધાર રાખવો સારો છે. આ વચન દ્વારા ઈશ્વર આપણને દરેક સમયે અને દરેક સંજોગોમાં તેમના પર અતૂટ વિશ્વાસ રાખવાની અપેક્ષા રાખે છે. જ્યારે આપણે તેના બદલે પૈસા, પ્રતિભા અથવા અનુભવ પર વિશ્વાસ કરીએ છીએ, ત્યારે આપણે નિરાશ થવાનું અને ઈશ્વરની ઈચ્છાથી વિચલિત થવાનું જોખમ લઈએ છીએ.

ત્રીજું, દરેક રાત્રે, આપણે કોઈ બાંયધરી ન હોવા છતાં, બીજા દિવસે સવારે જાગવાની અપેક્ષા સાથે સૂઈ જઈએ છીએ. આ આશા છે. આ મહિને, આપણે વિશ્વાસના ખ્યાલ પર ધ્યાન કરીશું.

આપણે આપણા જીવનના વિવિધ ક્ષેત્રો જેવા કે શિક્ષણ, કાર્ય, લગ્નમાં ઘણીવાર અન્ય લોકો પાસેથી સલાહ અને મંજુરી માંગીએ છીએ, પરંતુ આપણે બધાથી ઉપર ઈશ્વરમાં વિશ્વાસ રાખવાનું યાદ રાખવું જોઈએ. ગીતશાસ્ત્ર લખનાર આપણને ૧૪૪:૪ માં સમજદારીપૂર્વક યાદ કરાવે છે કે ‘‘માણસ તો શ્વાસ જેવું છે, તેનાં દિવસો નમી જતી છાયાના જેવા છે.’’ તેવી જ રીતે યશાયા ૨:૨૨ આપણને વિનંતી કરે છે, ‘‘તમે માણસની આશા છોડો કે, જેનો શ્વાસ તેનાં નસકોરામાં જ છે, તે શી ગણતરીમાં છે ?’’

જ્યારે આપણે ફક્ત ઈશ્વર પર વિશ્વાસ કરીએ છીએ, ત્યારે આપણે આપણા રોજીંદા જીવનમાં વ્યવહાર કરતી વખતે દ્રઢ અને ગૌરવી બનીએ છીએ.

ગીતશાસ્ત્રમાં, આપણે દાઉદને ઈશ્વર પર વિશ્વાસનું ઉદાહરણ આપતા જોઈએ છીએ. તે જાહેર કરે છે, ‘‘અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે, જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે.’’ (ગી. શા. ૩૭:૫). આપણે રાજા હિઝકીયા વિશે પણ વાંચીએ છીએ, ‘‘તે ઈસ્રાએલના દેવ યહોવા પર ભરોસો રાખતો હતો. જેથી તેની પાછળ કે તેની અગાઉ યહુદિયાના જે સર્વ રાજા થઈ ગયા તેઓમાં તેના જેવો બીજો કોઈ નહોતો.’’ (૨ રાજાઓ ૧૮:૫)

જ્યારે આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત, આપણા લંગર પર વિશ્વાસ કરીએ છીએ, ત્યારે જીવનની આપણી યાત્રા શાંતિપૂર્ણ બન છે. પ્રભુ આપણને મદદ કરે !

***- મર્સી સેલ્વિન (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)***

"તારા ખરા હૃદયથી યહોવા પર ભરોસો રાખ, અને તારી પોતાની જ અક્કલ પર આધાર ન રાખ, તારા સર્વ માર્ગોમાં તેની આણ સ્વીકાર, એટલે તે તારા રસ્તાઓ પાધરા કરશે."

નીતિવચનો ૩:૫-૬

જ્યારે ઈશ્વર તમને ધાર પર ધકેલી દે છે, ત્યારે તેમના પર સંપૂર્ણ વિશ્વાસ કરો. યા તો તે તમને પકડી લેશે અથવા તે તમને ઉડવાનું શીખવશે

- અજ્ઞાત

માણસો પર ભરોસો કરવા કરતાં યહોવા પર આધાર રાખવો સારો છે. રાજાઓ પર ભરોસો રાખવા કરતા યહોવા પર આધાર રાખવો સારો છે.

ગીતશાસ્ત્ર ૧૧૮:૮-૯

તમારી પીડા માટે ઈશ્વરનો એક હેતુ છે, તમારા સંઘર્ષ માટે એક કારણ છે અને તમારી વફાદારી માટે એક પુરસ્કાર છે. તેમના પર વિશ્વાસ કરો અને છોડશો નહી - અજ્ઞાત


**ફસલ**

**અમારું દર્શન :**

'ફસલ' ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડનું અધિકૃત સમાચારપત્ર છે.

**અમારો ધ્યેય :**

એફએમપીબી ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં વસતા લોકો સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા પહોંચાડનાર એક સ્થાનિક મિશનરી ચળવળ છે.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાં જુદાં લોકજૂથો મધ્યે પહોંચી જઈને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.

ગુજરાત રિજનલ ઓફિસ - એફએમપીબી - ઘર નં. ૬,
કાર્મેલ પાર્ક સોસાયટી, કાર્મેલ મેથોડિસ્ટ ચર્ચની નજીક,
સી.ટી.એમ., અમદાવાદ-૩૮૦૦૨૬
મો. ૯૯૧૩૦૦૭૨૦૫/૯૩૧૩૦૦૦૯૬૮

# ફસલ

*એફએમપીબીનું સત્તાવાર માસિક*

*Publisher & Editor*

**S. John Berlin**

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb


madhosh dil

# જનરલ સેક્રેટરીની કલમે



વણખેડાયેલા લોકો સુધી પહોંચવાના સેવાકાર્યમાં પ્રિય સહભાગીઓ,

એફેસીના અધ્યાય ૬ ની બે કલમોમાંથી પવિત્ર આત્માએ મારા હૃદયમાં ખૂબ જ મક્કમતાથી વાત કરી. કલમ ૭ માં, પાઉલ કહે છે, “માણસોની ચાકરી નહિ, પણ જાણે તે પ્રભુની હોય તેમ સમજીને ખુશીથી કરો.” અહીં એ સૂચવ્યું છે કે આપણે જે રીતે પ્રભુ માટે કરી રહ્યા હોઈએ તેમ પૂરા દિલથી કરો. આપણા જીવનોમાં કોઈ ધર્મનિરપેક્ષ અને પવિત્ર વિભાજન નથી. આપણે જે પણ કામ કરીએ છીએ તે સંપૂર્ણ સામેલગીરી સાથે થવું જોઈએ કારણ કે આપણે જે કંઈ કરીએ છીએ તે સત્યને કારણે અને તેના નામના મહિમા માટે છે. વચન ૧૦ કહે છે, “છેવટે, હું કહુ છું, પ્રભુમાં તથા તેના સામર્થ્યના બળમાં શક્તિમાન થાઓ.” પાઉલ એફેસસમાં વિશ્વાસીઓને ઉત્તેજન આપે છે કે તેઓએ પ્રભુમાં અને તેની શક્તિશાળી શક્તિમાં પણ મજબૂત બનવું જોઈએ. ઈશ્વરની શક્તિથી ઉપર કોઈ શક્તિ નથી. તે આપણને જણાવે છે કે આપણે ખ્રિસ્તમાં કેટલા સુરક્ષિત અને શક્તિશાળી છીએ. પછી તેણે આગળના વચનોમાં શક્તિશાળી બનવા માટે જરૂરી બખ્તરો વિશે કહ્યું. જ્યારે આપણે ઈશ્વર માટે કરતા હોઈએ તેમ બધું કરીએ છીએ ત્યારે ઈશ્વર તેમની કૃપાનો વિસ્તાર કરશે અને તેમનામાં અને તેમના સામર્થ્યમાં મજબૂત બનવા માટેના તમામ શસ્ત્રો મેળવવામાં મદદ કરશે.

## તિરુનેલવેલી કાર્યાલયના મકાનનું સમર્પણ

શ્રીમતી મનિ ચેલૈયા દ્વારા અમને ભેટમાં આપેલી જમીનમાં એક નવા કાર્યાલયનાં મકાન સાથે સ્ટાફ માટે રહેઠાણ બનાવવામાં આવ્યું અને ૧૮ મી સપ્ટેમ્બરે FMPB ના ઘણા આગેવાનો અને સભ્યોની હાજરીમાં આનંદ ભવન નામ સાથે સમર્પિત કરવામાં આવ્યું હતું. જૂનું મકાન જર્જરિત હાલતમાં હોવાને કારણે તે જરૂરી બની ગયું હતું. અમે તિરુનેલવેલીના આગેવાનોની ખૂબ જ ઝડપથી આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે તેમની સામેલગીરી અને સમર્થન માટે પ્રશંસા કરીએ છીએ.

## ૨૧૯ મી કારોબારી સમિતિની બેઠક

૨૧ મી સપ્ટેમ્બરના રોજ ચેન્નાઈમાં ૨૧૯મી કાર્યકારી સમિતિની બેઠક યોજાઈ હતી. ઈશ્વરે સમિતિને ૨૦૨૩-૨૪ નાં નાણાકીય વર્ષ માટેના અંતિમ હિસાબોની જનરલ બોડીની બેઠકમાં ભલામણ કરવામાં મદદ કરી હતી.

## ૨૦૨૪ ની સામાન્ય સભા

વર્ષ ૨૦૨૪ માટે સામાન્ય સભાની બેઠક ૨૨ મી સપ્ટમ્બરે યોજાઈ હતી. સમિતિએ ઉપપ્રમુખ, ખજાનચી, અને નવી કારોબારી સિમિતની નિમણૂક કરી અને અન્ય ઘણા નિર્ણયો લેવાયા હતા. પ્રભુએ તેમના ડહાપણ અને ઈચ્છા દ્વારા ફોરમનું નેતૃત્વ કર્યું હતું.

## વિભાગીય સવિચોની બેઠક

તમામ વિભાગીય સચિવો ચેન્નાઈમાં બે દિવસના ઉપવાસ પ્રાર્થના અને બે દિવસના આયોજન માટે એકત્ર થયા હતા. પ્રભુએ તેમની અપાર કૃપાથી પ્રાર્થના અને આયોજનને આશીર્વાદ આપ્યા હતા.

## NIM માં CCC તાલીમ

મેં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મિશનમાં વરિષ્ઠ બેચના તાલીમાર્થીઓ માટે ક્રોસ કલ્ચરલ કમ્યુનિકેશન તાલીમનું સંચાલન કર્યું હતું. સમર્પિત મિશનરી પ્રદાન કરવા બદલ હું ઈશ્વરપિતાની સ્તુતિ કરું છું.

## ૧૩ મી કર્ણાટક સ્ટેટ કોન્ફરન્સ

૧૩ મી કર્ણાટક સ્ટેટ કોન્ફરન્સ બેંગલુરુમાં ૧૧ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન યોજાઈ હતી. બેંગલુરુના

મિશનરીઓ અને આગેવાનોએ આ બેઠકનું આયોજન ખૂબ જ સારી રીતે કર્યું હતું. કોન્ફરન્સમાં ૮૨૭ લોકોએ ભાગ લીધો હતો. મેં કોન્ફરન્સના ઉદ્‌ઘાટન સત્રમાં હાજરી આપી હતી.

## પૂણે મોબિલાઈઝેશન બેઠકો

ઈશ્વરપિતાએ મને ૧૨ મી અને ૧૩ મી ઓક્ટોબર-ના રોજ પૂણેના આગેવાનો અને મિશનરીઓ સાથે મોબિલાઈઝેશનની સભાઓમાં જોડાવાની તક આપી. ૧૨ મી એ એક પારિવારિક મેળાવડો હતો, તેના પગલે આગેવાનોની મીટીંગ હતી અને ૧૩ મીએ મેં ત્રણ મંડળીઓમાં વક્તવ્ય આપ્યું હતું. પ્રભુએ મીટીંગોને આશીર્વાદ આપ્યા હતા અને પૂણેની મોબિલાઈઝેશન ટીમે મીટીંગોનું અસરકારક રીતે આયોજન કર્યું હતું.

## હુબલી પ્રદેશ સિલ્વર જ્યુબિલી મીટીંગ

FMPB ના હુબલી પ્રદેશે સેવાકાર્યના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે અને મિશનરીઓ અને વિશ્વાસીઓએ કર્ણાટકના ગડગ જીલ્લામાં ૧૭ મી ઓક્ટોબરે એક દિવસીય બેઠકનું આયોજન કર્યું હતું. તેમના વિશ્વાસુપણા માટે ઈશ્વરપિતાનો આભાર માનવા આ સભામાં વિશ્વાસીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

## હું તમને મારા નવેમ્બર મહિનાના કાર્યક્રમો માટે પ્રાર્થના કરવા વિનંતી કરું છું.

## હરિયાણા ઉત્તરાખંડની મુલાકાત

નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં હું હરિયાણા અને ઉત્તરાખંડ રાજ્યોમાં મિશનરીઓની મુલાકાત લઈશ.

## પદાધિકારીઓની નિયુક્તિ

મહેરબાની કરીને ૯મી નવેમ્બરના રોજ સૂચિત કાર્યક્રમ માટે નિવૃત્ત થતા પદાધિકારીઓનો આભાર માનવા અને નવા ચૂંટાયેલા પદાધિકારીઓને હેડક્વાર્ટરમાં આવકારવા માટે પ્રાર્થના કરો.

## હૈદરાબાદમાં NMC ની બેઠક

નેશનલ મિશન કન્સલ્ટેશની મીટીંગ ૧૩ થી ૧૫ નવેમ્બર દરમિયાન હૈદરાબાદમાં સુનિશ્ચિત થયેલ છે.

## સેવાકાર્ય પરિષદ

FMPB સેવાકાર્ય પરિષદ ૨૦ થી ૨૨ નવેમ્બર સુધી સુનિશ્ચિત થયેલ છે. આ બેઠકમાં તમામ ઝોનલ સચિવો અને તેનાથી ઉપરના અધિકારીઓ ભાગ લેશે.

## ક્ષેત્રીય ઝોનલ સચિવોની બેઠક

ક્ષેત્રીય સચિવ ૨૫ અને ૨૬ નવમ્બરે ક્ષેત્રીય ઝોનલ સચિવોની બેઠકનું આયોજન કરી રહ્યા છે જેમાં હું હાજરી આપીશ.

## FMPB વિદાય લેતા પ્રેસિડેન્ટ અને વાઈસ પ્રેસિડેન્ટનો આભાર માને છે.

FMPB ને શ્રી રેજીનાલ્ડ પ્રબાથસ અને શ્રી જેમ્સ ધર્મબાલનને અનુક્રમે પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે બે ટર્મમાં ૬ વર્ષના સમયગાળા માટે વિશેષાધિકાર છે. ૩૧ મી ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ તેઓની ટર્મ સમાપ્ત થઈ હતી. તમામ મિશનરીઓ અને સમર્થકો વતી અમે સંસ્થા સાથે ઊભા રહેવા અને કોરોના રોગચાળા જેવા મુશ્કેલ સમયમાં મદદ કરવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. અમે તેમને પણ શુભેચ્છા પાઠવીએ છીએ અને FMPB માં લાંબા આયુષ્ય અને સતત અને ફળદાયી સેવા માટે પ્રાર્થના કરીએ છીએ.

## FMPB નવા અધિકારીઓનું સ્વાગત કરે છે

જનરલ બોડીએ ૧ લી નવેમ્બર ૨૦૨૪ થી ત્રણ વર્ષની મુદત માટે શ્રી જહોન સેમ્યુઅલને પ્રમુખ તરીકે અને શ્રી જે. સેમ પોનિયાને ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. તેમણે શ્રી એલ. નેલ્સનને તેમના પ્રથમ કાર્યકાળની સફળતાપૂર્વક પૂર્ણ થયાના વર્ષો પછી, ત્રણ વર્ષની બીજી મુદત માટે આપણા ખજાનચી તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ FMPB ના લાંબા સમયથી પ્રાર્થના જૂથના આગેવાનો છે અને સંસ્થાને વિવિધ હોદ્દા પર સેવા આપી છે. FMPB મિશનરીઓ અને સમર્થકો સંસ્થાને સેવા આપવા માટે ઈશ્વરે આપેલી જવાબદારીઓમાં તેમનું સ્વાગત કરે છે અને તેને ઈશ્વરે આપેલા દર્શનની પરિપૂર્ણતા તરફ આગળ ધપાવે છે. અમે નિવૃત્ત થતા અને નવા નિયુક્ત થતા પદાધિકારીઓ માટે તમારી પ્રાર્થનાની પ્રશંસા કરીએ છીએ.

## FMPB નવી કારોબારી સમિતિનું સ્વાગત કરે છે.

એક્ઝિક્યુટિવ કમિટીની મુદત ૨૬ મી ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ સમાપ્ત થઈ હતી, તેથી જનરલ બોડી દ્વારા ત્રણ વર્ષના સમયગાળા માટે નવી કારોબારી સભ્યોનો તેમની નિષ્ઠાવાન સેવા બદલ આભાર માને છે અને નવી કારોબારી સમિતિના સભ્યોનું પણ સ્વાગત કરે છે. કૃપા કરીને તમામ નવી કારોબારી સમિતિના સભ્યો માટે પ્રાર્થના કરો.

નવા પદાધિકારીઓ અને સમિતિઓની પસંદગી માટે તમારી પ્રાર્થના સ્વીકારવામાં આવે છે અને પ્રશંસા કરવામાં આવે છે. નવા પદાધિકારીઓ અને કારોબારી સમિતિના સભ્યો અને ૫૦ નવા જનરલ બોડી સભ્યો માટે સતત પ્રાર્થના કરો. અમે અમારી સંયુક્ત પ્રાર્થના અને સેવાકાર્ય દ્વારા આપણા મિશનમાં આગળ વધી રહ્યા છીએ. અમે તમ સર્વને અમારી પ્રાર્થનામાં યાદ કરીએ છીએ.

ઈશ્વરપિતાના સેવાકાર્યમાં આપનો સાથી સેવક



**રેવ. જ્હોન બર્લીન એસ.**



# વિશ્વાસપાત્ર ઈશ્વર

### માણસ કરતા ઈશ્વર પર ભરોસો રાખવો

જીવનને ઘણીવાર પ્રવાસ સાથે સરખાવાય છે. જ્યારે આપણે મુસાફરી કરીએ છીએ, ત્યારે આપણે સામાન્ય રીતે ઘરેથી નીકળતા પહેલા આપણા વાહનોની કાર્યક્ષમતાનું નિરીક્ષણ કરતા નથી, ઓનલાઈ બુકિંગ કરતી વખતે પણ આપણને તેની પ્રક્રિયા પર વિશ્વાસ હોય છે. ઘણી વખત આપણે આપણો વિશ્વાસ ડ્રાઈવરો કે વાહનો પર નહિ પણ ઈશ્વર પર મુકીએ છીએ. ઘણી વખત, આપણે આપણું નુકસાન કરાવીએ છીએ કારણ કે આપણે ઈશ્વર પર આધાર રાખવાને બદલે લોકો પર વધુ પડતો આધાર રાખીએ છીએ. જેઓ આપણા જીવનની સફરના અંત સુધી આપણી સાથે રહેવાનું વચન આપે છે તેઓ આપણને છોડી જઈ શકે છે, અને જેઓ સેવાકાર્યમાં સેવા આપવાનું વચન આપે છે તેઓ છોડીને જઈ શકે છે. છેવટે તો તેઓ મનુષ્યો જ છે.

યશાયા ૨:૨૨ આપણને યાદ અપાવે છે કે, તમે માણસની આશા છોડો કે, જેનો શ્વાસ તેનાં નસકોરામાં જ છે, તે શી ગણતરીમાં છે ? ઈસ્રાએલી લોકોએ, ઈશ્વર દ્વારા સંચાલિત હોવા છતાં, તેમના પર શાસન કરવા માટે એક રાજાની માંગણી કરી, જેના પરિણામે પછીના દિવસોમાં ભયંકર પરિણામો આવ્યા. આ બાબત ખોટી જગ્યાએ મુકેલા ભરોસા વિશે ચેતવણી આપે છે.

પવિત્રશાસ્ત્રમાં, ઘણી વ્યક્તિઓ પ્રભુને બદલે અન્ય લોકો પર વિશ્વાસ કરે છે. દાખલા તરીકે, યૂસફ, જ્યારે કેદમાં હતો, ત્યારે તેણે પાત્રવાહકને તેને યાદ રાખવા અને ફારુનને તેના વિષે ઉલ્લેખ કરવા કહ્યું (ઉત્પત્તિ ૪૦:૧૪).

યૂસફની મદદ હોવા છતાં પાત્રવાહક તેને ભૂલી ગયો (ઉત્પત્તિ ૪૦:૨૩).

આજે, આપણે જે ઈશ્વરે આપણને ટકાવી રાખ્યા છે તેના પર ભરોસો રાખવાને બદલે આપણે ઘણી વાર બીજાની કૃપા શોધીએ છીએ. મનુષ્યોથી વિપરીત, ઈશ્વર આપણને ક્યારેય ભૂલતા નથી. આપણે ખ્રિસ્ત ઈસુ પર પૂરો ભરોસો રાખવો જોઈએ.

## અવિશ્વાસુ માણસના લક્ષણો

શાસ્ત્ર માનવીય શક્તિ (ગીતશાસ્ત્ર ૨૦:૭), લશ્કરી શક્તિ (ગીતશાસ્ત્ર ૪૪:૬), વ્યક્તિગત બુદ્ધિ (નીતિ. ૩:૫), અથવા ધન (નીતિ. ૧૧:૨૮) પર નિર્ભરતા સામે ચેતવણી આપે છે. નીતિવચનો ૨૮:૨૬ જણાવે છે,

"જે માણસ પોતાના હૃદય પર ભરોસો રાખે છે તે મૂર્ખ છે." આવી વ્યક્તિઓ આખરે નિરાશાનો સામનો કરશે.

## માણસો પર વિશ્વાસ કરવો નુકસાનકારક છે

યર્મિયા ૧૭:૫-૬ જાહેર કરે છે, "જે મનુષ્ય પર ભરોસો રાખે છે, ને મનુષ્યના બળ પર આધાર રાખે છે, ને યહોવા તરફથી જેનું હૃદય ફરી જાય છે, તે શાપિત છે. તે રાનમાંની બોરડી જેવો થશે, ને હિત થશે ત્યારે તે તેના જોવામાં આવશે નહિ, તે અરણ્યમાંની સૂકી જગ્યાઓમાં, ખારવાળો તથા વસતિહીન દેશમાં વાસો કરશે". જેઓ માણસો પર ભરોસો રાખે છે તેઓ માત્ર દૈહિક શક્તિ મેળવે છે અને તેનું હૃદય ઈશ્વરથી દૂર રહે છે. તે વ્યક્તિ કચરાની જમીન (નકામું જીવન) માં ઝાડી સમાન હશે, જ્યારે સમૃદ્ધિ આવશે પણ તેઓ તેનો આનંદ માણી શકશે નહીં. તેઓ રણની સુકાઈ ગયેલી જગ્યાએ ખારી ભૂમિમાં (નિષ્ફળ જીવન) રહેશે, જ્યાં કોઈ રહેતું નથી. યૂસફે તેની પવિત્રતા જાળવવા છતાં, જ્યારે તેણે પાત્રવાહક પર આધાર રાખ્યો ત્યારે તેને ત્યાગનો સામનો કરવો પડ્યો. જો કે, જ્યારે પ્રભુનો સમય આવ્યો, ત્યારે તેને મુક્ત કરવામાં આવ્યો અને ઉન્નત કરવામાં આવ્યો.

## ઈશ્વરનો પ્રેમ વિશ્વાસપાત્ર છે

દાનિયેલ, એક અડગ પ્રાર્થનાયોદ્ધો, અતૂટ વિશ્વાસનું ઉદાહરણ આપ્યું. જ્યારે સિંહની ગુફામાં ફેંકવામાં આવ્યો, ત્યારે તેણે ઈશ્વર પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો, અને તેને કોઈ નુકસાન થયું નહીં (દાનિયેલ ૬:૨૩). આપણે યશાયાહની ચેતવણી પર ધ્યાન આપવું જોઈએ અને માત્ર મનુષ્યો પર વિશ્વાસ કરવાનું બંધ કરવું જોઈએ. આ સતત બદલાતા વિશ્વ અને આપણી આસપાસના લોકો પર વિશ્વાસ કરવાને બદલે, કે જેઓ ઘણીવાર સંજોગો અનુસાર બદલાતા રહે છે, ચાલો આપણે દરેક પરિસ્થિતિમાં અપરિવર્તનશીલ અને વિશ્વસનીય ઈશ્વર પર વિશ્વાસ કરીએ.

## જેઓ વિશ્વાસ કરે છે તેઓને ધન્ય છે

યર્મિયા ૧૭:૭-૮ સમજાવે છે કે "જે યહોવા પર શ્રદ્ધા રાખે છે, ને જેનો આધાર યહોવા છે તે આશીર્વાદિત છે. તે પાણીની પાસે રોપેલા વૃક્ષના જેવો થશે, જે નદીની પાસે પોતાનાં મૂળ ફેલાવે છે, ને ગરમીનો વખત આવશે ત્યારે તેને કંઈ ડર રહેશે નહિ (કારણ કે ઈશ્વર દ્વારા નિયંત્રિત છે), પણ તેના પાંદડાં લીલાં રહેશે અને સુકવણાના વર્ષમાં તે ચિંતાતૂર થશે નહિ (મુશ્કેલીઓ વચ્ચે શાંતિ), ને તે ફળ આપ્યા વિના રહેશે નહિ (ફળદાયી જીવન)." મારું હૃદય તેના પર વિશ્વાસ કરે છે, અને તે આપણે મદદ કરે છે - ગી. શા. ૨૮:૭, એક જૈતુન વૃક્ષ જેવા હશે - ગીતશાસ્ત્ર ૫૨:૮, જે કોઈ ઈશ્વર પર વિશ્વાસ રાખે છે તે સુરક્ષિત રહે છે - નીતિ. ૨૯:૨૫. શાંતિ અને વિશ્વાસ એ આપણી શક્તિ છે - યશાયા ૩૦:૧૫ - ક્યારેય શરમાશો નહિ - રોમનો ૯:૩૩. આ બધા આશીર્વાદ માત્ર ઈશ્વર પર વિશ્વાસ કરવાથી મળે છે. આપણામાંના જેઓ ઈશ્વરના રાજ્યના નિર્માણમાં રોકાયેલા છે, ઝખાર્યા આપણને યાદ અપાવે છે કે પરાક્રમથી નહિ તેમ બળથી પણ નહિ, પણ પ્રભુના આત્માથી છે (ઝખાર્યા ૪:૬). આ વચનમાં ઉલ્લેખિત શક્તિ એ માનવ, પ્રાણી અને દૂતોની શક્તિ છે. અહીં જે શક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સૈન્ય, ધન અને કુશળતાની છે. તેથી માત્ર તેમના પર વિશ્વાસ કરવાનો અર્થ છે તેમના વચનો, તેમના કાર્યો અને તેમના સમય પર વિશ્વાસ કરવો. આપણા કુટુંબ અને સેવાકાર્યમાં આપણી આસપાસની પરિસ્થિતિ એટલી સકારાત્મક ન હોય ત્યારે પણ ફક્ત તેમના પર વિશ્વાસ રાખો જેના વિના આપણા બધા પ્રયત્નો નિષ્ફળ જશે. ઈસ્રાએલનો શક્તિશાળી ઈશ્વર આપણને આપણા યાત્રામાં માર્ગદર્શન આપે, આપણને વિજય તરફ દોરી જાય. ખ્રિસ્તને આપણા વિશ્વાસપાત્ર લંગર બનવા દો. આમીન.

**- મર્સી સેલ્વિન**
**- કમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ**

# ટ્રેઈલ બ્લેઝર્સ



## ફ્રેડરિક વિલિયમ સેવિજ

ફ્રેડરિક વિલિયમ સેવિજનો જન્મ ૧૮૬૨ માં ઈંગ્લેન્ડના કેમ્બ્રિજશાયરના નાના ગામ સ્ટ્રેથમમાં થયો હતો. તે બ્રિગ્સ સેવિજ અને તેમની પત્ની સારાના ચોથા સંતાન હતા. તેમનો પરિવાર બેપ્ટિસ્ટ ચર્ચનો હતો. સેવિજ ઉત્તરપૂર્વ ભારતમાં  અગ્રણી અંગ્રેજી ખ્રિસ્તી મિશનરી બન્યા. તેમણે બી.એ. અને પીએચ.ડીની ડિગ્રી મેળવી હતી. લંડનમાં સ્કૂલ માસ્ટર તરીકે કામ કરતી વખતે, તેઓ તેમના ભાવિ મિશનરી ભાગીદાર, જેમ્સ હર્બર્ટ લોરેનને એક શાળામાં મળ્યા જ્યાં તેઓ બંને ભણાવતા હતા. તેઓ બંને લંડનમાં હાઈગેટ રોડ બેપ્ટિસ્ટ ચર્ચમાં તેમનાં મડળ દ્વારા મિત્રો બન્યા હતા. સેવિજે ભારતમાં કામ કરવા માટે આર્થિંગ્ટન એબોરિજિન્સ મિશન દ્વારા આપવામાં આવેલ મિશનરી પદ સ્વીકાર્યું અને ઓક્ટોબર ૧૮૯૧ માં, તેમણે તેમના શિક્ષણ પદ પરથી રાજીનામું આપ્યું અને નવેમ્બરમાં કલકત્તા આવવા માટે ઈંગ્લેન્ડ છોડી દીધું. ન્યૂઝીલેન્ડ બેપ્ટિસ્ટ દ્વારા આયોજીત બ્રાહ્મણબારિયા (જે હવે બાંગ્લાદેશમાં છે) માં સુવાર્તિક અભિયાન દરમિયાન તે લોરનને મળ્યા હતા. લોરેન ૧ જાન્યુઆરી, ૧૮૯૦ થી ભારતમાં પહેલેથી જ હતા.

## ભારતમાં સેવાકાર્ય

આર્થિંગ્ટન એબોરિજિન્સ મિશનની મૂળ યોજના સેવિજ અને લોરેન ત્રિપુરામાં કામ કરવા માટે હતી, પરંતુ તેઓએ શાસક મહારાજાના વિરોધનો સામનો કરવો પડ્યો. પરિણામે, તેઓ ચટગાંવ ગયા. થોડો સમય ત્યાં રહ્યા પછી, તેઓએ લુશાઈ હિલ્સમાં પ્રવેશવાની પરવાનગી માંગી. ટેકરીઓ આદિવાસી સરદારો હેઠળ હોવાથી, તેમની અરજી નામંજૂર કરવામાં આવી હતી, પરંતુ તેમને કાસાલોગ ગામમાં રહેવાની મંજૂરી આપવામાં આવી હતી. આ વિસ્તાર ખોરાકની તીવ્ર અછત અને ચેપી રોગોના વ્યાપક ફેલાવાથી પીડાતો હતો. બંને મિશનરીઓએ એક મહિનાથી વધુ સમય સુધી ભૂખમરો સહન કર્યો અને તેઓ ગંભીર મરડાથી પણ પીડાતા હતા. પોતાનો બચાવ કરવા માટે, રંગામતી કમિશનરે તેમને રાઈફલ આપી, પરંતુ બંનેમાંથી કોઈને જંગલી મરઘીને પણ કેવી રીતે ગોળી મારવી તેની ખબર ન હતી. એક તબીબી ડોક્ટરે તેમની તબિયત પુનઃપ્રાપ્ત કરવા માટે દાર્જિલિંગમાં સ્થળાંતર કરવાનું સૂચન કર્યું, જે તેઓ કર્યું. તેમ છતાં ડોક્ટરે તેમને ઈંગ્લેન્ડ પાછા ફરવાની સલાહ આપી, તેમના સ્વાસ્થ્યના ડરથી, તેઓ ભારત નહિ છોડવા મક્કમ હતા. તેઓ આસામમાં સિલ્ચર ગયા, જ્યાં તેઓ ૧૮૯૩ માં એક વર્ષ રહ્યા. આ સમય દરમિયાન, તેઓ મિઝોરોમના કેટલાક મુલાકાતીઓને મળ્યા અને તેમની ભાષા શીખવાનું શરૂ કર્યું.

આખરે, તેમની વિનંતી મંજૂર કરવામાં આવી, અને ૨૬ ડિસેમ્બર, ૧૮૯૩ (બોક્સિંગ ડે) ના રોજ, તેઓએ મિઝોરોમની તલાઉંગ નદી પર નાવડીમાં સફર કરી. તેઓ ૧૧ જાન્યુઆરી, ૧૮૯૪ ના રોજ મિઝોરોમની રાજધાની આઈઝોલમાં પહોંચ્યા. આ દિવસ હવે રાજ્યમાં જાહેર રજા તરીકે મનાવવામાં આવે છે, જેને "મિશનરી ડે" તરીકે ઓળખવામાં આવે છે. સેવિજ અને લોરેન એ પ્રથમ વિદેશી હતા જે મિઝો લોકોએ જોયા હતા, તેમની પાસે કોઈ સત્તાવાર સત્તા ન હોવાથી, તેઓને "સેપ વાકવાઈ" (વાગાબોન્ડ સાહેબો) તરીકે ઉપનામ આપવામાં આવ્યું હતું. તેઓને "ઝોસપ" (જેનો અર્થ "મિઝો સાહેબ" અથવા "આદરણીય સાહેબ" શીર્ષકથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. મિઝો લોકો સેવિજને "સપ ઉપા" (જૂના સાહેબ) અને લોરેનને તેમના અલગ રંગને કારણે "પુ બુઆંગા" (શ્રીમાન ગ્રે) કહેતા હતા.

તેઓએ રોમન લિપિ પર આધારિત મિઝો મૂળાક્ષરો બનાવાવનું શરૂ કર્યું, અને અઢી મહિના પછી, સેવિજે એપ્રિલ ૧, ૧૮૯૪ ના રોજ પ્રથમ શાળા શરૂ કરી. શાળામાં માત્ર બે વિદ્યાર્થીઓ હતા, સુકા અને થંગકૂંગા. મિઝોમાં પ્રથમ પુસ્તક ૨૨ ઓક્ટોબર, ૧૮૯૫ ના રોજ પ્રકાશિત થયું હતું. સેવિજ અને લોરેને લૂક અને યોહાનની સુવાર્તા અને પ્રેરિતાનાં પુસ્તકનું ભાષાંતર કર્યું અને પ્રકાશિત કર્યું. તેઓએ ૧૮૯૮માં લુશાઈ ભાષાનો વ્યાકરણ અને શબ્દકોશ પણ પ્રકાશિત કર્યો, જે મિઝો ભાષાનો પાયો બન્યો.

આર્થિંગ્ટન મિશનને તેના મિશનરીઓને નવા ક્ષેત્રોમાં જવાની જરૂર હતી, અને મિઝોરોમમાં કામ વેલ્શ મિશનને સોંપવામાં આવ્યું હતું. સેવિજ અને લોરેન ૩૧ ડિસેમ્બર, ૧૮૯૭ ના રોજ આઈઝોલથી ઈંગ્લેન્ડ જવા રવાના થા, પરંતુ ટૂંક સમયમાં જ ટૂંકમાં તબીબી અભ્યાસક્રમ પૂરો કરીને આસામ ફ્રન્ટિયર પાયોનિયર મિશન હેઠળ ભારત પરત ફર્યા. તેઓએ સૌપ્રથમ અબોર અને મીરી આદિવાસીઓ મધ્યે આસામના સદ્યા પ્રદેશ (જે હવે અરૂણાચલ પ્રદેશ છે) માં કામ કર્યું, જ્યાં તેઓએ સ્થાનિક ભાષાઓમાં સુવાર્તાઓ તૈયાર કરી અને શબ્દકોશનું સંકલન કર્યું. સેવિજ અને લોરેન ૧૩ માર્ચ, ૧૯૦૩માં લુંગલી પહોંચ્યા અને ત્યાં બેપ્ટિસ્ટ ચર્ચની શરૂઆત કરીને સેરકાવનમાં સ્થાયી થયા.

આ સમયગાળા દરમિયાન સેવિજ અને લોરેન બંનેના લગ્ન થયા હતા. સેવિજે એબરડીનની માર્ગારેટ ગ્રાન્ટ સાથે લગ્ન કર્યા, એક પ્રશિક્ષિત શિક્ષિકા કે જેઓ સ્કોટિશ ચર્ચ મિશન દ્વારા સંચાલિત કલકત્તા ગર્લ્સ સ્કૂલમાં ભણાવતા હતા. સાથે મળીને, તેઓએ બેપ્ટિસ્ટ મિશનરી તરીકે સેવા આપી, જેમાં સેવિજ શિક્ષણ અને સામાજીક કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જ્યારે લોરેને પાળકીય અને અનુવાદકાર્ય પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૧૯૨૧ સુધીમાં સેવિજની શૈક્ષણિક પહેલ સફળ થઈ, જેમાં ૧૫ શાળાઓ અને ૪૨૧ વિદ્યાર્થીઓની સ્થાપના થઈ. ૧૯૧૯ માં, તેઓએ નવા મિશનરીઓની મદદથી એક નાનું દવાખાનું પણ ખોલ્યું, જે પછીથી ક્રિશ્ચિયન હોસ્પિટલ સેરકાવનમાં વિકસ્યું. તેમના પુત્ર, સેસિલ આર્થર ગ્રાન્ટ સેવિજ, બાદમાં મિઝોરમમાં એડ્રીસ જોન મોલ્ડ સાથે લગ્ન કર્યા. સેવિજના પ્રિય મિત્ર, જેમ્સ હર્બર્ટ લોરેન, તેમના સમગ્ર કાર્ય દરમિયાન તેમની સાથે રહ્યા.

## અંતિમ વર્ષો

સેવિજની તબિયત બગડતા તેઓ ૧૯૨૫ માં નિવૃત્ત થયા. તેમણે ૧૩ એપ્રિલ, ૧૯૨૫ના રોજ મિઝોરોમ છોડ્યું, અને ઈંગ્લેન્ડમાં તેમના વતન પરત ફર્યા, અને તેમની સાથે દફનાવવા માટે સેરકોન માટીના ડબ્બા લઈને આવ્યા. તેમની પત્ની માર્ગારેટનું એપ્રિલ ૧૯૩૩ માં ૭૨ વર્ષની વયે બેડફોર્ડશાયરમાં અવસાન થયું હતું. સેવિજે તેના અંતિમ વર્ષો તેમની બહેન શ્રીમતી ગૌત્રે સાથે સ્ટ્રેથમમાં વિતાવ્યા. ડાયાબિટીસ મેલીટસને કારણે તેમની તબિયત બગડી હતી અને લાંબા સમય સુધી વેદના બાદ ફ્રેડરિક વિલિયમ સેવિજનું ૨૮ સપ્ટેમ્બર, ૧૯૩૫ ના રોજ ૭૩ વર્ષની વયે અવસાન થયું હતું. તેઓ ઈશ્વરને વિશ્વાસુ રહ્યા અને તેમના છેલ્લા શ્વાસ સુધી મિઝોરોમના લોકોને સમર્પિત રહ્યા.

# ખજાનચીની મેજથી

ખ્રિસ્તમાં પ્રિય પ્રાર્થના ભાગીદારો,

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના સૌથી મૂલ્યવાન નામમાં શુભેચ્છાઓ. પાછલા આખા વર્ષમાં અમારા પરના તેમના વિપુલ રક્ષણ અને માર્ગદર્શન માટે હું સામૂહિક પ્રશંસા અને ઈશ્વરપિતાનો આભાર માનવા માટે થોડો સમય કાઢવા માંગુ છું. અમે હાથ ધરેલા દરેક પ્રયાસો અને દરેક પડકારોનો અમે સામનો કર્યો છે, તેમનો દૈવી હાથ અમારા પર રહ્યો છે, અમને શાણપણથી માર્ગદર્શન આપે છે, પ્રતિકૂળતામાં અમને મજબૂત કરે છે અને અમારા હૃદયને આશા અને હેતુથી ભરી દે છે. ૧-૪-૨૦૨૪ (૩૧-૩-૨૦૨૯ સુધી) પાંચ વર્ષના સમયગાળા માટે ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ ૨૦૧૦ (FCRA) હેઠળની મંજૂરીમાં ઈશ્વરપિતાએ FMPB માટે અદ્ભુત બાબતો કરી છે.

ઈશ્વરપિતાની કૃપાથી, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે FMPB ના હિસાબો સમયસર તૈયાર અને ઓડિટ થયા. હિસાબો ૨૧ મી સપ્ટમ્બર, ૨૦૨૪ના રોજ FMC દ્વારા એક્ઝિક્યૂટિવ કમિટિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ જનરલ બોડી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. હું અમારા ઓડિટરના સકારાત્મક યોગદાન અને માર્ગદર્શન માટે અને સમયસર પૂર્ણ કરવા માટે ફાઈનાન્સ ટીમનો આભાર માનું છું.

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે FMPBના ઓડિટેડ નાણાકીય નિવેદનો આ અંકમાં અવલોકન અને માહિતી માટે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

સરકારે ટ્રસ્ટો અને ધાર્મિક સંસ્થાઓને પાલન કરવા માટે નવા અને વધારાના વૈધાનિક પાલનની રજૂઆત કરી છે. અમે આ પડકારોને પહોંચી વળવા સક્ષમ બનાવવા માટે હું તમારી નિષ્ઠાવાન પ્રાર્થના અપેક્ષા રાખુ છું.

આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ એ આવકવેરા કાયદા હેઠળ રોકડમાં વ્યવહારો અને તેમની અનુમતિના સંદર્ભમાં વધારાના નિયમો અને મર્યાદાઓ નિર્ધારિત કરી છે. તે વ્યક્તિ પાસેથી એક દિવસમાં અથવા એક જ વ્યવહારમાં અથવા એક ઘટનાને લગતા રૂા. ૨ લાખ અને તેથી વધુની રોકડ રકમની રસીદ પર પ્રતિબંધ મૂકે છે. આવા પ્રતિબંધોને ધ્યાનમાં રાખીને, દાતાઓ અને સમર્થકોને ઓનલાઈન વ્યવહારો/ટ્રાન્સફર દ્વારા યોગદાન અને સમર્થન મોકલીને અને રોકડ વ્યવહારો ટાળવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ફાયનાન્સની ટીમના તમામ સભ્યોનો ખાસ આભાર કે જેમણે રોજબરોજની પ્રવૃત્તિઓ હાથ ધરવા ઉત્સાહપૂર્વક કામ કર્યું છે.

તમારી પ્રતિબદ્ધતા અને સેવા માટે હું તમ સર્વનો આભાર માનું છું. ઈશ્વરપિતા તમને અને તમારા પરિવારને પુષ્કળ આશીર્વાદ આપે કારણ કે અમે તેમના નામમાં વધુ મોટી સિદ્ધિઓ તરફ આગળ વધીએ છીએ.

આભારની લાગણી અને આશીર્વાદ સાથે,

ખ્રિસ્તમાં આપનો

L. Nelson

**સીએ. એલ. નેલ્સન**
**ખજાનચી**

# INDEPENDENT AUDITOR'S REPORT ON FINANCIAL STATEMENTS

To
The Members of
M/S. FRIENDS MISSIONARY PRAYER BAND

## Report on the Financial Statements:

We have audited the Financial Statements of M/S. FRIENDS MISSIONARY PRAYER BAND, 29, High School Road, Ambattur, Chennai – 600 053 ("the Society"), which comprise of Balance Sheet as at 31st March 2024, the Income & Expenditure account and the Receipts and Payments account for the year ended 31st March 2024 and the notes to the financial statements consisting of summary of significant accounting policies.

In our opinion and to the best of our information and according to the explanations given to us,

> Subject to our "Observations on Financial Systems and Statements" attached to this Report, these Financial Statements of accounts of **M/S. FRIENDS MISSIONARY PRAYER BAND** give a true and fair view of the financial position of the Society as at 31st March 2024 and of its financial performance for the year then ended in accordance with the Accounting Standards issued by the Institute of Chartered Accountants of India (ICAI).

## Basis for Opinion:

We have conducted our audit in accordance with Standards on Auditing (SAs) issued by the Institute of Chartered Accountants of India. Our responsibilities under those standards are further described in the *Auditor's Responsibilities for the Audit of the Financial Statement* section of our report. We are independent of the "M/s. Friends Missionary Prayer Band, Chennai" in accordance with the Code of Ethics issued by the ICAI, and have fulfilled our other ethical responsibilities in accordance with the Code of Ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

## Responsibilities of Management and those charged with Governance for the Financial Statement:

Management is responsible for the preparation and fair presentation of these financial statements that give a true and fair view of the state of affairs and results of operations in accordance with the accounting principles generally accepted in India. This responsibility includes the design, implementation and maintenance of internal control relevant to the preparation and presentation of these Financial Statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.

JSAS & ASSOCIATES * FRN 014859S CHENNAI-40 * CHARTERED ACCOUNTANTS



Old No.: 92/7, New No.:46/7, 3rd Floor, T-Block (T-92) 5th Main Road, Annanagar, Chennai - 600 040.
Tel.: 044-4855 1833, 044-2626 3800, E-mail : office.jsas@gmail.com, Website : www.cajsas.com

In preparing the financial statements, management is responsible for assessing the entity's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless management either intends to liquidate the entity or to cease operations, or has no realistic alternative but to do so.

Those charged with governance are responsible for overseeing the Organization's financial reporting process.

**Auditor's Responsibilities for the Audit of the Financial Statement:**
Our objectives are to;

1. Obtain reasonable assurance about whether the financial statements as a whole is free from material misstatement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with Standards on Auditing (SAs) will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.

   As part of an audit in accordance with SAs, we exercise professional judgment and maintain professional scepticism throughout the audit. Identify and assess the risks of material misstatement of these Financial Statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of internal control.

2. Obtain an understanding of internal control relevant to the audit in order to design audit procedures that are appropriate in the circumstances, but not for the purpose of expressing an opinion on the effectiveness of the entity's internal control.

3. Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates, if any, and related disclosures made by management.,

4. Evaluate the overall presentation, structure and content of these Financial Statements, including the disclosures, and whether these Financial

& ASSOCIATES FRN CHENNAI-40 CHARTERED ACCOUNTANTS

Statements represent the underlying transactions and events in a manner that achieves fair presentation.

5. We have communicated with those charged with governance regarding, among other matters, significant audit findings, including any significant deficiencies in internal control that we identified during our audit.

Our responsibility is to express an opinion on these Financial Statements based on our audit. We conducted our audit in accordance with the Standards of Auditing (SA) as prescribed by the Institute of Chartered Accountants of India (ICAI). These Standards require that we comply with ethical requirements and plan and perform the audit to obtain reasonable assurance about whether these financial misstatements.

An audit involves performing procedures to obtain audit evidence about the amounts and disclosures in these Financial Statements. The procedures selected depend on the auditor's judgment, including the assessment of the risks of material misstatement, of these Financial Statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers the internal control relevant to the entity's preparation and fair presentation of these Financial Statements in order to design audit procedures that are appropriate in the circumstance, but not for the purpose of expressing an opinion on the effectiveness of the entity's internal control. An audit also includes evaluating the appropriateness of the accounting policies used and the reasonableness of the accounting estimates made by the management, as well as evaluating the overall presentation of these financial statements.

We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our audit opinion.

For J S A S & Associates
Chartered Accountants
(FRN. 014859S)

John Ravindran Moses
Partner
(Mem. No. 028566)

Place: Chennai
Date:

JSAS & ASSOCIATES
FRN 014859S
CHENNAI-40
CHARTERED ACCOUNTANTS

**FRIENDS MISSIONARY PRAYER BAND**

29 High School Road, Ambattur, Chennai - 600053

**INCOME AND EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED 31ST MARCH 2024**

| EXPENDITURE | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. | INCOME | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. |
|---|---|---|---|---|---|
| **FOREIGN CONTRIBUTION A/C PAYMENTS** | | | **FOREIGN CONTRIBUTION A/C RECEIPTS** | | |
| **Programme Expenses:** | | | By Bank Interest- Savings Bank A/c | **77,865** | 1,68,621 |
| To Calamity Relief Expenses | **-** | 1,12,500 | By Fixed Deposit Interest | **57,50,957** | 33,70,062 |
| To Community Dev Child Care Expenses | **12,99,167** | 7,28,481 | By Donation Calamity Relief | **-** | 5,01,217 |
| To Community Dev Educational Exp. | **12,04,428** | 24,03,686 | By Donation Christmas Gift | **8,000** | 1,27,632 |
| To Community Dev Project Medical Care | **17,78,273** | 5,63,533 | By Donation - Church Construction | **21,94,606** | 35,97,241 |
| To Church Consruction | **7,09,523** | 17,56,396 | By Donation - Community Dev. Camps | **11,76,410** | 29,72,632 |
| **Administration Expenses:** | | | By Donation Community Dev - Child Care | **7,95,603** | 13,14,752 |
| To Bank Charges | **67,892** | 40,438 | By Donation Community Dev - Education | **24,26,428** | 1,22,27,485 |
| To Repairs & Renewals | **10,93,750** | 6,552 | By Donation General | **93,219** | 6,16,063 |
| To Meeting Expenses | **42,190** | 37,500 | By Donation - Building | **2,28,41,659** | 2,43,14,028 |
| To Staff Medical Expenses | **33,70,660** | 29,19,137 | By Donation HR Study Scholarship | **-** | 5,98,150 |
| **DOMESTIC PAYMENTS** | | | By Donation Medical | **37,69,053** | 95,83,630 |
| **Programme Expenses:** | | | By Donation - Monthly Pledge | **26,89,797** | 48,08,002 |
| To Calamity Relief Expenses | **8,73,428** | 20,000 | By Donation Training & Development | **5,93,739** | 10,74,200 |
| To Children Education Expenses | **2,33,64,884** | 1,87,84,542 | **DOMESTIC RECEIPTS** | | |
| To Children Higher Study Scholarship Expenses | **77,22,611** | 70,88,812 | By Bank Interest- Savings Bank A/c | **11,09,894** | 17,62,996 |
| To Church Construction | **5,58,35,367** | 6,44,32,924 | By Fixed Deposit Interest | **1,64,13,773** | 1,79,99,128 |
| To Community Dev Camp Expenses | | | By Donation - Annual Meet | **61,27,849** | 63,04,377 |
| Training & Development | **91,95,688** | 70,29,044 | By Donation - Calamity Releif | **37,93,392** | 2,60,410 |
| Community Dev Camp Exp | **5,50,70,727** | 6,01,57,270 | By Donation - Children Home Maintenance | **27,00,346** | 21,03,221 |
| Linguistic Work | **12,87,702** | 5,84,060 | By Donation - Christmas Gift | **3,85,48,546** | 3,91,85,173 |

JSAS & ASSOCIATES ★ FRN 014859S CHENNAI-40 ★ CHARTERED ACCOUNTANTS

**FRIENDS MISSIONARY PRAYER BAND**

29 High School Road, Ambattur, Chennai - 600053

**INCOME AND EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED 31ST MARCH 2024**

| EXPENDITURE | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. | INCOME | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. |
|---|---|---|---|---|---|
| To Community Development Expenses | | | By Donation - Church Construction | **6,30,15,068** | 6,02,98,571 |
| Medical Care Expenses | **36,80,851** | 22,59,204 | By Donation Community Dev - Camp | **65,70,994** | 1,34,16,296 |
| Child Care Expenses | **16,89,50,150** | 14,66,89,934 | By Donation Community Dev - Child Care | **16,05,92,330** | 15,51,65,087 |
| Educational Expenses | **6,83,452** | 5,50,642 | By Donation - Community Dev. Education | **54,57,718** | 24,42,243 |
| Vocational Training Expenses | **18,75,000** | 31,57,475 | By Donation - Community Dev. Health Care | **3,89,946** | 3,21,830 |
| Adult Literacy | **67,961** | 5,30,935 | By Donation Field Equipments | **2,15,480** | 11,97,987 |
| To General, Hospitality & Maintenance | | | By Donation - Adult Literacy | **41,750** | 12,000 |
| Mission Field | **70,02,729** | 58,25,797 | By Donation - Linguistic Work | **10,41,300** | 5,61,490 |
| Others | **5,48,987** | 98,340 | By Donation General | **5,15,38,971** | 5,03,16,880 |
| To Medical Expenses | | | By Donation - Building | **71,89,935** | 30,87,257 |
| Mission Field | **83,94,045** | 90,42,476 | By Donation HR Study Scholarship | **15,03,848** | 14,24,671 |
| To Meeting Expenses | | | By Donation Medical | **56,92,173** | 69,16,928 |
| Mission Field | **3,93,674** | 9,68,549 | By Donation - Monthly Pledge | **37,07,49,718** | 36,13,95,994 |
| Annual Meet Expenses | **82,45,163** | 53,97,285 | By Donation - Music & Media | **3,89,891** | 5,56,841 |
| National Missionaries Conference | **1,70,33,224** | - | By Donation National Missionaries Conference | **54,70,495** | - |
| To Postage & Courier | | | By Donation National Navodaya Meetings | **-** | 12,500 |
| Mission Field | **2,02,359** | 2,20,881 | By Donation Through Field Congregation | **14,51,066** | 44,13,000 |
| Magazine Postage | **35,30,101** | 30,02,237 | By Donation - Training & Development | **48,19,375** | 44,24,314 |
| To Printing & Stationary | | | By Donation - Vehicles | **79,31,880** | 36,56,475 |
| Mission Field | **18,08,710** | 6,07,560 | By Donation Vocational Training | **8,150** | 11,000 |
| Magazine Printing | **1,06,47,679** | 1,39,16,828 | By Miscellaneous Income | **4,39,364** | 4,84,620 |
| To Promotional Material Expenses | **71,77,945** | 83,19,547 | By Sale of Vehicles | **4,24,500** | |

JSAS & ASSOCIATES ★ CHARTERED ACCOUNTANTS ★ FRN 014859S CHENNAI-40

## FRIENDS MISSIONARY PRAYER BAND

29 High School Road, Ambattur, Chennai - 600053

| INCOME AND EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED 31ST MARCH 2024 | | | | | |
|---|---|---|---|---|---|
| **EXPENDITURE** | **2023 - 2024 Amount in Rs.** | 2022 - 2023 Amount in Rs. | **INCOME** | **2023 - 2024 Amount in Rs.** | 2022 - 2023 Amount in Rs. |
| To Rent & Rates | | | By Pension Fund | **10,31,403** | - |
| Mission Field | **96,24,877** | 95,65,378 | By Interest on Income Tax Refund | **-** | 1,26,590 |
| To Repairs & Renewals | | | By Excess of Expenditure Over Income | **1,38,30,927** | 50,61,270 |
| Mission Field | **92,91,816** | 42,20,719 | | | |
| To Salary & Allowances | | | | | |
| Mission Field | **10,31,71,756** | 9,52,74,533 | | | |
| To Staff Higher Study Expenses | **2,76,992** | 1,64,706 | | | |
| To Telephone & Trunk Calls | | | | | |
| Mission Field | **21,90,859** | 22,15,581 | | | |
| To Travelling Expenses | | | | | |
| Mission Field | **1,78,24,587** | 1,82,96,200 | | | |
| To Vehicle Maintenance | | | | | |
| Mission Field | **1,33,56,374** | 1,34,24 | | | |
| **Administration Expenses:** | | | | | |
| To Audit Fees & Other Expenses | **2,65,500** | 1,35,700 | | | |
| To Bank Charges | **4,07,834** | 2,50,710 | | | |
| To Christmas Gift | **3,72,96,538** | 3,34,44,210 | | | |
| To Contribution To EPF | **2,38,57,621** | 1,92,52,464 | | | |
| To EPF Damages | **1,53,60,108** | 4,93,86,821 | | | |
| To EPF- Interest | **74,11,146** | 73,61,572 | | | |
| To FBF Gifts | **5,32,800** | 8,21,405 | | | |

JSAS & ASSOCIATES ★ CHARTERED ACCOUNTANTS ★
FRN 014859S
CHENNAI-40

**FRIENDS MISSIONARY PRAYER BAND**

29 High School Road, Ambattur, Chennai - 600053

## INCOME AND EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED 31ST MARCH 2024

| EXPENDITURE | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. | INCOME | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. |
|---|---|---|---|---|---|
| To General, Hospitality & Maintenance | **31,68,873** | 90,43,625 | | | |
| To Gratuity | **52,33,295** | 83,84,522 | | | |
| To Legal Fees | **24,173** | 4,28,085 | | | |
| To Medical Expenses | **86,67,644** | 58,01,817 | | | |
| To Meeting Expenses | **31,63,623** | 35,62,881 | | | |
| To Office Maintenance | **36,87,186** | 30,04,321 | | | |
| To Pension Expenses | **1,22,04,413** | 1,15,66,507 | | | |
| To Postage & Courier | **26,61,376** | 25,28,968 | | | |
| To Printing & Stationary | **91,34,836** | 60,13,869 | | | |
| To Rent & Rates | **2,65,88,779** | 2,65,16,182 | | | |
| To Repairs & Renewals | **43,11,736** | 39,80,?11 | | | |
| To Salary & Allowances | **4,53,07,096** | 5,45,67, | | | |
| To Staff Welfare | | | | | |
| Holiday Allowance | **21,15,178** | 13,33,785 | | | |
| Warm Cloth Allowance | **28,26,600** | 22,98,985 | | | |
| Staff Welfare - General | **19,89,972** | 36,86,445 | | | |
| To SBF Gift | **1,07,821** | 1,73,940 | | | |
| To Subscription To Other Missions | | 26,500 | | | |
| To Taxes & Insurance | **10,16,742** | 5,81,438 | | | |
| To Taxes & Rates | **6,31,069** | 3,42,547 | | | |

JSAS & ASSOCIATES ★ CHARTERED ACCOUNTANTS ★ FRN 014859S CHENNAI-40

**FRIENDS MISSIONARY PRAYER BAND**

29 High School Road, Ambattur, Chennai - 600053

**INCOME AND EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED 31ST MARCH 2024**

| EXPENDITURE | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. | INCOME | 2023 - 2024 Amount in Rs. | 2022 - 2023 Amount in Rs. |
|---|---|---|---|---|---|
| To Telephone & Trunk Calls | **11,65,536** | 11,42,328 | | | |
| To Travelling Expenses | **43,04,587** | 41,98,104 | | | |
| To Vehicle Maintenance | **21,87,263** | 19,30,218 | | | |
| To Depreciation - As per annexed Statement | **3,63,82,491** | 3,60,12,120 | | | |
| **TOTAL** | **82,09,07,416** | 80,81,92,863 | **TOTAL** | **82,09,07,416** | 80,81,92,863 |

**REFERRED TO IN OUR REPORT OF EVEN DATE**
**For JSAS & ASSOCIATES**
**CHARTERED ACCOUNTANTS**
**FIRM REGN NO : 014859S**

Friends Missionary Prayer Band ★ 29, High School Road, Ambattur, Ch-53 ★

JSAS & ASSOCIATES ★ CHARTERED ACCOUNTANTS ★ FRN 014859S CHENNAI-40

**Place : Chennai**
**Date :** 21.09.2024

**JOHN BERLIN**
**GENERAL SECRETARY**

**L.NELSON**
**TREASURER**

**JOHN RAVINDRAN MOSES**
**PARTNER MEM. NO . 028566**

UDIN: 24028566BKGRAB1766

## FRIENDS MISSIONARY PRAYER BAND

29 High School Road, Ambattur, Chennai - 600053

**DEPRECIATION STATEMENT FOR THE YEAR ENDED 31ST MARCH 2024**

| PARTICULARS | W.D.V. AS ON 31 March-2023 | ADDITIONS 2023 - 2024 | DELETIONS 2023 - 2024 | GROSS BLOCK | RATE OF DEPRECIATION | DEPRECIATION AMOUNT | W.D.V. AS ON 31-MAR-2024 |
|---|---|---|---|---|---|---|---|
| Bicycle | 11,82,192 | 1,43,070 | | 13,25,262 | 10% | 1,27,010 | 11,98,252 |
| Building on Lease Land | 75,982 | - | | 75,982 | 10% | 7,598 | 68,384 |
| Buildings* | 25,86,22,111 | 1,80,63,888 | | 27,66,85,999 | 10% | 2,71,38,264 | 24,95,47,735 |
| Computer | 1,67,797 | 5,34,809 | | 7,02,606 | 60% | 2,96,247 | 4,06,359 |
| Equipment | 2,73,52,382 | 25,31,948 | | 2,98,84,330 | 15% | 43,38,262 | 2,55,46,067 |
| Four/Six Wheelers | 68,19,295 | 64,09,629 | 2,60,000 | 1,29,68,924 | 15% | 14,83,456 | 1,14,85,468 |
| Furniture & Fittings | 17,62,916 | 4,11,750 | | 21,74,666 | 10% | 2,01,884 | 19,72,782 |
| Generator | 32,42,901 | 6,95,700 | | 39,38,601 | 15% | 5,50,463 | 33,88,138 |
| Land* | 12,11,22,289 | | 7,65,753 | 12,03,56,536 | 0% | - | 12,03,56,536 |
| Motor Cycle/Scooter | 1,26,08,465 | 34,19,051 | 1,64,500 | 1,58,63,016 | 15% | 22,39,306 | 1,36,23,710 |
| Construction in Progress | - | 2,39,67,357 | - | 2,39,67,357 | 0% | - | 2,39,67,357 |
| **TOTAL** | **43,29,56,331** | **5,61,77,202** | **11,90,253** | **48,79,43,280** | | **3,63,82,491** | **45,15,60,789** |

** Reclasification of land to building*

**REFERRED TO IN OUR REPORT OF EVEN DATE**
**For JSAS & ASSOCIATES**
**CHARTERED ACCOUNTANTS**
**FIRM REGN NO : 014859S**

JSAS & ASSOCIATES ★ CHARTERED ACCOUNTANTS FRN 014859S CHENNAI-40

Friends Missionary Prayer Band ★ 29, High School Road, Ambattur, Ch-53 ★

**Place : Chennai**
**Date :** 21.09.2024

**JOHN BERLIN**
**GENERAL SECRETARY**

**L.NELSON**
**TREASURER**

**JOHN RAVINDRAN MOSES**
**PARTNER MEM. NO . 028566**

UDIN: 24028566BKGIRAB1766

## FRIENDS MISSIONARY PRAYER BAND

29 High School Road, Ambattur, Chennai - 600053

## BALANCE SHEET AS AT 31 MARCH 2024

| LIABILITIES | SCH | VALUE AS AT 31-MAR-2024 | VALUE AS AT 31-MAR-2023 | ASSETS | SCH | VALUE AS AT 31-MAR-2024 | VALUE AS AT 31-MAR-2023 |
|---|---|---|---|---|---|---|---|
| **CAPITAL FUND** | 1 | **50,97,50,339** | 52,35,81,266 | **FIXED ASSETS** | 6 | **45,15,60,789** | **43,29,56,331** |
| **FUNDS** | | | | **INVESTMENTS** | | | |
| Endowment Funds | 2 | **1,74,65,767** | 1,70,65,767 | Deposits with Banks | 7 | **40,75,48,004** | 42,37,65,893 |
| Staff Benefits Funds | 3 | **23,04,90,642** | 22,71,99,913 | **CURRENT ASSETS** | | | |
| Others Funds | 4 | **15,76,04,947** | 15,75,99,197 | Loans and Advances | 8 | **6,13,36,217** | 7,60,32,778 |
| | | | | TDS Receivable | | **34,38,045** | 17,83,861 |
| **CURRENT LIABILITES** | 5 | **4,22,08,392** | 3,97,25,550 | Security and Caution Deposit | | **5,67,840** | 5,67,840 |
| Earnest Money Deposit | | **85,943** | 85,943 | Cash in Hand | | **2,63,100** | 8,01,870 |
| | | | | Cash at Bank | 9 | **3,28,92,034** | 2,93,49,062 |
| **TOTAL** | | **95,76,06,030** | 96,52,57,636 | **TOTAL** | | **95,76,06,030** | 96,52,57,636 |

**REFERRED TO IN OUR REPORT OF EVEN DATE**
**For JSAS & ASSOCIATES**
**CHARTERED ACCOUNTANTS**
**FIRM REGN NO : 014859S**

**Place : Chennai**
**Date :** 21.09.2024

**JOHN BERLIN**
**GENERAL SECRETARY**

**L.NELSON**
**TREASURER**

**JOHN RAVINDRAN MOSES**
**PARTNER MEM. NO . 028566**

UDIN: 24028566BKGIRAB1766

**NOVEMBER**

**1**

**શુક્રવાર**

*Happy Birthday*

શ્રી કેથીએન્ગીન વાઈફેઈ
શ્રી થાંદલાલ ઝોઉ
શ્રીમતી મેરી મુર્મુ દિનેશ

# જમ્મુ અને કાશ્મીર

## મજલદા :

### વસાવે ઈલેશ પ્રભુ અને વસાવે સુનીતા વાચ્યા

**સ્તુતિ :** ૪ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવ હતી જે ૨૫૬ લોકોએ સાંભળી હતી. પ્રવર્તમાન પ્રતિબંધો છતાં મહાસા અને ભગત લોકજૂથો સુવાર્તા પ્રત્યે સારો પ્રતિભાવ આપી રહ્યા છે. થાથી ગામમાં ગુણીચંદ અને જ્ઞાનચંદ નવા સંપર્કો થયા છે. ૧૩ વર્ષથી માનસિક હતાશાથી પીડીત બલવંત સિંહ અને રાકેશ કુમારને પ્રાર્થના દ્વારા મુક્તિ મળી હતી. આપણા મિશનરીના પત્નીના વાહનના નીચે કૂતરુ આવતા તેઓ નીચે પછડાઈને ઘાયલ થયા હતા, પ્રભુની કૃપાથી તેમને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આ ક્ષેત્રમાં રવિવારની આરાધના સંગત માટે નવું આરાધના કેન્દ્ર મળે એ માટે. સેલા, મનવાલ અને રામકોટ વિશ્વાસમાં વૃદ્ધિ પામી રહ્યા છે, પરંતુ તેમના સમુદાયના વિરોધના ડરથી જાહેરમાં તે સ્વીકારવામાં અસમર્થ છે. ગામડાઓમાં બાળકો માટે સેવાકાર્ય શરૂ થયું છે જે તેમના માતાપિતાને ઈશ્વરના વચનો તરફ દોરવામાં ખૂબ અસરકારક નીવડે એ માટે. પહાડોમાં રહેતા મહાસા, ભગત, ચમાર લોકજૂથો માટે ઈશ્વર દરવાજા ખોલે એ માટે.

## આર.એસ. પુરા :

### એન. લુનમિન્થાંગ બાઈટ અને લેમનેઈટીંગ ટૌથાંગ

**સ્તુતિ :** અગાસા પ્રભુમંદિરની સંગતો હવે પુનઃ શરૂ થઈ છે. વિજય અને પ્રિયાને પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે સંતાનપ્રાપ્તિ થઈ છે. ૫ ગામોમાં ૭૫૦ લોકોને સુવાર્તા વહેંચવામાં આવી હતી.

**પ્રાર્થના :** કુલિયન પ્રભુમંદિરનાં વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ માટે કે તેઓ પાછા ફરે. પાપલી દેવીને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. કુલિયાન અને અગાસા પ્રભુમંદિરોમાં નાના પ્રાર્થના એકમો શરૂ કરવામાં આવે એ માટે. ઘાટરપુર અને તાલુકાન પ્રભુમંદિરના વિશ્વાસીઓ વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. પડલા ગામમાં આરાધના જૂથ શરૂ કરવાના પ્રયાસો ફળદાયી બને એ માટે.

# હિમાચલ પ્રદેશ

## કરસોગ :

### પવન કુમાર અને પ્રભાશિની દેવી

**સ્તુતિ :** સુષ્માએ તેના પતિ - રીકુ માટે ઉપવાસસહિત પ્રાર્થના કરી, જે બેરોજગાર હતા અને ઈશ્વરપિતાની અપાર કૃપાથી, તેમને સહાયક પોલીસ તરીકે નોકરી મળી હતી. પ્રિયા જે મોં અને પેટના અલ્સરથી પીડિત હતી તેને ઈશ્વરપિતાએ પ્રાર્થના દ્વારા સાજાપણું આપ્યું હતું. એલર્જીથી પીડીત આપણા મિશનરીને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** શ્રીનાનક સિંઘ કેન્સરના અંતિમ તબક્કામાં છે તેમને ઈશ્વરપિતા સંપૂર્ણ સાજાપણું આપે એ માટે. ગોકુલરામ એક અકસ્માતમાં તેમના બંને હાથ ગુમાવ્યા હતા તેમના સાજાપણા માટે. તેમની પુત્રી ડેઝીને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી

**NOVEMBER**

# 2

**શનિવાર**

મુક્તિ મળે એ માટે. સુનીલને તેમના વિસ્તારના આગેવાન તરીકે પસંદ કરવામાં આવ્યા છે તે સાક્ષીરૂપ જીવન જીવે એ માટે. રામલાલની પત્નીને માંદગીમાંથી સાજાપણું મળે એ માટે.

## રોહરુ :

### જોન્સન સંકર અને જેબરાની

**સ્તુતિ :** ૩ વ્યક્તિઓએ તેમના પાપી જીવનમાંથી પસ્તાવો કર્યો છે અને ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે. બીજા માળેથી પડી ગયેલા અને બોલવાની શક્તિ ગુમાવનાર હરસિંહને તેની પૌત્રીએ પ્રાર્થના કરાવી હતી અને સારવાર બાદ તેમને સાજાપણું મળ્યું હતું. TAFTEE દ્વારા બાઈબલની તાલીમ પામેલા ૫ લોકો સ્નાતક થયા હતા. અકસ્માતનો ભોગ બનેલા સ્થાનિક સુવાર્તિક વિકીનો કોઈ મોટી ઈજા વિના બચાવ થયો હતો. દાનવીને બી.એસ. સી ફોરેસ્ટ્રી શીખવા માટે પ્રવેશ મળ્યો હતો.

**પ્રાર્થના :** નાયરા તેના પેટમાં માંસની વધારાની વૃદ્ધિને કારણે પીડાઈ રહી છે, તેના સાજાપણા માટે. પૂનમને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ઘરમાં પ્રવેશેલા બ્લેક કોબ્રા સાપથી જીનાનો બચાવ થયો હતો.

## આન્રી :

### ગિન સોમ અને ચિંગ હોઈકિમ

**સ્તુતિ :** ૨ વ્યક્તિઓએ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો હતો અને પ્રભુમંદિરના સભ્યો બન્યા હતા. આયોજીત વીબીએસમાં ૨૫ બાળકોએ હાજરી આપી હતી અને પ્રભુના વચનો સાંભળ્યા હતા. નટ્ટર સિંહને હૃદયની બિમારી હતી તે સ્વસ્થ થઈ રહ્યા છે. વર્ષાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી.

**પ્રાર્થના :** આપણા નવા વિશ્વાસી હેમા દેવી અને તેમનો પરિવાર શેતાની હુમલાઓને કારણે વારંવાર બિમાર રહે છે તેમની મુક્તિ માટે. મહેશના પરિવારની મૂંઝવણો દૂર થાય એ માટે. તા.૧૪ મીએ મંડળીના વિશ્વાસીઓ સાથે પ્રાર્થના જૂથના સભ્યો માટે નીતર ગામમાં ઉપાવસ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું છે જે કોઈ પણ વિરોધ વિના સફળ થાય એ માટે. રાજકુમાર તેની ખરાબ મિત્રતામાંથી છુટકારો મેળવે અને તેના માતાપિતાની આજ્ઞા પાળે એ માટે.

## રેકોંગપેઓ :

### એ. શંકર અને રૂથ મેરી

**સ્તુતિ :** જીસસ ફિલ્મ પ્રથમ વખત ૩ ગામોમાં દર્શાવવામાં આવી હતી. નવા સંપર્કો સુનિતા, વિમલા, જેર્મા, રાજકુમાર અને સાવિત્રી જેઓ સાંકલા ગામમાં આરાધના સેવામાં ભાગ લઈ રહ્યા છે. રાજુરિયાના પરિવારને તેમની પ્રાર્થનાના જવાબમાં એક બાળકનો આશીર્વાદ મળ્યો. પ્રાર્થના અને સારવાર બાદ સાંથિયાને લીવરની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** કેન્સરના છેલ્લા સ્ટેજમાં રહેલા ઈમાનસિંહના પિતા બિરમાના દૈવીય સાજાપણા માટે. ખ્રિસ્તી વિરોધી તત્વો કે જેઓ સુવાર્તાની વિરુદ્ધ કામ કરવાનું કાવતરું કરે છે તેઓ તેમની યોજનાઓ રોકે અને પસ્તાવો કરે એ માટે. ગુબીરાજને મસાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

NOVEMBER

3

રવિવાર

*Happy Birthday*

શ્રીમતી માર્ગારિટ જ્યોતિમની અસીર

## જેઓરી :

### જામખોંગમ અને ઈરેન લેથેનમોંગ હોઆકીપ

**સ્તુતિ :** નવા ૧૬૫ લોકોને સુવાર્તાનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. ૧૩ ગામોમાં ફોલોઅપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. પાંડુરોગની સમસ્યાને કારણે નિસ્તેજ દેખાતા કેયાનને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. પિયાંસા ગામમાં ૧ પરિવાર ઈશ્વરપિતાની કૃપાથી વિશ્વાસમાં આવ્યો છે.

**પ્રાર્થના :** રામકલીને તેની નબળાઈમાંથી સાજાપણું મળે એ માટે. રાજકુમારના શરીરમાં યુરિક એસિડનું સ્તર ઉંચુ છે તેને કારણે તેની કિડની કામ કરતી નથી, તેના સાજાપણા માટે. વિશ્વાસમાં નબળા પડેલા ઉષા અને પાહી વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક હીરાલાલની બહેન દ્વારા જમીન ખરીદીના કેસમાં સૌહાર્દપૂર્ણ ચુકાદો આવે એ માટે.

# પંજાબ

## માનસા :

### દેબ્રતા બિસ્વાસ અને માન્ના સિંહ

**સ્તુતિ :** પીઠના દુઃખાવાને કારણે નોકરી ગુમાવનાર મંજીથ સિંહને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું છે અને તેમને બીજી નોકરી મળી છે. સંદીપ પ્રાર્થના દ્વારા નવું ઘર ખરીદી શક્યો હતો. જ્યારે વિશ્વાસીઓએ પ્રાર્થના કરાવી ત્યારે ગુરુશરણ કૌરને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. સ્થાનિક સુવાર્તિક સતપાલના પુત્રને સારી નોકરી મળી હતી.

**પ્રાર્થના :** સુરજીત સિંહને જમીનના મુદ્દે કોર્ટ કેસમાં સકારાત્મક ચુકાદો મળે એ માટે. પુરજીત, પ્રેમકલાન, ઉર્ધા અને શિદાવડા ગામોમાં આયોજીત સુવાર્તાની સભા ફળદાયી બને એ માટે. નોકરી માટે અન્ય રાજ્યોમાં સ્થળાંતર કરનારા કામદારોના રક્ષણ અને વિશ્વાસમાં ટકી રહે એ માટે.

## અહેમદગઢ મંડી :

### કૃપા રક્ષા બરે અને શકેના

**સ્તુતિ :** આ ક્ષેત્રમાં ૩ દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થના કરવામાં આવી હતી, ઘણા સ્થાનિક સુવાર્તિકો અને વિશ્વાસીઓએ તેમાં ભાગ લીધો હતો અને લોકોના તારણ માટે પ્રાર્થના કરી હતી. બલેવલ, આલમકીર અને લાલદાલા ગામોમાં પ્રથમ વખત વ્યક્તિગત સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઈશ્વરપિતાએ હરપ્રીતને સાપના ડંખથી, નિકીતાને આંતરડાના ચેપથી, દીપકને કમળો અને ટાઈફોઈડમાંથી સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** જેઓ ખ્રિસ્ત પરના તેમના વિશ્વાસની જાહેરાત કરવામાં ડરતા હોય છે તેઓ તેમનો ડર ત્યજી દે અને તેમનો વિશ્વાસ જાહેરમાં કબૂલ કરે એ માટે. સર્વાઈકલ ટ્યુમરથી પીડીત મનપ્રીત કૌરને, રીનાને ટીબી અને દીપકને લિવરની બિમારીમાંથી ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. આગામી મહિનાઓમાં વિશ્વાસીઓ માટે મેળાનું આયોજન સફળતાપૂર્વક થઈ શકે, સરકાર તરફથી જરૂરી પરવાનગીઓ મળે, મેળા માટે જરૂરી ભંડોળ અને સાધનો મળી રહે અને એ પ્રસંગ આશીર્વાદિત બની રહે એ માટે.

NOVEMBER
# 4
સોમવાર

***Happy Birthday***

શ્રીમતી મુથા રત્ના કુમારી સતીષ

## જૈતો :

### ચિત્તરંજન તેન્ડી અને તેજસ્વીતા

**સ્તુતિ :** ૫ વ્યક્તિઓએ પ્રભુનો સ્વીકાર કર્યો હતો અને તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. પ્રભુમંદિરના વડીલોને આત્માઓ જીતવા માટેની તાલીમ આપવામાં આવી હતી. સતત પ્રાર્થનાને કારણે મોનિકાને કરોડરજ્જુની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું જેમાં તે ૭ વર્ષથી સંઘર્ષ કરી રહી હતી. બલવિંદર સિંહને સરકારી નોકરી મળી હતી. જૈતો પ્રભુમંદિરની આસપાસ કમ્પાઉન્ડની દીવાલ બનાવવામાં આવી છે અને તેની સીમાઓ સુરક્ષિત કરવામાં આવી છે.

**પ્રાર્થના :** સુવાર્તામાં રસ બતાવનાર સોગનલાલ પ્રભુનો સ્વીકાર કરે એ માટે. જેસપાલ, રાની કૌર, રાજેન્દ્ર અને મિનથર સિંહ જલ્દીથી પ્રભુનો સ્વીકાર કરે એ માટે. ધરમસિંહ, ધરનબીર સિંહ અને જસબન સિંહ તેમના વિશ્વાસમાં મજબૂત રહે એ માટે. ચોમાસા પછી હરિયાણા અને રાજસ્થાનમાં કપાસના ખેતરોમાં કામ કરવા ગયેલા આપણા વિશ્વાસીઓના રક્ષણ માટે અને તેઓ ઈસુમાં વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે.

# હરિયાણા

## રતિયા :

### કાર્તિકેયન અને જયંતિ

**સ્તુતિ :** ૨ વ્યક્તિઓએ ઈસુને તેમના તારનાર તરીકે સ્વીકાર્યા હતા. વિક્રમને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. ૮ સ્થળોએ ફિલ્મ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. સીમા રાની અને હરપ્રીતસિંહને ટાઈફોઈડ અને ચેપી રોગમાંથી સાજાપણું મળ્યું હતું. મંજુ રાનીને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. મહિલાઓની પ્રાર્થના સંગત વ્યવસ્થિત રીતે ચાલી રહી છે.

**પ્રાર્થના :** મૃત્યુ પામેલા અક્કો અને રમેશના પરિવારના સભ્યોને દિલાસો મળે એ માટે. લક્ષ્મી સ્તનની ગાંઠમાંથી સાજાપણું પ્રાપ્ત કરે એ માટે. બલવીરસિંગને તેના દારૂના વ્યવસાયને બદલે

### ઈસુ મહાન ઉપચારક

હિમાચલ પ્રદેશના મંડી જીલ્લાના કરસોગમાં આપણા વિશ્વાસીઓમાંથી એક અંજુ દેવી કામ કરી રહી હતી ત્યારે તેના ગળામાં પાઈપનો ટુકડો વાગી ગયો અને અંદરથી તૂટી ગયો. શ્વાસ લેવામાં તકલીફ થતાં તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ડોક્ટરોએ તેણીની તપાસ કરી અને શસ્ત્રક્રિયાની સલાહ આપી, ત્યારે વિશ્વાસીઓ એકઠા થયા અને તેના માટે ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી. દરેકના આશ્ચર્ય વચ્ચે, કોઈપણ સર્જરી વિના, પાઈપનો તૂટેલો ટુકડો તેના નસકોરામાંથી બહાર આવ્યો. હાલેલુયાહ.

NOVEMBER 5 મંગળવાર

*Happy Birthday*

કુ. જયશ્રી એસ.

વૈકલ્પિક વ્યવસાય મળે એ માટે. ઈશ્વરપિતા સોથ અને રામને શ્વાસની બિમારીમાંથી અને અમર, બબલી અને બોબીને ટીબીમાંથી સાજાપણું આપે એ માટે. સીરા, કિરાના અને સથુપાલને દારૂના વ્યસનમાંથી અને રેખા અને લકવિન્દરને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે.

## જીવન નગર :

### અલિયાકીમ જેના દીપીકા

**સ્તુતિ :** વડીલો માટે આયોજીત કાર્યક્રમ તેમને પ્રભુમંદિરમાં સેવાકાર્યમાં જવાબદાર બનવા માટે પ્રોત્સાહિત કરે છે. ડબાવલીમાં મહિલા તાલીમ કાર્યક્રમમાં ૩૪ મહિલાઓએ ભાગ લીધો હતો અને ઈશ્વરના વચનોનો આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. લાંબા સમય પછી, ઈશ્વરપિતાએ અબુબશહેર પ્રદેશમાં યોજાનાર સત્સંગ માટેના દરવાજા ખોલ્યા હતા. ૨૦૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી અને તેમની વચ્ચે ૨૦ નવા કરારનું વિતરણ કરવામાં આવ્યું હતું. વાલ્મિકી અને મહાસા લોકજૂથોમાં નવા પરિવારોને ખ્રિસ્ત પાસે આવવાની તક આપવા માટે.

**પ્રાર્થના :** ડબાવલીના ગોપાલ રામ પરિવાર માટે જેમણે મિશનરીને તેના પરિવારને ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ તરફ દોરી જાય તે માટે પ્રાર્થના કરવા આમંત્રણ આપ્યું હતું. અબુબશેહર ગામમાં નિયમિતપણે સત્સંગ અને વિશ્વાસીઓની મીટીંગ યોજવામાં આવે છે, જેથી લોકો તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામે અને નવા લોકોને ખ્રિસ્તના વાડામાં લાવે એ માટે. વાલ્મિકી, માલી, કુમ્હાર, મહાસા અને ધનક લોકજૂથ માટે કે જેઓ મંડળીની તમામ પ્રવૃત્તિઓમાં હાજરી આપે છે, પરંતુ હજુ પણ ખ્રિસ્ત પર તેમના વિશ્વાસની જાહેર કબુલાત માટે ડરે છે, તેઓ નીડર બને એ માટે.

# રાજસ્થાન

## ખેરવાડા/બિલડિયા :

### દેવુભાઈ ગંગાજુભાઈ ભોયા અને જમુબેન

**સ્તુતિ :** ૨૮ લોકોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને વિશ્વાસ જાહેર કર્યો હતો અને પ્રભુમંદિરના સભ્યો બન્યા હતા. મધુગામડા ગામ ખાતે નવી સંગત શરૂ કરવામાં આવી છે. ઓસ્લો, નારાયણબા અને અમરપુરા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઘણાએ અંત સુધી સુવાર્તા સાંભળી હતી. ૩૦ લોકોએ પ્રાર્થના માટે વિનંતી કરી છે. ઘણા બીમાર લોકો પ્રાર્થના માટે આવ્યા હતા. ઈશ્વરપિતાની કૃપાથી નીલેશને ટીબીમાંથી અને જીવાને લકવામાંથી સાજાપણુ પ્રાપ્ત થયું હતું.

**પ્રાર્થના :** તમામ ગામોમાં વિરોધને કારણે, વિશ્વાસીઓ પ્રભુમંદિરમાં આવતા અચકાય છે. વિશ્વાસીઓ વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. ૮ મહિનાથી રક્તસ્રાવની બિમારીથી પીડીત રીનાને સાજાપણું મળે એ માટે. ઓડપેડા ગામના ક્રિષ્નાને અચાનક આવેલી બહેરાશમાંથી સાજાપણું મળે એ માટે. મનસુખ, દીપીકા, હંસા અને સમાસને ટીબીમાંથી સાજાપણું મળે એ માટે. મધુગામડા ગામમાં શરૂ કરાયેલ આરાધના કેન્દ્ર વૃદ્ધિ પામે એ માટે.

NOVEMBER 6 બુધવાર

ઉપવાસ પ્રાર્થના દિવસ

## હનુમાનગઢ :

### મુધાવથુ રાજુ નાઈક અને ભુક્યા ઝાંસી

**સ્તુતિ :** ૨ વ્યક્તિઓએ ખ્રિસ્ત પર તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. તેમની પ્રાર્થનાને કારણે, કિરીશને ઘણા વર્ષો પછી બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. ઈશ્વરપિતાએ આપણા વડીલ રપ્પિસિંગનો ઉપયોગ વિસ્તારના યુવાનો વચ્ચેના સંઘર્ષને ઉકેલવા માટે કર્યો છે. ઈશ્વરપિતાએ રમેશને નવો ધંધો શરૂ કરવામાં મદદ કરી છે. જ્યારે તેમણે ઘરમાં કેટલીક મૂંઝવણો માટે ઉપવાસ કર્યો હતો, ત્યારે આપણા ઈશ્વરપિતાએ આપણા વડીલ પાલદેવના પરિવારને શાંતિ પ્રદાન કરી હતી.

**પ્રાર્થના :** આંતરડાના ચેપથી પીડીત જક્સરના સાજાપણા માટે. મલકિત સિંહ અને પ્રેમજીત સિંહને વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. માનપ્રાસ પ્રભુમંદિરના વડીલો અને વિશ્વાસીઓ કે જેઓ ખ્રિસ્તની સુવાર્તા પ્રચાર માટે કોઈ રસ દાખવતા નથી, ઈશ્વરપિતા તેઓના હૃદયોને સ્પર્શે એ માટે.

## સમરાનિયા :

### મીનુગા અડેપ્પા અને રામપુરમ પેદક્કા

**સ્તુતિ :** ૯ વ્યક્તિઓએ પ્રભુ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. આયોજીત યુવા મીટીંગમાં ૨૮ યુવાનોએ ભાગ લીધો હતો અને સાક્ષીરૂપ જીવન જીવવા માટે અને આત્માઓ જીતવામાં સામેલ થવાનો સંકલ્પ લીધો હતો. ૬૫ લોકોએ ૨ દિવસીય ઉપવાસ પ્રાર્થનામાં ભાગ લીધો હતો અને તેમના પોતાના લોકોના તારણ માટે પ્રાર્થના કરી હતી. ૩ ગામોમાં શોધકમિત્રો માટે શિબિરો યોજાઈ હતી.

**પ્રાર્થના :** સિકરી ચર્ચના વડીલના પસ્તાવા માટે જેઓ દાનના પૈસા પોતાની પાસે રાખે છે અને તે પોતાના હોવાનો દાવો કરે છે. સાપ કરડવાથી મૃત્યુ પામેલી નાની દીકરીના પિતા કાળુભાઈને ઈશ્વરપિતા સાંત્વના આપે એ માટે. બાયકા બરેલા કીડનીની પથરીમાંથી સાજાપણું મેળવે એ માટે. કૈલાસ માટે કે જેઓ કિડનીની પથરીમાંથી સાજાપણું મેળવે અને સેવાકાર્યમાં નિયમિત રહે અને મદદરૂપ બને એ માટે.

## ઝુનઝુનુ :

### ડી. અરુલરાજ એબેનેઝર અને દેબોરાહ ડી રોઝલિન

**સ્તુતિ :** શર્મિલાની પુત્રી લવલીને સુવાર્તા પ્રગટ કરી હતી કે જે કેન્સરના ચોથા તબક્કામાંથી પસાર થઈ રહી છે. શીતલ અને ભાગ્યશ્રીએ ઈસુ પર વિશ્વાસ કર્યો છે. ૯ કિશોરો નિયમિતપણે ઓનલાઈન ટીન્સ બાઈબલ ક્લબમાં ભાગ લઈ રહ્યા છે જેથી તેઓ તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામે. રાજેશ જે પ્રાર્થના દ્વારા તેમના જીવનમાં એક મોટું પરિવર્તન જોઈ રહ્યા છે. આપણી શાળાના સાથીદારો માટે જેમની સાથે અમે સુવાર્તા પ્રગટ કરવા સક્ષમ છીએ.

**પ્રાર્થના :** એ.જી. મંડળના યુવાનો કે જેમની સાથે અમે બાઈબલ અભ્યાસ કરીએ છીએ, તેઓ તેમની આજીવિકા માટે સારી નોકરીઓ પ્રાપ્ત કરી શકે એ માટે. કોમલ જે વિશ્વાસમાં વૃદ્ધિ પામી રહી છે તે એક સારો ખ્રિસ્તી જીવનસાથી શોધી શકે એ માટે. જે બાળકો સન્ડે સ્કૂલમાં કોઈ રસ દાખવતા નથી અને વિશ્વાસમાં નબળા પડતા હોય છે, તેઓ પ્રભુ તરફ પાછા ફરે એ માટે. કમલસિંહ, કૌશિક અને અમિતના પરિવારો ખ્રિસ્તી હતા, પરંતુ હવે વિશ્વાસમાં નબળા પડ્યા છે, તેમના પસ્તાવા માટે.

**NOVEMBER 7**
ગુરૂવાર

## *Happy Birthday*

શ્રી બાલાસુબ્રમનિયન પી. @ સિમોન પીટર

### અલવર હોમ :

### કે. બંગારુ નાયડુ અને અનુરાધા

**સ્તુતિ :** ૬ વ્યક્તિઓએ પ્રભુનો સ્વીકાર કર્યો હતો અને ઈસુના વાડામાં ઉમેરાયા હતા. રાત્રી મીટીંગો, ફિલ્મ સેવાકાર્ય, મહિલા અને બાળકોની શિબિરો સફળતાપૂર્વક આયોજીત થઈ શકી હતી. દુલૈડા ગામના મનોજ સુવાર્તામાં રસ દાખવે છે. ૩ દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થના આશીર્વાદરૂપ રહી હતી. જયારામ, સરોજ અને સીમાને અશુદ્ધાત્માના બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

**પ્રાર્થના :** કાંધીગા ગામની આશા, કાજલ, રાધા અને પૂનમ વિશ્વાસમાં પાછા ફરે એ માટે. અકસ્માતમાં ફુલચંદના ગળાના હાડકામાં ફ્રેક્ચર થયું છે, તેમને ઝડપથી સાજાપણું મળે એ માટે. રાજકુમારના બે પુત્રોને સારી નોકરી મળે એ માટે. ઈશ્વરપિતા ધર્મસિંહને માનસિક બિમારીમાંથી, રમેશને કેન્સર, કાળાભાઈને ટીબી, લકવો અને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ આપે એ માટે.

## ઉત્તરાખંડ

### બઝપુર :

### ક્રિશ્ચિયન પ્રકાશ અને સુમિત્રાબેન

**સ્તુતિ :** સીતાપુર અને શાંતિપુર ગામમાં નવા આરાધના જૂથો બન્યા છે. સુંદરલાલ જયારે બાંધકામના સ્થળે બીજા માળેથી પડી ગયા ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. ભાંસીગાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. પ્રેમભાઈએ પ્રાર્થના દ્વારા તેમની દ્રષ્ટિ પાછી મેળવી હતી.

**પ્રાર્થના :** કાસિનીબેનને શ્વાસની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. પૂજાને આધ્યાત્મિક જીવનસાથી મળે એ માટે. પૂજાને યોગ્ય શિક્ષિત ખ્રિસ્તી જીવનસાથી મળે અને ૧૬ વર્ષના આશિષને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. કાલાઝર નામના ચેપથી વારંવાર પીડિત વિનોદને સાજાપણું મળે એ માટે.

### નાનકમટા :

### વી. રામાસામી જેરોમ અને એન્ટોની રાજમ

**સ્તુતિ :** ૬ વ્યક્તિઓએ તેમનું જીવન ઈશ્વરને સમર્પિત કર્યું છે અને નવો જન્મ મેળવ્યો હતો. જીથ સિંહને હર્નિયાથી સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાએ સંથવિંથરને દૂધની નવી દુકાન ખોલવામાં મદદ કરી હતી. જંતુનાશક દવાનો છંટકાવ કરતી વખતે શિવાનીએ થોડો શ્વાસ લીધો અને બેહોશ થઈ ગઈ હતી પરંતુ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ચમત્કારિક રીતે સાજાપણું મળ્યું હતું. સુંદર કોલોનીના વિશ્વાસીઓ સતત સતાવણી પામ્યા પછી પણ તેમના વિશ્વાસમાં દ્રઢ છે.

**પ્રાર્થના :** સિંથાર સિંહના સાજાપણા માટે, જેમના બંને હાથમાં સોજા છે અને કામ કરી શકતા નથી કે ખાઈ શકતા નથી. ગુરપ્રીત સિંહ - મંજીથ ગૌર દંપતિ લગ્નના ૮ વર્ષ બાદ પણ નિ:સંતાન છે, તેઓને સંતાનપ્રાપ્તિ થાય એ માટે. રાજીવ આંતરડાના કેન્સરથી સાજાપણું પ્રાપ્ત કરે એ માટે. લવજીથ સિંહને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

NOVEMBER
8
શુક્રવાર

## દિનેશપુર :

### શિવકુમાર અને સુસીલા માર્ગ

**સ્તુતિ :** ૫ વ્યક્તિઓએ પ્રભુ પરના તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. પ્રાર્થનાના કારણે ગીતાને સંતાન પ્રાપ્તિ થઈ હતી. પ્રાર્થના અને સારવાર બાદ ઓમપ્રાક્ષની દ્રષ્ટિ પાછી આવી હતી. પ્રાર્થનાને કારણે તેજાબાજા સામેના ખોટા કેસમાં ન્યાય પ્રાપ્ત થયો હતો.

**પ્રાર્થના :** પ્રભુમંદિરના વડીલ રાજ રાનીને ૨ હાર્ટ એટેક આવ્યા હતા તેમના સંપૂર્ણ સાજાપણા માટે. પરમજીત પરિવાર કે જેમણે સુવાર્તા સાંભળી હતી તેઓ સુવાર્તા પ્રત્યે લક્ષ્ય આપે એ માટે. બબલુ અને અનારકલીના પરિવારો નોકરી માટે સ્થળાંતર કરી ગયા છે તેઓ સુરક્ષિત રહે અને તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. ઈશ્વરપિતા માનસિંહ પરિવારને દારૂના વ્યવસાયને બદલે વૈકલ્પિક આજીવિકા પ્રદાન કરે એ માટે. કાજલ કૌર જેણે તેણીનું નવજાત બાળક ગુમાવ્યુ હતું ઈશ્વરપિતા તેણીને દિલાસો આપે એ માટે.

# ઉત્તરપ્રદેશ

## જાલૌન :

### રાકેશ રતિલાલ ગાવિત અને ઈરગર રેશ્મા મારુતિ

**સ્તુતિ :** ૧ ગામમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૧ નવો કરાર આપવામાં આવ્યો હતો. ૪ વ્યક્તિઓએ ખ્રિસ્તમાં તેમનો વિશ્વાસ કબૂલ કર્યો અને વિશ્વાસીઓના સમૂહમાં જોડાયા હતા. ગૃહ મુલાકાતો અને ફોલોઅપ સેવાકાર્ય દ્વારા વ્યક્તિગત પ્રચાર કરવામાં આવ્યો હતો. વિશ્વાસનો જાહેર કબૂલાતનો કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો હતો. ભગવાનપુરા અને ગોરુબપુરા ખાતે ખ્રિસ્તી સંગતની મીટીંગ સંખ્યામાં અને ખ્રિસ્તમાં વૃદ્ધિ પામી રહી છે. આ રાજ્યમાં સુવાર્તા પ્રચાર વધુને વધુ મુશ્કેલ બની રહ્યો હોવા છતાં, પ્રાર્થનાઓ હજી પણ આપણા સેવાકાર્યમાં અજાયબીઓનું કામ કરે છે. મોંગરેલ ગામમાં નવી સંગત શરૂ કરવામાં આવી છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા ઘણા નવા ગામોમાં, ખાસ કરીને લાલપુરા ગામમાં સુવાર્તાની જાહેરાત કરવા માટે દરવાજા ખોલે એ માટે. લીરના સોજાથી પીડિત ચાહતને સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. નરેન્દ્ર અને રામબહાદુર માટે કે જેમને તેમના પરિવારની સમસ્યાઓમાં ખ્રિસ્ત ઈસુમાં સમાધાન અને શાંતિ પ્રાપ્ત થાય એ માટે.

## સિકંદરા :

### પચીયાભાઈ અને સવિતાબેન

**સ્તુતિ :** ૧ ગામમાં સુવાર્તા પ્રચાર અને ૧૫ ગામોમાં ફોલોઅપ સેવાકાર્ય સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યા હતા. ૪ ગામોમાં ચાલી રહેલા બાઈબલ અભ્યાસ લોકોને આધ્યાત્મિક રીતે વૃદ્ધિ પામવામાં મદદ કરે છે. નંથુ ગામના વિશ્વાસી સતીષે કિડનીની પથરીને કારણે પેશાબ કરવાનું બંધ કરી દીધું હતું. ઈશ્વરપિતાએ ડોક્ટરોને શસ્ત્રક્રિયા કરીને કિડનીની પથરી દૂર કરીને સતીશને સાજા થવામાં મદદ કરી હતી. પ્રભુમંદિરનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. રામપાલ, જીતેન્દ્ર અને આકાશના પરિવારો સુવાર્તામાં રસ ધરાવે છે.

**પ્રાર્થના :** સુવાર્તામાં રસ ધરાવતા પરિવારો માટે

**NOVEMBER**

**9**

**શનિવાર**

***Happy Birthday***

શ્રી ચેલાદુરાઈ જે.
શ્રી જેરાલ્ડ ઝેવિયર

હિંમતભેર તેમના વિશ્વાસની જાહેર કબૂલાત તરફ દોરી જાય. નિનોહરા, નંથુ અને લાડપુર ગામોમાં શરૂ થનારી આરાધના સેવાઓ માટે. ધર્મેન્દ્રને કેન્સર અને માનસિંગને લકવાની બિમારીમાંથી સાજાપણા માટે.

## ક્ષેત્ર સંશોધન અને દસ્તાવેજીકરણ :

### એલ. મસિલામનિ, જે. એડવર્ડ જેબાસિંગ અને એગ્નેસ

**સ્તુતિ :** ૫ નિવૃત્ત મિશનરીઓની મુલાકાત લેવામાં આવી હતી અને વિડિયો દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આંધ્ર રાજ્યમાં પૂર આવ્યું હતું અને ટ્રેનો રદ કરવામા આવી હતી ત્યારે પણ આયોજીત સેવાકાર્ય ઈશ્વરપિતાની કૃપાથી અવરોધ વિના ચાલ્યુ હતું. ઈશ્વરપિતાએ અમને બેલદીહા ક્ષેત્રમાં ગોંડપાડુ પ્રભુમંદિર અને તમિલનાડુ થાલી મંડળીનો ઈતિહાસ લખવાનું પૂર્ણ કરવા સક્ષમ બનાવ્યા હતા. આપણા વરિષ્ઠ મિશનરી રેવ. વી. થોમસ અને સ્થાનિક સુવાર્તિક શ્રી પેથુરુ મુનિયપ્પાએ મંડળીના ઈતિહાસના આ સંકલમાં મદદ કરી હતી.

**પ્રાર્થના :** યુપીના મધુરાના ૫ અને હસિયાબાદના ૪ લોકોને ધર્માંતરણ વિરોધી અધિનિયમ હેઠળ રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. ઈશ્વરપિતા આ રાજ્યમાં કામ કરતા તમામ મિશનરીઓને રક્ષણ પૂરૂ પાડે અને અને જુલમીઓ પસ્તાવો કરે માટે. ઈશ્વરપિતા રેવ. વી. થોમસને ગળાની સમસ્યાથી અને હેપ્ઝી પૉલ રેન્ગાનાથનને સ્મૃતિભ્રંશની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. એફએમપીબીની તમામ માહિતી અને દસ્તાવેજોને કાયમી ધોરણે સુરક્ષિત કરવાની રીતો અને માધ્યમો ઈશ્વરપિતા પૂરા પાડે એ માટે. ચેલાચંથીરામ મંડળીના ઈતિહાસનું સંકલન કરવામાં અને થાલી ક્ષેત્રના ઈતિહાસને તમિલમાં અનુવાદિત કરવામાં ઈશ્વરપિતા અમને મદદ કરે એ માટે. મંડળીના ઈતિહાસનું દસ્તાવેજીકરણ કરતી વખતે તમામ જરૂરી દસ્તાવેજો મળે એ માટે.

## મધ્યપ્રદેશ

## ખરગોન :

### બિનિત પ્રસાદ બર્ધન અને અમોજીતા બિનિત

**સ્તુતિ :** પેટમાં સોજાથી પીડીત ચિપ્પપુરા ગામના બહાદુરભાઈને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. મંગલબેડા ગામમાં સુવાર્તા પ્રચાર ફળદાયી રહ્યો હતો કારણ કે ૮ વ્યક્તિઓએ વિશ્વાસની જાહેર કબૂલાતમાં ખ્રિસ્તમાં તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. તુલિયા ગામની એક મોટી બહેન ૫ વર્ષથી તીવ્ર પગના દુ:ખાવાથી પીડાતી હતી, અમે તેમના માટે પ્રાર્થના કરી ત્યારે તેમને ચમત્કારિક સાજાપણું મળ્યું હતું. નયા નગર ગામની એક યુવતી શિવાનીને વીજળીનો શૉક લાગ્યો હતો, અમે પ્રાર્થના કરી હતી ત્યાર બાદ ઈશ્વરપિતાએ તેણીને સાજાપણું આપ્યું હતું. જુનાપાણી નવલપુર અને બાદલ પુરા ગામમાં નવી મીટીંગો શરૂ કરવામાં આવી છે.

**પ્રાર્થના :** જગનાથપુર ગામમાં અમારી સભાઓની પુન:સ્થાપના માટે. નીપની ગામના નોખાને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. તુલિયા ગામની ચૈયાને માથાના ગુમડામાંથી, સારથીને

## NOVEMBER 10
રવિવાર

બહેરાશમાંથી અને સંજય અને રેશ્માને વાઈની બિમારીમાંથી મુક્તિ મળે એ માટે. દિનેશ અને માયાના પતિ કે જે દારૂના વ્યસની છે તેમને મુક્તિ મળે એ માટે. ઈશ્વરપિતા ગુંગુરુ ગામમાં સેવાકાર્ય માટે દરવાજા ખોલે એ માટે. દિનેશના પિતા ખ્રિસ્તી ધર્મનો વિરોધ કરવાનું બંધ કરે, જુવાન સિંહના પુત્ર અને ભાઈઓ તારણ પામે એ માટે. ઈશ્વરપિતા પપ્પુભાઈના પરિવારનો ઉપયોગ ઘણા આત્માઓને ખ્રિસ્ત સુધી પહોંચાડવા માટ કરે એ માટે.

### કડૌરા :

### બિમલ ચંદ્ર મુર્મુ અને છીતામણિ મુર્મુ

**સ્તુતિ :** ૩ ગામોમાં ૯૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી. પ્રેમા, સુમન, વિનોદ કુમાર અને મનોજને વિવિધ માંદગીમાંથી સાજાપણું પ્રાપ્ત થયું હતું. બચરોલી પ્રાર્થના સમૂહમાં એક વ્યક્તિ નવા આવનાર તરીકે ઉમેરવામાં આવી હતી. સમિતી મીટીંગ, બચરોલીમાં એક રાત્રિ મીટીંગ અને ત્રણ ગ્રામ્ય સુવાર્તા પ્રચાર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. મંડળીએ ૪ મહિનાથી વધુ સમયથી પ્રાર્થના કરતા શ્રીકનને ખૂબ જ યોગ્ય જીવનસાથી મળ્યો હતો.

**પ્રાર્થના :** શિવની ખાતેના વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ તેમના વિશ્વાસ અને આધ્યાત્મિક પરિપક્વતામાં વૃદ્ધિ પામે એ માટે. આયોજિત યુવા મીટીંગ, મહિલાઓની મીટીંગ અને મંડળીના વડીલોની મીટીંગ અવરોધો વચ્ચે સફળતાપૂર્વક આયોજીત થાય એ માટે. સરિતા અને અનિતાની કોઈપણ ગૂંચવણ વિના સલામત પ્રસૂતિ થાય એ માટે.

### મોરેના :

### હોસીએલ નાયક અને ગીતાંજલિ નાયક

**સ્તુતિ :** ગીલાપુર ગામની ગુડ્ડી જે છેલ્લા ૨૦ વર્ષથી દુષ્ટ આત્માના બંધનમાં હતી તેને મુક્તિ મળી હતી. તેની પુત્રી સુનીતા જે શેતાની હુમલાને કારણે મૂંગી હતી, તેણે પણ પ્રાર્થનામાં મુક્તિ મેળવી હતી. ચેતા ગામના રમીત જેમને કમરમાં ગાંઠ હતી અને તેને કેન્સર હોવાની શંકા હતી, તેને સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું. ૧૨ વ્યક્તિઓએ વિશ્વાસની જાહેર કબૂલાતમાં ખ્રિસ્ત ઈસુને તેમના ઈશ્વર અને તારનાર તરીકે કબૂલ કર્યા હતા.

**પ્રાર્થના :** ચટેકપુરા ગામના મુનાલાલની બહેનને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ગોથ ગામની કલાશીને દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળે અને તેના પતિ ખ્રિસ્તમાં તારણ પામે એ માટે. કવિતા અને શીમા તારણ પામે અને તેમને તેમના વિશ્વાસની જાહેર કબૂલાત તરફ દોરી જવા માટે. ખાસ કરીને બે ગામોના વિશ્વાસમાં નબળા પડેલા લોકો ઈશ્વર તરફ પાછા ફરે એ માટે.

## બિહાર

### ચતાપુર :

### પવાર દિનેશ અને ભારુડે ચિલાબાઈ

**સ્તુતિ :** નવા ૨ ગામોમાં ૨૫૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી. પરપ્રાંતીયો સુરક્ષિત વતન પર ફર્યા હતા. મનીષા ગરીબીમાં હતી અને તેના ફ્રેક્ચર થયેલા પગની સારવાર માટે ઈશ્વરપિતાએ આર્થિક જરૂરિયાતો પૂરી કરી હતી. તમામ આયોજીત સેવાકાર્યો કોઈપણ સમસ્યા વિના સારી રીતે ચાલ્યા હતા.

NOVEMBER
11
સોમવાર

*Happy Birthday*

શ્રી કન્ડીકુપ્પા ઈઝરાયેલ, શ્રીમતી પ્રેમલતા સુરેશ માલ્ટો
શ્રીમતી જોયબેલા ઈવેન્જલીન સુનિલ, શ્રીમતી એન્જલ રાય આલ્બર્ટ

**પ્રાર્થના :** નવા ગામ ત્રિવેણીગંજમાં વધુ નવા સંપર્કો મેળવવા માટે. લોકોને પ્રભુ તરફ દોરવા માટે ઘણા સ્વયંસેવકો જોડાય એ માટે. પાપુ ઋષિદેવને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. ઈશ્વરપિતા રંજન દેવીને થાઈરોઈડની અને ફાઈલસન ઋષિદેવને મસાની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. અભિષેક જે ૫ વર્ષ પહેલા મહારાષ્ટ્ર ગયો હતો તે સુરક્ષિત ઘરે પરત ફરે એ માટે.

## ઝારખંડ

### જામા :

### મુન્ના મોહિંદિયાર અને સુમિતદાસ

**સ્તુતિ :** નવા ૧૩ ગામોમાં લગભગ ૨૦૦૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. પ્રભુએ તેમાંથી ૨૩ વ્યક્તિઓને વિશ્વાસી બનવા અને તેમના વાડામાં જોડાવા સક્ષમ કર્યા હતા. ૨ મંડળીઓની વર્ષગાંઠની યાદગીરીમાં સ્વદેશી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ૭ પરિવારો સુવાર્તા પ્રત્યે હકારાત્મક પ્રતિસાદ આપી રહ્યા છે. આપણા ઘણા વિશ્વાસીઓ પ્રાર્થના દ્વારા વિવિધ પ્રકારની બિમારીઓથી સાજા થયા હતા.

**પ્રાર્થના :** વિશ્વાસની જાહેર કબૂલાત અને તેઓ તમામ અવરોધોને દૂર કરીને વિશ્વાસમાં આગળ વધવા તૈયાર થાય એ માટે. કાન્હાઈ મરાંડીએ તેમની દ્રષ્ટિ ગુમાવી છે તેમના સાજાપણા માટે. નાના પ્રાર્થના જૂથો અસરકારક રીતે કાર્ય કરે એ માટે. આયોજીત ૩ વીબીએસ કેમ્પની સફળતા માટે. ૩ સુવાર્તિક પરિવારોની સલામતી અને રક્ષણ માટે.

### છોટાઘગીરી :

### શાંતાકુમાર સુધાહરન (નિવૃત્ત) અને ફ્લોરેન્સ

**સ્તુતિ :** આયોજીત સુવાર્તિક તાલીમ કાર્યક્રમ હાજરી આપનાર તમામ માટે આશીર્વાદિત રહ્યો હતો. ત્રણ દિવસીય ઉપવાસ પ્રાર્થનામાં લગભગ ૪૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. ભગૈયામાં ઘરના નવીનીકરણનું કાર્ય પૂર્ણ થયું હતું. આ પ્રદેશમાં પ્રભુએ પુષ્કળ વરસાદની કૃપા દર્શાવી હતી. આપણા મિશનરીઓ અને સ્થાનિક સુવાર્તિકોના સ્વાસ્થ્ય અને રક્ષણ માટે.

**પ્રાર્થના :** હોસ્ટેલના બાળકો અને આપણા સેવાકાર્યની સંભાળ લેવા માટે નવા સોંપાયેલા કાર્ય માટે પ્રાર્થના કરશો. જે બાળકો છોટાઘગીરી ખાતે

### પ્રભુ મારા રક્ષક છે

ગુજરાતના કવાંટ ક્ષેત્રના કલાવલી ગામના પ્રવીણભાઈ તાજેતરમાં જ ઈસુના પ્રેમથી પ્રભાવિત થયા અને તેમને સ્વીકાર્યા હતા. થોડા દિવસો પહેલા એક દ્વિ-ચક્રી અકસ્માતમાં તે ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ચાલી શકતા ન હતા. તેના ત્રણ ભાઈઓ સમાન અકસ્માતોમાં મૃત્યુ પામ્યા હોવાથી, ગ્રામજનો માનતા હતા કે તે પણ બચી શકશે નહીં. જો કે, પ્રવીણભાઈએ વિશ્વાસ સાથે પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું હતું. ઈશ્વરપિતાએ તેમની પ્રાર્થના સાંભળી અને તેમને સંપૂર્ણ સાજાપણું આપ્યું હતું. હવે તે ચાલે છે અને સારી રીતે કામ કરે છે. ઈશ્વરના ચમત્કારિક સ્પર્શનો અનુભવ કરીને પ્રવીણભાઈ ગ્રામજનો સમક્ષ જીવંત સાક્ષી છે. હાલેલુયા.

**NOVEMBER 12**
**મંગળવાર**

***Happy Birthday***

શ્રી શંકર પી.

શિબિરમાં હાજરી આપે છે તેઓ પ્રભુમાં વૃદ્ધિ પામે એ માટે. NIM તાલીમ કાર્યક્રમના તાલીમાર્થીઓ તેમના સેવાકાર્યમાં ફળ ઉપજાવે એ માટે. આપણા સ્થાનિક સુવાર્તિક સુજિત કિસ્કુના પરિવારને દૈવી આશ્વાસન માટે, જે તેમની પાછળ એક દુઃખી પત્ની અને ત્રણ પુત્રીઓ મુકી ગયા હતા.

## ગંગુપાડા ગર્લ્સ હોમ :

### એ. એવલિન પેકિયા અને એસ્તર સાવિત્રી

**સ્તુતિ :** ૯ છોકરીઓને GKN પ્રવેશ પરીક્ષા આપવા માટે સક્ષમ કરી હતી. ટીબીથી પીડીત અન્ના અને સોનાલીની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. ભારે વરસાદ વચ્ચે આપણા હોમનું ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું. આપણા હોમની ૫ છોકરીઓને ગંભીર બિમારીમાંથી સમયસર મદદ મળી હતી અને સાજાપણું મળ્યું હતું. આપણા સ્ટાફમાંથી એક વ્યક્તિએ SCE ઝારખંડની પરીક્ષામાં સારા માર્ક્સ મેળવ્યા હતા.

**પ્રાર્થના :** પેટ સંબંધિત વારંવારની બિમારીથી મરિયમને સાજાપણું મળે એ માટે. આપણી હોસ્ટેલની છોકરીઓ ચેતી, રોબિન, સુકરુમુન્ની, જેની અને રેશ્મી મેસા જેઓ તેમના અભ્યાસમાં નબળી છે તેઓ સારી રીતે પ્રગતિ કરી શકે એ માટે. સજની, પ્રેમી, મમતા અને રૂથ મુનસીના પિતા કે જેઓ વિવાદ માટે જેલમાં બંધ છે, તેઓ પસ્તાવો કરે અને મુક્ત થાય એ માટે. આપણી હોસ્ટેલની કેટલીક છોકરીઓ વિખૂટા પડેલા પરિવારોમાંથી આવે છે અને તેઓને પોતાનું ભરણપોષણ કરવા માટે છોડી દેવામાં આવે છે, તેમના સારા ભવિષ્ય માટે પ્રાર્થના કરો. આપણી હોસ્ટેલની છોકરીઓ માટે આયોજીત વીબીએસ કાર્યક્રમ તેમના આધ્યાત્મિક જીવન માટે એક મોટો આશીર્વાદ હતો.

## તીનપહર :

### નહેમ્યા અને અનામિકા

**સ્તુતિ :** આપણી વિશ્વાશી ખુશ્બુને તેના ઘરમાં પ્રવેશેલા ઝેરી સાપથી ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું. ચારવા મુંડાને ગાયને દોહતી વખતે તેના હાથ પર સિંગડુ માર્યું હતું, તેને ઈજામાંથી સાજાપણું મળે એ માટે. અટકવારી મુંડા માટે અગાઉ તેની પત્ની અને બાળકોને મંડળીની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો વિરોધ કર્યો હતો તે હવે એક પરિવર્તનશીલ માણસ છે જે બધી પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. ૩ પરિવારોએ વ્યક્તિગત રીતે અમને અને આપણા વિશ્વાસીઓને તેમના ઘરે ઉપવાસ સહિતની પ્રાર્થના માટે આમંત્રણ આપ્યું હતું. નવા ૯ પ્રભુમંદિરોના વડીલોને તેમના સંબંધિત મંડળોની આગેવાની કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે. વડીલોની તાલીમ, મહિલા સભા, યુવા સભા, ઉપવાસ સહિતની પ્રાર્થના અને VCC નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** એક વિશ્વાસી વિમલા કુંજુર તેણીના નકામા અને દારૂના વ્યસની પતિ પ્રત્યે ઉંડી નિરાશા છે, તેણીની પ્રાર્થનાઓ દ્વારા તેણીના પતિના વર્તનમાં બદલાણની સાક્ષી બની શકે એ માટે. રાજેન્દ્ર મુંડા, રિંકી મુંડા, ગમલિયા તિર્કીના પરિવારો તેમના પરિવારોમાં સમસ્યાઓ છે જે તેમના વિશ્વાસને અસર કરી રહી છે. જેઓ તેમના વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે તેઓ તેમના અવરોધોને દૂર કરે એ માટે.

NOVEMBER 13 બુધવાર

ઉપવાસ પ્રાર્થના દિવસ

***Happy Birthday***

શ્રી અનિલભાઈ ગાવિત

NSM છાત્રાલયોમાં દાખલ થયેલા નવા બાળકો આધ્યાત્મિક શિસ્ત અને નવા વાતાવરણનો સામનો કરે એ માટે. ખેતીની આ મોસમમાં ઈશ્વરપિતા વિશ્વાસીઓને માત્ર સારી કાપણી જ નહીં પરંતુ પ્રભુના વચનો માટે ભૂખ અને તરસ આપે એ માટે.

## મેન્ડ્રો :

### હિજામ કેનેડી સિંઘ અને હોજામ લિન્થોઈબી ચાનુ

**સ્તુતિ :** લગભગ ૨૦૦૦ વ્યક્તિઓએ ૨ ગામોમાં સુવાર્તાનો ઉપદેશ સાંભળ્યો હતો. ૫ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. માઘી અને બાલાજોરમાં પ્રભુમંદિરનું બાંધકામ સરળતાથી ચાલી રહ્યું છે. સુવાર્તા નાટકના કાર્યક્રમો દ્વારા કાંતિહાર અને મણિહારી ગામોમાં જાહેર કરાયેલ સુવાર્તા માટે સારો પ્રતિસાદ મળ્યો હતો. ૨ પરિવારોએ ઈસુ ખ્રિસ્ત પર તેમનો વિશ્વાસ જાહેર કર્યો હતો. મેગ્ડાલિન ટુડુ અને માર્થા સોરેને જ્યારે એક ઝેરી સાપનો સામનો થયો હતો ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું.

**પ્રાર્થના :** બે સ્થળોએ પ્રભુમંદિરના બાંધકામનું કાર્ય ટૂંક સમયમાં પૂર્ણ થાય એ માટે. ઉપવાસ સહિતની પ્રાર્થનાઓ, બાઈબલ અભ્યાસ જૂથો અને અન્ય આધ્યાત્મિક બેઠકોમાં હાજરી આપનારા લોકોની પ્રતિબદ્ધતા અને પ્રભુ પરના વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. સેવાકાર્યો, વિશ્વાસીઓ અને મંડળો માટેના તેમના દાવા વિષે સમાન વિચારધારાવાળા મિશનો મધ્યે વ્યાવસાયિક ઈર્ષ્યા ન પ્રવર્તે એ માટે. હાપોન માઈ મરાંડીને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. રામબુની (મહિદી), બોરતોલા, દિયારા (ફુલબરિયા) અને સિમરા ગામોના મંડળો માટે પ્રભુમંદિરો બનાવવાની પહેલ માટે.

## રામગઢ :

### એલ. બાઈટે અને કિમ બાઈટે

**સ્તુતિ :** ૩૨ લોકો ઈસુના વાડામાં ઉમેરાયા હતા. કિન્દવતગુડ ગામમાં પ્રભુમંદિરનું બાંધકામ ઈશ્વરપિતાની કૃપાથી પૂર્ણ થયું હતું. રાની સોરેનને સાપના દંશથી અને શિવલાલને કિડનીની પથરીમાંથી સાજાપણું મળ્યું હતું. સન્ડે સ્કૂલના શિક્ષકોની તાલીમ અને આત્માઓ જીતવાની શિબિરો આશીર્વાદરૂપ રહી હતી.

## કાળજી રાખનાર ઈશ્વર

રાજસ્થાનના ઈદલીબોર જીલ્લામાં તેરુવારા સેવાક્ષેત્રના નવા ગામ મદુકાંડામાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ગામની મમતાબેન નામની એક બહેન વર્ષોથી સ્ત્રીરોગ સંબંધી સમસ્યાથી પીડાતી હતી. સારવાર પાછળ ઘણો ખર્ચ કર્યો હતો પરંતુ કોઈ પરિણામ ન હતું. તેણીએ આપણે મિશનરી, જે તેના ગામમાં સુવાર્તાનો પ્રચાર કરી રહ્યા હતા, તેના માટે પ્રાર્થના કરવા કહ્યું. તેણી માટે પ્રાર્થના કર્યા પછી તેણીને ઈસુ વિષે વાત જણાવ્યા પછી, તેઓએ તેણીને ઘરે મોકલી હતી. બે દિવસમાં તેણીને સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું. મમતાએ ઈસુ ખ્રિસતનો સ્વીકાર કર્યો અને હવે તે ગામમાં તેની સાક્ષી આપે છે, જે બીજા ઘણા લોકોને આરાધના સંગતમાં લાવે છે. ઈશ્વરપિતાનો મહિમા થાઓ.

**NOVEMBER 14**
**ગુરૂવાર**

*Happy Birthday*

શ્રી રણજીત જેમ્સ
શ્રી જહોન સી.એચ.
શ્રીમતી જેલીન શંકર
કુ. મહેશ્વરી રેબેક્કા
શ્રી વલવી દીના ધના

**પ્રાર્થના :** રિયલદી, આશના, માલમા, ગરુડી ગામોમાં પ્રભુમંદિરના બાંધકામ માટે જમીનો મળે એ માટે. ઈશ્વરપિતા રામસોગ મુર્મુને લકવાથી અને જાથરુ ટુડુને કાળા જાદુની અસરથી સાજા કરે એ માટે. સુરેન્દ્રને અશુદ્ધ આત્માના બંધનથી મુક્તિ મળે એ માટે. સોનાલી મરાંડીને બાળકનો આશીર્વાદ મળે એ માટે.

## ચંદોપાની :

## જેકબ જ્ઞાનપંડિતન અને શાંતિ

**સ્તુતિ :** ૩૧ ગામોમાં સુવાર્તા પ્રચારના ફોલોઅપ કાર્ય દ્વારા ૧૨૯ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ૩ સ્થળોએ જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. બહજનોપા ગામની ફુલો દેવી અને ઝરિયાપાની ગામની સીમા દેવી નિયમિતપણે પ્રભુમંદિરમાં આવે છે અને ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા લાગ્યા છે. ઝરિયાપાની ગામના લક્ષ્મણ રાયે સુવાર્તામાં રસ દાખવ્યો છે, પરંતુ ગામના મુખી તરીકેની ભૂમિકાને કારણે તેઓ પ્રભુમંદિરમાં જઈ શકતા નથી.

**પ્રાર્થના :** જેઓએ જિસસ ફિલ્મ જોઈ છે તેઓ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે. શોધકમિત્રો રોહનરાયનો પરિવાર, સીમા દેવી, કલાવતીયા દેવી, લક્ષ્મણ રાય, શંકર રાયના પરિવારના સભ્યો ખ્રિસ્ત પરના વિશ્વાસમાં દોરવાય એ માટે. આ વર્ષના અંત પહેલા યોજાનારી ઝારખંડની ચૂંટણીમાં ઈશ્વરની ઈચ્છા મુજબ પરિણામ આવે એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા અને તમાકુના વ્યસની પ્રેમ કુમાર પસ્તાવો કરે અને પ્રભુ તરફ પાછા ફરે એ માટે. પ્રેમની માતા તેના પતિ કામ પર બહાર હોય ત્યારે લગ્ન બહારના સંબંધોથી લલચાય છે, તેમના પસ્તાવા માટે. અમારી દીકરી જેનિ રાંચીમાં પીજી કોર્સ કરી રહી છે તે સફળ થાય તે માટે.

## અમરપાડા :

## વ્યાસુ બાબુ અને સૌંદર્ય રેખા

**સ્તુતિ :** અમને ૨૩ ગામોમાં સુવાર્તા વહેંચવામાં ઈશ્વરપિતાએ સક્ષમ કર્યા હતા. લગભગ ૩૭૭૫ લોકોએ સુવાર્તા સાંભળી હતી. તેમાંથી ૧૮ વિશ્વાસી બન્યા હતા અને ખ્રિસ્ત પરના તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. સાંભળનારાઓમાંથી ૧૨ ને બાઈબલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડુંબરસીર ખાતે પ્રભુમંદિરના નિર્માણ માટે સ્પોન્સરશીપ મળી હતી અને ટૂંક સમયમાં કામ શરૂ કરવામાં આવશે. સાલપાથરા ગામના બિનજ મરાંડી એક સમયે વિશ્વાસીઓ પર અત્યાચાર કરતો હતો, તે હવે પોતે પણ વિશ્વાસી બની ગયો છે.

**પ્રાર્થના :** કામરદીહાના નવા સંપર્ક સંતોષ હેમબ્રોમ પરિવાર અને સાલપાથરા ગામના બિરસુનાથ ટુડુ જેઓ સુવાર્તા પ્રત્યે સકારાત્મક છે, તે ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે. રૂષિલાલ હેમબ્રોમ, સુશીલા હંસદા, જય મુર્મુ, મીરુ હેમબ્રોમ અને જુનાસ હેમબ્રોમને માંદગીમાંથી સાજાપણું મળે એ માટે. કુસકુટ્ટા, પોલમા, ડુમ્બરબિટ્ટા, મલિકિન્તા અને જોજોટોલા ગામોમાં ઈશ્વરપિતા સુવાર્તા કાર્ય માટે દરવાજા ખોલે એ માટે. વિશ્વાસીઓ પ્રભુના વચનોમાં રહે અને ખોટા ઉપદેશોથી વાકેફ રહે એ માટે.

**NOVEMBER**

**15**

**શુક્રવાર**

***Happy Birthday***

શ્રીમતી એલીસ બિસોઈ

શ્રીમતી વસાવા સવિતાબેન પચિયાભાઈ

## કડુવા અને એલટીઆઈ :

### સુંદર દુરાઈ મેલબીન રેગિની

**સ્તુતિ :** બોન્ટોલા પ્રભુમંદિરનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. કુસ્મા પ્રભુમંદિરનું કોંક્રીટનું કામ પૂર્ણ થયું છે. સમાઈટોપ ગામના ૨૩ વ્યક્તિઓએ ખ્રિસ્ત ઈસુ પર તેમનો વિશ્વાસ કબૂલ કર્યો છે. જ્યારે અમારા ઘરમાં ૮ ફૂટ લાંબો સાપ આવ્યો ત્યારે અમારા પરિવારનું ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું. SSR ફિલ્ડમાં ૩ દિવસીય ઉપવાસ પ્રાર્થનામાં ૬૦૦ વ્યક્તિઓએ હાજરી આપી હતી અને ત્રિચીના ડૉ. ગોડવિને ઈશ્વરના વચનો ઉચ્ચાર્યા હતા.

**પ્રાર્થના :** છોટાઘગીરી અને ચુચી ગામોમાં આધ્યાત્મિક જાગૃતિ આવે અને ઘણા આત્માઓ ખ્રિસ્ત તરફ દોરવાય એ માટે. આપણા સેવા ક્ષેત્રમાં કાર્યરત ઘણા જાદુગરોને આપણા પ્રભુના પ્રેમનો સ્પર્શ થાય અને તેઓનું બદલાણ થાય એ માટે. બાળકો અને યુવાનો કે જેઓ પોતપોતાની શિબિરમાં હાજરી આપે છે તેઓ ખ્રિસ્ત માટે તેમના નિર્ણયમાં દ્રઢ રહે અને સાક્ષીરૂપ જીવન જીવે એ માટે. જેઓ તેમના પ્રાર્થના જૂથના સભ્યોને ઊંડા વિશ્વાસ તરફ દોરી જવા માટે, તેમના વિશ્વાસમાં મજબૂત થવા માટે નાના પ્રાર્થના જૂથના આગેવાનોની શિબિરમાં હાજરી આપે એ માટે.

## રાનેશ્વર :

### ઉપદેશ કુમાર, સીખોથાંગ ઝોઉ

**સ્તુતિ :** નવા ૨૭ ગામોમાં ૮૫૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. ૪ વ્યક્તિઓએ ખ્રિસ્તનો તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્ય કર્યો હતો. અરસુ મરાંડી અને એબર્ડી સોરેનને છાતીના દુઃખાવામાંથી, પેટ્રસ મુર્મુના પુત્ર અરુણને શ્વાસની તકલીફમાંથી, ગાબ્રિયેલ મોહલીને ટાઈફોઈડથી, કરિશ્માને પેટના સોજાથી અને પરમેશ્વરને આંખની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. કેરળ જવા નીકળેલા દિકુ સોરેન એક મહિનાથી વધુ સમયથી શોધી શકાયા ન હતા, તે સુરક્ષિત રીતે ઘરે પરત ફર્યા હતા. બોનબારી, પુટકા, બગનીડુબા, તિલાબાની, સાલ્ટોલા-સ્કુલ્ટોલા, મુર્ગાબાની, કાઓલિયા, કુલાબથન, તાઓરા, સોનાકોરા અને દાતિયાના નવા ગામોમાં જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

**પ્રાર્થના :** બટકીડી ગામના વડા માંઝીએ મિશનરીઓને તેમના ગામમાં પ્રવેશવાની મનાઈ ફરમાવી હતી, તેમના હૃદય પરિવર્તન માટે. રેણુકા કુમારી જે ખ્રિસ્તી વિશ્વાસનો વિરોધ કરે છે અને વિશ્વાસીઓને ગેરમાર્ગે દોરે છે, તેણીના પસ્તાવા માટે. અવિશ્વાસી ગોપાલની બંને કિડની નિષ્ક્રીય થઈ ગઈ છે, તે પ્રભુ પર વિશ્વાસ કરે અને સાજાપણું પામે એ માટે. પ્રભુ તેમની આજીવિકા ટકાવી રાખે અને પરિવારનું ભરણપોષણ કરે એ માટે. દેવદાસ ટુડુ અને સંગીતા હંસદાક, બસંતી સોરેન અને જોસેફ હેમ્બ્રોમ, સરિતા સોરેન અને તેના પતિ કે જેઓ નિઃસંતાન છે, તેઓને બાળકોનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે.

NOVEMBER 16
શનિવાર

*Happy Birthday*

શ્રી અબ્રાહમ થોમસ

## રાજમહેલ કોમ્યુનિટી કોલેજ :

### સ્ટાલિન જીવા અને સેલ્વા રાની

**સ્તુતિ :** આ વરસાદી ઋતુમાં આપણા મિશનરીઓ, સ્ટાફ અને વિદ્યાર્થીઓને વિવિધ બિમારીઓ અને જોખમોથી ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. આપણા ૬ વિદ્યાર્થીઓને તેમની ૧૨ મી બોર્ડની પરીક્ષાઓ માટે નોંધણી કરાવવા સક્ષમ કર્યા હતા. દર મહિને આપણી કોમ્યુનિટી કોલેજ માટે ઈશ્વરે વિશ્વાસુપણે જરૂરિયાતો પૂર્ણ કરી છે. આપણા પરિસરમાં નિયમિત સમયાંતરે આખી રાતની પ્રાર્થનાઓ કરવામાં આવે છે. આપણા મિશનરીની દીકરી જેને ચેન્નાઈમાં ક્લિનીકમાં કામચલાઉ નોકરી મળી છે.

**પ્રાર્થના :** જેઓ વીબીએસ સેવાકાર્યમાં ભાગ લે છે અને જેઓ શિક્ષક બનવા માટે પ્રશિક્ષિત છે તેઓને આ સેવાકાર્ય દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. દરજીકામના વર્ગોની નવી બેચમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ આ કોર્સમાં અસરકારક રીતે કુશળ બને એ માટે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરે એ માટે. વિવિધ સ્થળોએ કામ કરતા આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના સાક્ષીરૂપ જીવનમાં વિશ્વાસુ રહે એ માટે. આપણા પરિસરમાં છોકરાઓ માટે મોટો ઓરડો અને ચેપલના નિર્માણ અને જરૂરી સંસાધનો પૂરા પડી રહે એ માટે. જગનાથપુર ક્ષેત્રમાં પ્રાયોજિત મિશનરી સુરેશ માલ્ટો તેમના સેવાકાર્યમાં ફળ ઉપજાવે એ માટે.

## પલામુ :

### એ. બાર્નાબાસ અને બૌલા જેબાકુમારી

**સ્તુતિ :** આસમદેધા ગામની ગીતાને નદીમાં આવેલા પૂરમાંથી નવા જન્મેલા બાળકને સુરક્ષિત રીતે પાર કરવા માટે ઈશ્વરપિતાએ મદદ કરી હતી. સકુન્તા દેવી માટે કે જેઓ મધ્યરાત્રિએ ગીચ જંગલવાળા વિસ્તારમાં પ્રસૂતિ માટે ગયા હતા, પરંતુ પ્રાર્થના દ્વારા તેઓને સલામત પ્રસૂતિ થઈ હતી. આ ક્ષેત્રમા પુષ્કળ વરસાદ વરસ્યો હતો જેને કારણે સારી રીતે ખેતી કરવા સક્ષમ બન્યા હતા. દુબેલગંજ ગામમાં રવિવારની આરાધના સંગત શરૂ કરવામાં આવી છે. ચંદ્રાવતીના પરિવારે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે અને તેમના સસરાના વિરોધ વચ્ચે પણ તે દ્રઢ રહ્યા છે. ઈશ્વરપિતાએ પરિવારને વિશ્વાસમાં સાથે રહેવા મદદ કરી છે.

**પ્રાર્થના :** લૂરી દેવીના સાજાપણા માટે જે લાકડા કાપવા જંગલમાં ગઈ હતી અને અકસ્માતે પોતાને ઈજા કરી હતી. આસમદેધા અને બરવાખાડ ગામના લોકોની સલામતી માટે કે ઘણીવાર નદીમાં પૂર આવે છે ત્યારે નદીને પાર કરીને બજારમાં જવા માટે સક્ષમ બની શકે એ માટે. પ્રાર્થના કરો કે સરકાર પુલ બનાવવાનું વિચારે. આપણા વિશ્વાસી બાળકો ચંદ્રન, સુખિલ અને સુશીલા ભારતીય સેનામાં જોડાવાના અથવા મેડીકલ લાઈનમાં જવા માંગે છે તેઓ વિશ્વાસથી સખત મહેનત કરે એ માટે. આસપાસના વિસ્તારમાં હજુ પણ બાળ લગ્નો થઈ રહ્યા છે તેનો પ્રબુદ્ધતા અને કાયદાના અમલીકરણ સાથે અટકાવ થાય એ માટે.

NOVEMBER
17
રવિવાર

*Happy Birthday*

શ્રીમતી હેમલત્તા અબ્રાહમ

## દેવગોડ્ડા હોસ્ટેલ :

### જોન્સન રાજાદુરાઈ અને વિનોદિની જોન્સન

**સ્તુતિ :** ૬૦૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને માલ્ટો યુવાનોને ખેતી, વૃક્ષારોપણ, પશુપાલન વગેરેની નવી તકનીકો શીખવવામાં આવી હતી. પારંબી, ડાંબુબીતા, પટુવડે અને ચોટ્ટાજરે ગામોના બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.

**પ્રાર્થના :** સન્ડે સ્કૂલના પાઠો પ્રકાશિત કરવાના, ૧ થી ૩ ધોરણના વિદ્યાર્થીઓ માટે માલ્ટો ભાષાના પુસ્તકો, યુવાનો માટે માર્ગદર્શિકા અને ઝારખંડ પૂર્ણ રીતે સંપૂર્ણ બને એ માટે પ્રાર્થના કરવા માટેની માર્ગદર્શિકાના પ્રોજેક્ટ માટે. પુખ્ત સાક્ષરતા કાર્યક્રમ દ્વારા ઘણા લોકો સાક્ષર બને એ માટે. મદ્યપાન કરનારાઓના પુનર્વસનમાં મદદ કરવા માટેના સત્રો માટે. યુવા માલ્ટો વિશ્વાસીઓને કૃષિમાં તાલીમ અને હસ્તકલાની તાલીમ આપવામાં આવે એ માટે. ૧૨૦૦ પ્રભુમંદિરના વડીલોને તેમના પોતાના ગામોમાં યોગ્ય આજીવિકા મળે અન સ્થળાંતર ન કરવું પડે એ માટે.

## પશ્ચિમ બંગાળ

## પકુઆહટ :

### રામકૃષણ અને અંજલિ દેવી બંતુમિલી

**સ્તુતિ :** ૧૦ લોકોને ખ્રિસ્તમાં નવું જીવન મળ્યું હતું અને પ્રભુના વાડામાં તેઓને ઉમેરવામાં આવ્યા હતા. નીમથંગા પ્રભુમંદિરમાં ૩ દિવસીય ઉપવાસ પ્રાર્થના કરવામાં આવી હતી. સિલદાની, માનિકપુર અને થોલીઘાટ ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા હતા. સંજીથ અને મેથી મરાંડી એટલા બિમાર હતા કે ગંભીર માંદગીને કારણે સ્થળાંતરિત સ્થળેથી ઘરે પાછા લઈ જવામાં આવ્યા હતા, પરંતુ વિશ્વાસીઓની પ્રાર્થના દ્વારા તેઓને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સાલફોના અને માનિકપુર ગામોમાં પ્રભુમંદિર બનાવવા માટે જમીન પ્રાપ્ત થાય એ માટે. સિલ્દાની અને ઉલાથુર ગામોમાં જ્યાં રાત્રિ સભાઓ ચાલી રહી છે ત્યાં અસ્થાયી પ્રભુમંદિરો બનાવવામાં આવે એ માટે. માલદોબારા, પદુવાડંગા, કપરાડાગીયા અને થાલીકટ્ટુ ગામોમાં જેઓ સુવાર્તામાં રસ દર્શાવે છે તેમના માટે ટૂંક સમયમાં રાત્રિ સભાઓ શરૂ થાય એ માટે. સોઈલન અને સુજાન પરિવારો વચ્ચેની દુશ્મનાવટ દૂર થાય એ માટે. વિશ્વાસીઓ અને યુવાનો ઉત્સાહપૂર્વક સુવાર્તા પ્રચાર કાર્યમાં ભાગ લે એ માટે.

### રક્ષા કરનાર દૂતો

પંજાબના માનસા ક્ષેત્રમાં દુઆત નામના ગામમાં સેવાકાર્યથી પાછા ફરતી વખતે, અમારા એક મિશનરી કુટુંબને ખ્રિસ્તી ધર્મના લગભગ દસ વિરોધીઓએ ઘેરી લીધું હતું. તેઓએ પ્રશ્ન કર્યો કે શા માટે મિશનરીઓ લોકોનું ધર્માંતરણ કરી રહ્યા છે. રાતનો સમય હતો અને મિશનરીઓએ ડરીને પ્રાર્થના કરી. અચાનક તેમની નજીકથી પસાર થતી એક કાર ઊભી રહી. ડ્રાઈવરે મિશનરીઓને કારમાં બેસવા કહ્યું અને તેઓને સલામત રીતે ઘરે લઈ આવ્યા. ઈશ્વરપિતાનો મહિમા થાઓ.

NOVEMBER
18
સોમવાર

*Happy Birthday*

શ્રીમતી જેક્વેલીન બેન્જામીન
શ્રી થ્સાન્ગસે સંગતમ

## સામસી :

## દીપરત્ન અને મિથિલેશ

**સ્તુતિ :** લગભગ ૧૦૦૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી અને ૩ ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા હતા. લગભગ ૭૦૦ સુવાર્તાની પત્રિકાઓ વહેંચવામાં આવી હતી. પ્રાર્થનાના જવાબમાં બરકી મરાંડી અને કિરિયાલ પશચિમને તેમની માંદગીમાંથી સાજાપણું મળ્યું હતું. લવાગ્રામ વિસ્તારમાં ઈશ્વરપિતાએ નવા ૪ પરિવારો આપ્યા હતા જેઓ આરાધના સંગતમાં હાજરી આપે છે. ચાંદપુર, ધુકરિયા, રોના, બુરુલ અને જેતલપુર ગામના સિબ નારાયણની પુત્રીને જ્યારે સ્થાનિક ભૂતવૈદોના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા બાદ તે રવિવારની પ્રાર્થના સંગતમાં આવી હતી ત્યારે શેતાની બંધનમાંથી મુક્ત કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** વરલીમાં કામચલાઉ કાચા પ્રભુમંદિરને આરાધના સંગત માટે ઉપયોગમાં લેવામાં આવતું તે ભારે વરસાદમાં તુટી ગયું હતું, ત્યાં એક નવું પ્રભુમંદિર બાંધવામાં આવે એ માટે. બિસનપુર અને કુસડાંગીના બે પરિવારો કે જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરે છે, પરંતુ ગામના વડાની ધમકીને કારણે તેમના વિશ્વાસની જાહેર કબૂલાત કરી શકતા નથી. બકડી મરાંડી અને બબલુ હેમબ્રોન પરિવાર માટે કે જેઓ ખોટા ઉપદેશકો દ્વારા તેમના વિશ્વાસથી ભટકી ગયા છે, જેઓ તેમને પ્રભુ ઈસુથી દૂર લઈ જાય છે. બુરકુ મરાંડી, લુખીરામ કિસ્કુ, બાદલ બાસ્કે અને રૂબી હંસદાના પરિવારો માટે કે જેઓ તેમના પરિવારના વિરોધને કારણે ખ્રિસ્ત પરનો વિશ્વાસ કબૂલ કરી શકતા નથી. આપણા સુવાર્તિકોના પરિવારો સેવાકાર્ય માટેના પ્રવર્તમાન વિરોધને કારણે નિરાશ ન થાય એ માટે. જેતલપુર, બાજીતપુર, લાભગ્રામ અને ચાંદપુર ગામોમાં કામચલાઉ પ્રભુમંદિર બાંધવામાં આવશે.

### શારીરિક અને આધ્યાત્મિક સાજાપણું

મહારાષ્ટ્રના પિંપલનેર ક્ષેત્રના રોહાડ ગામના આશરે ૪૦ વર્ષના શ્રી વિનોદ છેલ્લા છ મહિનાથી તેમની ગરદનમાં મોટી ગાંઠથી પીડાતા હતા. તેણે ડોક્ટરો અને ભૂતવૈદો બંનેની સલાહ લીધી, પરંતુ કોઈ રાહત મળી નહીં. આ વિસ્તારમાં કાચા પ્રભુમંદિર સાથેનું જૂનું એફએમપીબી મંડળ છે જ્યાં નિયમિત સભાઓ યોજાય છે. વિનોદને તે વિશે ખબર હોવા છતાં, તેમણે વિશ્વાસીઓની પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાની મદદ મેળવવામાં કોઈ રસ દર્શાવ્યો ન હતો. એક દિવસ ગાંઠ અચાનક ફાટી ગઈ. તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ઘા એટલો ઊંડો હતો કે ડોક્ટરોએ તેની સારવાર કરવાના ના પાડી, ધીરેધીરે ઘામાંથી દુર્ગંધ આવવા લાગી. આ આઘાતજનક અનુભવ પછી અને કોઈ વિકલ્પ ન હતો, ત્યારે વિનોદ આખરે પ્રાર્થના માટે આવ્યો. આપણા વિશ્વાસીઓ અને મિશનરીઓએ તેમના માટે પ્રાર્થના કરી, તેમના ઘરે જઈને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. પ્રભુ ઈસુએ તેમની કૃપામાં વિનોદને સ્પર્શ કર્યો અને તેમને સંપૂર્ણ સાજાપણું આપ્યું. તે માત્ર તેના શારીરિક ઘામાંથી જ સાજો થયો ન હતો પરંતુ તેણે આધ્યાત્મિક મુક્તિનો પણ અનુભવ કર્યો હતો. તેમણે અને તેમના સમગ્ર પરિવારે પ્રભુ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ અમારી રાષ્ટ્રીય ઉપવાસ પ્રાર્થના દરમિયાન, સમગ્ર પરિવારે બાપ્તિસ્મા લીધુ હતું અને હવે પ્રભુમાં વૃદ્ધિ પામી રહ્યા છે. હાલેલુયા.

**NOVEMBER**

**19**

**મંગળવાર**

*Happy Birthday*

શ્રીમતી એલિઝાબેથ સોરના દુરાઈરાજ
શ્રીમતી બસંતી બાસુદેવ માલ્ટો

## તપન :

### હરમોહન પ્રભુદાસ નાયક અને કુમારી સુસામા પાની

**સ્તુતિ :** ૪ સામૂહિક સુવાર્તા પ્રચારના કાર્યક્રમો દ્વારા લગભગ ૮૦૦ લોકોને સુવાર્તાનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. દેબોસી સોરેન નામની ૧૮ વર્ષની છોકરી એકાએક બેહોશ અને ઠંડી પડી ગઈ, પરંતુ વિશ્વાસીઓએ ખંતપૂર્વક પ્રાર્થના કર્યા પછી, તેણીએ તેનું જીવન પાછું મેળવ્યું હતું. બગનબાડી, પુરોબ બાગાન, દોહોપાડા, રામદેવપુર, હેંકોંદર, અમદાપુરા, પંચાત અને હસનગર ગામોમાં સુવાર્તા પ્રચારને સારો પ્રતિસાદ મળ્યો હતો. રાજેન હસદાહ, બબલુ સોરેન, તૌસી ગામના ગદાના સોરેન પરિવારો, રબીન સોરેન, અંતોલ ગામના ગોપેશ કિસ્કુ, બોનાહર ગામના સુરેશ બાસ્કે તમામ અવરોધો દૂર કરીને તેમના વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર થઈ રહ્યા છે.

**પ્રાર્થના :** આપણા સ્થાનિક યુવા શિબિરમાં ભાગ લેનારાઓ ખ્રિસ્ત માટે લીધેલા તેમના નિર્ણયોમાં મક્કમ રહે એ માટે. ઈશ્વરપિતા સોનાતી ટુડુને લીવરની, રેણુકા ટુડુને ગર્ભાશયની અને સાવિત્રીને છાતીની ગાંઠની બિમારીમાંથી સાજાપણુ આપે એ માટે. પંચાટા, પુખુરીખુટુ, ભોરોલ, હસનગર, ભીભીરી, ભીંડીટોલા, ઉકા, મટોલા, કાલીટોલા, મોલાણી, અનંતપુર અને મુહીપુર ગામોમાં રહેતા લોકોના તારણ માટે. પ્રભુમંદિરના બાંધકામ માટે યોગ્ય જમીન મળે એ માટે.

## રાણીગંજ :

### ધ્રુબરાજ બેબર્તા અને પુષ્પાંજલિ

**સ્તુતિ :** ૨૫ ગામો અને ૨ ગામોમાં આયોજીત રાત્રિ સભાઓમાં ૧૧૫૦ લોકોએ સુવાર્તા સાંભળી હતી અને કોઈપણ વિરોધ વિના જીસસ ફિલ્મ બતાવવામાં આવી હતી. ૭ લોકોએ ઈસુ ખ્રિસ્ત પર તેમનો વિશ્વાસ જાહેર કર્યો હતો. મુલિકા મરાંડીને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. જોતિનની પત્નીને સુરક્ષિત પ્રસૂતિ થઈ શકી હતી. ઈશ્વરપિતાએ અમને રોલઘુટુ, મોલાનીપુર, કંદોર, ચોંડોન્દીહી, મોરાપારા અને દૂધીયાલમાં વિશ્વાસીઓ માટે વિશેષ સભાઓ યોજવામાં સક્ષમ કરવા માટે.

**પ્રાર્થના :** સુવાર્તિક પરિવારોને સારું સ્વાસ્થ્ય આપવા માટે. અમારા વિશ્વાસીઓ વ્યક્તિગત સુવાર્તાપ્રચારમાં સક્રિયપણે સામેલ થાય એ માટે. ઈશ્વરપિતા બુજુબુથા વિસ્તારમાં સુવાર્તા માટે દરવાજા ખોલે એ માટે. બધા શોધકમિત્રો ખ્રિસ્તનો સ્વીકાર કરે અને હિંમતપૂર્વક તેમના વિશ્વાસને કબૂલ કરે એ માટે. પ્રભુમંદિરના વડીલો અને વિશ્વાસીઓ તેમના જીવન અને સેવાકાર્યમાં કાર્ય કરવા માટે તાલીમ કાર્યક્રમમાં હાજરી આપે એ માટે.

# આસામ

## ગોહપુર :

### નાથન કુમાર બેબર્તા અને નિરુપમા નાથન

**સ્તુતિ :** ૬ લોકોએ તેમનું પાપી જીવન છોડી દીધું છે અને ખ્રિસ્તમાં નવો જન્મ પામ્યા છે. કુંજો

NOVEMBER 20 બુધવાર

ઉપવાસ પ્રાર્થના દિવસ

પાથ્થરીની ગાય ૬ દિવસ સુધી ખોવાઈ ગઈ હતી અને ગામવાસીઓ તેની મજાક ઉડાવતા હતા, તેમણે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું અને તેમની ગાય તેની જાતે જ પાછી આવી હતી. સૂકડા અને આરીમોરા ગામોમાં વિશ્વાસીઓ માટેની શિબિર મદદરૂપ બની હતી. ૫ અલગ અલગ સ્થળે જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી.

**પ્રાર્થના :** ટોક સાપારી, પીલુસા, સિરાગુવા, પોરહાડી, કાસીકેમાડા ગામોમાં સુવાર્તા પ્રચારના પ્રથમ પ્રયાસને ઈશ્વરપિતા આશીર્વાદિત કરે એ માટે. પોપન પટ્ટારી, આકાશ પટ્ટારી, કુલાપ પટ્ટારી, લુમુક પટ્ટારી, જીબથર, કિતેશ્વર સુવાર્તામાં રસ બતાવે છે, તેઓ નજીકના ભવિષ્યમાં ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે.

# છત્તીસગઢ

## બાલોડા બજાર :

### રામેશ્વર દયાલ નિર્મલ અને મધુ કાલા

**સ્તુતિ :** ચંદ્રગોરાપાડા અને ધારાસિવ ગામોમાં સુવાર્તાનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. જીસસ ફિલ્મ ૩ ગામોમાં દર્શાવવામાં આવી હતી. લક્ષ્મણવિહાર ખાતે સ્થાનિક પ્રચારકોને આત્માઓ જીતવાની તાલીમ આપવામાં આવી હતી, જેને કારણે પાથરસ માસી અને લતા સેવા કાર્યકરો તરીકે જોડાવા સક્ષમ બન્યા હતા.

**પ્રાર્થના :** સંહારતી ગામના સોહતા સુવાર્તાનો વિરોધ કરે છે, તેમની પ્રભુ સાથે મુલાકાત થાય એ માટે. રામેશ્વર સાહુને સારી નોકરી મળે એ માટે. કામકરિયા ગામમાં પ્રભુમંદિર બનાવવા માટે જમીન મળે એ માટે. સ્થળાંતર કરનારા વિશ્વાસીઓ જ્યાં પણ તેઓ કામ પર જાય ત્યાં પ્રભુના સાક્ષી બને એ માટે.

## પાથલગાંવ :

### પાડવી સોમલીયા મનસુખભાઈ અને મહાલા શીલાબેન પહુજ્યાભાઈ

**સ્તુતિ :** સાલ્નીડેરા મંડળમાં મંડળીના વડીલની તાલીમ, અમાપલ્લી અને મડવાતાલ મંડળોમાં વિશ્વાસીઓની આધ્યાત્મિક મીટીંગ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. ગયા મહિનામાં ૧૦ વ્યક્તિઓએ ખ્રિસ્ત ઈસુમાં તેમનો વિશ્વાસ કબૂલ કર્યો છે. પેથલગોન ક્ષેત્રમાં ત્રણ પ્રભુમંદિરના બાંધકામના પ્લાસ્ટરિંગ કામ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવ્યા હતા.

**પ્રાર્થના :** આગામી વિશ્વાસ કબૂલાતનો કાર્યક્રમ યુવા અને મહિલા શિબિર, સુવાર્તાપ્રચાર સેવાકાર્ય અને પ્રભુમંદિર સમર્પણનો કાર્યક્રમ પ્રભુના મહિમા અર્થે થઈ શકે એ માટે. સતરામ ચૌહાણ અને કુમાર કુવારને દારૂના અને મહાચો અને પ્રભુદાસને ધૂમ્રપાનના વ્યસનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે. સાકલસાઈને લકવામાંથી સાજાપણા માટે. યુવા શિબિરના સહભાગીઓ તેમના જીવનને ખ્રિસ્તને સમર્પિત કરવા અને સાક્ષી તરીકે જીવવા માટે. પ્રભુમંદિરના વડીલો અને સ્થાનિક સુવાર્તિક તેમની જવાબદારીઓ અને તેડામાં વિશ્વાસુ અને મહેનતુ રહે એ માટે.

NOVEMBER
21
ગુરૂવાર

*Happy Birthday*

શ્રીમતી જેહાલીન જેમી જેયાશેકર
શ્રીમતી મનપ્રીત કૌર ઐયનાર

## ભૈયાથાન :

### થાંગ ચિન લિયાન અને વુંગ થિયાન ચિંગ

**સ્તુતિ :** આપણા વિશ્વાસીઓના બાળકોના અધ્યાત્મિક વિકાસ માટે છાત્રાલયમાં કામ કરવામાં આવી રહ્યું છે. હોમના બાળકો અભ્યાસમાં સારી પ્રગતિ કરી રહ્યા છે. કેમ્પસમાં પ્રભુમંદિરના નવીનીકરણનું લગભગ ૮૦ ટકા કામ પૂર્ણ થયું છે. વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલ ઝોનલ સ્તરની આધ્યાત્મિક જીવન પરિષદનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** ઋતુજન્ય ફ્લુથી પીડાતા આપણા કેટલાક બાળકોના સાજાપણા માટે. જે બાળકો અભ્યાસમાં નબળા છે અને ડહાપણ અને જ્ઞાનમાં વૃદ્ધિ પામવામાં ઈશ્વરપિતા મદદ કરે એ માટે. પ્રભુમંદિરના નવીનીકરણના કાર્યની સફળતાપૂર્વક પૂર્ણતા માટે. આપણા મોટા બાળકો કે જેઓએ તિલ્હેગા ખાતે યુવાનોની મીટીંગમાં હાજરી આપી હતી તેઓ તેમની આધ્યાત્મિક પરિપક્વતા અને વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે.

# ઓડિશા

## જગનાથપુર :

### બાસુદેવ માલ્ટો અને બસંતી માલ્ટો

**સ્તુતિ :** નવા ૧૪ ગામોમાં સુવાર્તાનો ઉપદેશ આપવામાં આવ્યો. ૫૧૯૦ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૩૬ વ્યક્તિઓએ પ્રભુ ઈસને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. યુવા આગેવાની તાલીમ, આત્માઓ જીતવાની તાલીમ અને વડીલોના પરિવારોની મીટીંગ આશીર્વાદિત રહી હતી.

**પ્રાર્થના :** ડોન્ડો, પુરુસાઈ અને મહાદેસાઈ ખાતે કરવામાં આવેલ સુવાર્તા પ્રચાર દરમ્યાન જે લોકોએ પ્રભુના વચનો સાંભળ્યા છે તેઓ તેના પ્રત્યે લક્ષ આપે એ માટે. ઈશ્વરપિતા સુકલાલ લાહોરીને વાઈની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. આપણી હોસ્ટેલના કાર્યકર બગધુર મુંડાએ તેમની પત્ની ગુમાવી છે, ઈશ્વરપિતા તેમને શાંતિ અને દિલાસો આપે એ માટે. ઈશ્વરપિતા હો લોકજૂથમાં ઘણા આત્માઓને જીતવા સક્ષમ કરે એ માટે.

# ગુજરાત

## સેલંબા :

### યુવનેશ ટી અને ઝાંસી રાની

**સ્તુતિ :** ૬૭ વ્યક્તિઓને સુવાર્તા વ્યક્તિગત રીતે પ્રગટ કરવામાં આવી હતી, જેમાંથી ૮ લોકોને સંપૂર્ણ બાઈબલ આપવામાં આવ્યા હતા અને ૫ લોકોને નવો કરાર આપવામાં આવ્યો હતો. આ ચોમાસામાં ઈશ્વરપિતાએ આ ક્ષેત્રમાં સારો વરસાદ આપ્યો હતો. ઘણા અન્યવિશ્વાસી બાળકોને બાળવર્ગો દ્વારા પ્રભુ વિશે જાણવા મળ્યું હતું.

**પ્રાર્થના :** નવેમ્બરમાં આયોજીત કરાયેલ વસાવા મેળો ફળદાયી બને એ માટે. આ સભામાં હજારો

## NOVEMBER 22
શુક્રવાર

વિશ્વાસીઓ હાજર રહે એ માટે અને વસાવા યુવા મેળા માટે પણ નવેમ્બરમાં નિર્ધારિત કરવામાં આવેલ છે જેમાં યુવાનો મોટી સંખ્યામાં ભાગ લે અને આશીર્વાદ પ્રાપ્ત કરે એ માટે. સિકલ સેલ એનિમિયાથી પીડીત આપણા વિશ્વાસીઓના સાજાપણા માટે.

### બોડેલી :

### યેસુ બાબુ અને ઉષા એસ.

**સ્તુતિ :** કુંદનપુરમાં ઉપવાસ સહિતની પ્રાર્થનામાં ભાગ લેનારા બધા લોકો માટે કુંદનપુરમાં પ્રાર્થના કરવામાં આવી અને ભારે હૃદયથી પ્રાર્થના કરી હતી. બાઈબલ અભ્યાસ કોઈપણ સંઘર્ષ વિના થઈ રહ્યો છે અને તેમાં સૌથી મોટી ભાગીદારી યુવાનોની છે. ૧૭૫ લોકોને પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** ગોબલપુરની રવિના તેની લાંબા સમયથી ચાલતી બિમારીમાંથી સાજાપણું મેળવે એ માટે. કર્નેટ ગામના વડાઓ ખ્રિસ્તી કાર્યક્રમોનો વિરોધ કરી રહ્યા છે તેઓના હૃદય પરિવર્તન માટે. મિસ્લીને સ્તન કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. રાત્રિના સમયે થતી ચોરીને ઘટાડવા માટે અને વિશ્વાસ કબૂલાત સભા કોઈપણ મુશ્કેલી વિના થાય એ માટે.

### ક્વાંટ :

### અખિલેશકુમાર અને કિરણ દેવી

**સ્તુતિ :** ૫૮ લોકોએ તેમના જૂના જીવનનો ત્યાગ કર્યો હતો અને ખ્રિસ્તમાં નવું જીવન મેળવ્યું હતું. આપણા નવા વિશ્વાસી પ્રવીણભાઈને અકસ્માતને કારણે ઈજા થઈ ત્યારે ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું ધરસાવા ગામમાં નવું આરાધના જૂથ શરૂ કરવામાં આવ્યું છે.

**પ્રાર્થના :** કાલીબેન લાંબા સમયથી અસ્થમાને કારણે ઉંઘી શકતા નથી, તેમના સાજાપણા માટે. નાનજીભાઈ જેમણે પેટમાં ગાંઠની સારવાર લીધી હતી, તેમને પ્રભુ ઈસુ સાજાપણું આપે એ માટે. થાન્યાબાડી ગામમાં વિરોધના કારણે બંધ કરાયેલી આરાધના સંગત પુનઃ શરૂ થાય એ માટે. મથવાડા સરકારી શાળાઓ જેમાં આપણા બાળકો શિક્ષણ લઈ રહ્યા છે, ત્યાંના શિક્ષકો શાળામાં નિયમિત આવે અને શિક્ષણ આપવામાં નિષ્ઠાવાન બને એ માટે.

### ઝાલોદ :

### કુમાર પોલ અને અમુથા કુમાર

**સ્તુતિ :** ૪૫ લોકોએ જાહેરમાં પ્રભુ પરનો તેમનો વિશ્વાસ કબૂલ્યો હતો. વાકેલા ગામના વિપુલભાઈને તેમની પ્રાર્થનાથી ટ્રાન્સપોર્ટ વિભાગમાં નોકરી મળી હતી. કુંઢી ગામના કનુભાઈને અશુદ્ધ આત્માના બંધનમાંથી છોડાવવામાં આવ્યા હતા સતત પ્રાર્થના દ્વારા રાજુભાઈની દીકરીને ખ્રિસ્તી જીવનસાથી મળ્યો હતો અને લગ્ન આશીર્વાદિત થયા હતા.

**પ્રાર્થના :** ઓકાલા પ્રભુમંદિરના વાકજીભાઈ માટે કે જેઓ વિશ્વાસી છે પરંતુ તેમના જૂના જીવનનો ત્યાગ કરવા માટે કાળો જાદુ કરવાની જૂની રીતોથી છુટકારો મેળવવામાં અસમર્થ છે.

NOVEMBER 23 શનિવાર

*Happy Birthday*

શ્રી જોશુઆ કે. એસ.
શ્રી જહોન પોલ હેરીસ જે.

ડુંગર ગામના સુરેન્દ્રભાઈ તેમના વિશ્વાસમાં અસ્થિર છે, અને બીજા વિશ્વાસીઓને પાપી માર્ગો તરફ આકર્ષિત ના કરે એ માટે. ડુંગર ગામના નવજી અને પૂજાને લકવામાંથી સાજાપણુ મળે એ માટે. નવા વિશ્વાસી સિંઘ અને તેમની પત્ની જે ઘણીવાર બિમાર પડે છે તેઓના સાજાપણા માટે. સરલા, માર્થા અને પાયલને બાળકોનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે.

## ફોકડી LTI :

### રૂબેન રવિ અને વિજયા રાની

**સ્તુતિ :** સાતપુડા પ્રદેશ માટે આયોજીત ઉપવાસ અને આયોજન બેઠકમાં તમામ મિશનરીઓએ ભાગ લીધો હતો. Haggai માટે રાષ્ટ્રીય આગેવાની કાર્યક્રમ હતો જેમાં ૨૬ મિશનરીઓ ભાગ લીધો હતો અને આશીર્વાદ મેળવ્યા હતા. સહયાત્રી પ્રદેશના ૫૨ પ્રચારકોને તેમના સુવાર્તિક સેવાકાર્યમાં અસરકારક બનવા માટે ધર્મોપદેશની તાલીમ આપવામાં આવી હતી. મિતેષ દ્વારા જૂના કરારનો સર્વે અને વાર્તાકથન પદ્ધતિ સત્રોમાં ૫૦ મિશનરીઓએ ભાગ લીધો હતો અને તેનો લાભ મેળવ્યો હતો.

**પ્રાર્થના :** પ્રાર્થના જૂથના આગેવાનો તમિલનાડુમાં તાંજોર અને મેટ્ટુપલયમથી આપણા ક્ષેત્રની મુલાકાત લે છે, તે આપણા સ્થાનિક વિશ્વાસીઓ અને મુલાકાતી આગેવાનોના વિશ્વાસમાં વૃદ્ધિ કરે એ માટે. કપરાડા સેવા ક્ષેત્રના સુવાર્તિકો માટે આયોજીત તાલીમી કાર્યક્રમ તેમના સેવાકાર્યમાં તેમના માટે ફાયદાકારક બની રહે એ માટે. આપણા મકાનના સમારકામ અને જાળવણી કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થાય એ માટે. પ્રશિક્ષણના વિવિધ સ્તરોમાં તાલીમ પામેલા તમામ સુવાર્તિકો તેમના અંગત, કૌટુંબિક અને સેવાકીય જીવનમાં પ્રભુના મહિમા માટે તેમની તમામ કુશળતાનો ઉપયોગ કરી શકે એ માટે.

## ગોદાવરી પ્રદેશ :

### બસવરાજા કે. અને સનમાતા એમ. થાને

**સ્તુતિ :** ૬૨ નવા ગામોમાં સુવાર્તા વહેંચવામાં આવી હતી. સેન્સરી અને ઓસરવીરા ગામમાં ૧૩ વ્યક્તિઓએ ઈશ્વર પરના વિશ્વાસને કબૂલ કર્યો હતો. ૧૯૨ લોકો પ્રભુ પર તેમનો વિશ્વાસ કબૂલ કરવા તૈયાર થઈ રહ્યા છે. ઉઠવા, ઓસરવીરા રાયપુર, શરી અને ઉપથાલ ગામોમાં મહિલા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈશાલી બેનનો સાંપના ડંખથી બચાવ થયો હતો. ક્રિષ્નાબાઈને પ્રાર્થના દ્વારા અશુદ્ધ આત્માનાં બંધનમાંથી અને માનસિક બિમારીમાંથી મુક્તિ મળી હતી.

**પ્રાર્થના :** તલાસરી ક્ષેત્રમાં કોઈપણ અવરોધ વિના દર્શન સભા યોજવામાં આવી હતી. વૈશાલી પ્રકાશને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે. સાયવાન ગામમાં પ્રભુમંદિર બનાવવા માટે પ્રવર્તતી અડચણો દૂર થાય એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા તમામ વિશ્વાસીઓ વિશ્વાસમાં પાછા ફરે એ માટે. ઈશ્વરપિતા રામુભાઈને લકવામાંથી સાજાપણું આપે એ માટે. વડીલો અને સ્વયંસેવકો પ્રભુમંદિરને વિકાસના માર્ગે દોરે એ માટે.

NOVEMBER
24
રવિવાર

*Happy Birthday*

શ્રીમતી બેઉલાહ સેલ્વી હેનરી
શ્રીમતી કિરન ભેંગરા લૌલીન

# દાદરા નગર હવેલી

## સિલ્વાસા :

### ડેવિડસન રાજસિંગ અને કાનમનિ પરિમલમ

**સ્તુતિ :** ચાર અલગ અલગ સ્થળોએ થયેલી સુવાર્તા મીટીંગમાં ૧૧૭ લોકોએ જાહેરમાં પ્રભુ પરનો તેમનો વિશ્વાસ કબૂલ કર્યો હતો. વડીલો માટેની તાલીમ શિબિરમાં ૧૫૮ લોકોએ ભાગ લીધો હતો અને ઈશ્વરપિતાના આશીર્વાદ મેળવ્યા હતા. ચાર જગ્યાએ આત્માઓ જીતવાના કાર્યક્રમો યોજાયા હતા. વાસોના પ્રભુમંદિરના વિશ્વાસીઓએ એક મિશનરીને ટેકો આપવા માટે યોગદાન આપવાનું શરૂ કર્યું છે. વરાલી ગામની અંજુપેનીને આંખોની સમસ્યા હતી જે પ્રાર્થના બાદ સાજી થઈ ગઈ હતી.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા સંજુ - ચંદ્રિકા, અશોક - જાનકી, વિજય - જોષ્ના, સુરેશ - રેણુકા યુગલોને બાળકોનો આશીર્વાદ આપે એ માટે કેમ કે તેઓ બોજ સાથે પ્રાર્થના કરી રહ્યા છે. મગજની ગાંઠને કારણે કીટલી ગામની આબાબાઈને માનસિક બિમારી થઈ રહી છે, તેના સાજાપણા માટે. આવતા મહિને સુવાર્તા પ્રચાર મીટીંગ સફળતા પૂર્વક થઈ શકે એ માટે. આયોજીત વીબીએસ શિક્ષક તાલીમ શિબિર સારી રીતે ચાલે અને ઘણા લોકો કેમ્પમાં હાજરી આપે એ માટે.

## રાંધા હોમ :

### માલ્ટો અને સારા માલ્ટો, ચંદ્રિકાબેન છગનભાઈ કોકણી, મનીષા લાકરા

**સ્તુતિ :** આપણા હોમના બાળકો ઈશ્વરપિતાની કૃપાથી વરસાદની ઋતુમાં સુરક્ષિત અને સ્વસ્થ રહી શક્યા હતા. ૧૧ માં ધોરણના વિદ્યાર્થીઓ શાળામાં જવા માટે ગાલોંડા અને સિલ્વાસાની મુસાફરી કરે છે તેમની સાથે મુસાફરી દરમ્યાન ઈશ્વરપિતાની કૃપા રહી હતી. બાળકો આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અને આપણા પ્રભુ ઈસુના જ્ઞાનમાં વૃદ્ધિ કરવા ઉત્સુક છે. અમને મોટાપોંડા ક્ષેત્રના ગામડાઓમાં સેવાકાર્ય કરવા માટે સક્ષમ કર્યા હતા.

**પ્રાર્થના :** ઋતુજન્ય બિમારીએ થોડા બાળકોને અસર કરી હતી, તેઓ ઝડપથી સ્વસ્થ થાય એ માટે. ૯ મા ધોરણના બઘલ માટે જે ઘણી વાર બિમાર પડતો અને તેના વર્ગો ચૂકી જતો હતો, તેના સાજાપણા માટે. ૧૦ મા ધોરણના વિદ્યાર્થીઓ યુવરાજ, ડેનિયલ, કરુણા અને પ્રેમીલા જેઓ વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીમાં નબળા છે તેઓ વધુ સખત મહેનત કરે અને અભ્યાસમાં ઉત્કૃષ્ટ બને એ માટે. આપણા નવા મકાનનું બાંધકામ શરૂ કરવા માટે જરૂરી સરકારી મંજુરી માટે કારણ કે પરવાનગી આપવામાં દિવસેને દિવસે વિલંબ થઈ રહ્યો છે.

# મહારાષ્ટ્ર

## ચાલીસગાંવ :

### યેસુ પ્રકાશ અને સુનંદા બેલી

**સ્તુતિ :** નવા ૩ ગામોમાં નવી ૧૫૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. આ ગામની ધિયા થાયથાઈ છેલ્લા ૬ વર્ષથી શરીરના સોજાને લીધે

**NOVEMBER 25**
**સોમવાર**

## *Happy Birthday*

શ્રીમતી મિરીલા સોમ્પ્રમેરી
શ્રી દેબ્રતો વિશ્વાસ
કુ. વસાવા અરુણાબેન દમનિયાભાઈ

બિમાર હતી. જયારે અમે તેના ઘરે ગયા અને પ્રાર્થના કરી, ત્યારે ઈશ્વરપિતાએ તેને સાજી કરી હતી. નુરુકેશે તેની NEET ની પરીક્ષા સફળતાપૂર્વક લખી હતી.

**પ્રાર્થના :** ચાલીશગાંવના લોકો માટે જેઓ આતુરતાથી સાજાપણાનો અનુભવ કરવા આવે છે, પરંતુ ઈસુ ખ્રિસ્તને પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારતા નથી. માંગ, ચમાર અને જૈબુંગ લોકજૂથોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. આ સેવા ક્ષેત્રમાં પ્રભુમંદિર બનાવવા માટે સાધન-સંસાધનો ઈશ્વરપિતા પ્રદાન કરે એ માટે. નાયરા અને રોહિણીને કાનમાંથી લોહી નીકળે છે, તેમના સાજાપણા માટે. અંજના અને આશાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે.

## સુરગાના :

### ટી. માયિલુસામી અને યેસુમની ટી.

**સ્તુતિ :** ૪૯ લોકોએ ખ્રિસ્તને સ્વીકાર્યા હતા અને ખ્રિસ્તના શિષ્યો બન્યા હતા. અંબાટ અને કાંગાપુરના ગ્રામજનો વચ્ચે નવી સંગત શરૂ કરવામાં આવી છે. ૨૧ સ્થળોએ વિશ્વાસીઓના પરિવાર માટે મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાની અપાર કૃપાથી રેકટપાડા પ્રભુમંદિરના એક વડીલને પ્રાર્થના દ્વારા લકવામાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** મંદાબાઈ જે નિ:સંતાન હતી તે પ્રભુમંદિરમાં આવવા લાગી છે. ઈશ્વરપિતા તેને બાળકનો આશીર્વાદ આપે એ માટે. હાથકટ ગામના ગ્રામજનોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે કારણ કે પ્રાર્થના માટે આવતા લોકો માટે ભારે વિરોધ થઈ રહ્યો છે. પ્રાર્થના કરો કે જેઓ વિરોધ કરી રહ્યા છે તેઓ ખ્રિસ્તનો સ્વીકાર કરે. સૂર્યાહુત ગામમાં રવિવારની સંગતમાં પરિવર્તિત થવા માટે રાત્રિની પ્રાર્થના માટે લીધેલા પ્રયત્નો સફળ થાય એવી પ્રાર્થના. વિશ્વાસીઓમાં દારૂનું વ્યસન દૂર થાય એ માટે.

## તલાસરી :

### ગેડ્ડામ શ્રીનિવાસરાવ અને રાજ્ય લક્ષ્મી

**સ્તુતિ :** ૩૨ લોકોએ તેમના વિશ્વાસનો સ્વીકાર કર્યો હતો અને પ્રભુમંદિરમાં નવા સભ્યો તરીકે જોડાયા હતા. સોનાલી રાજેશને છેલ્લા

### સજીવન થયેલા ઈસુ

ઝારખંડના પખુઆત ક્ષેત્રના લીમડુંગા ગામની માધી મરાંડી, કામ માટે સ્થળાંતર કર્યું, પરંતુ બિમાર પડ્યા અને પથારીવશ થઈ ગયા. તેના મૃત્યુના ડરથી તેનો પરિવાર તેને તેના ગામમાં પાછો લાવ્યા અને તેને ઘરે છોડી ગયા. નીમડુંગા પ્રભુમંદિરના વિશ્વાસીઓને તેમની મુલાકાત લીધી અને તેમના માટે પ્રાર્થના કરી. ત્રણ દિવસ પછી, માધી મરાંડી સંપૂર્ણપણે સાજા થઈ ગયા. હવે તે બીજા બધાની જેમ કામ કરે છે, અને ગામના પ્રભુના નામનો મહિમા છે. હાલેલુયા.

**NOVEMBER 26**
**મંગળવાર**

## *Happy Birthday*

શ્રી માનસિહ ડેનિયલ

૭ વર્ષ દરમિયાન કસુવાવડ થઈ હતી, પરંતુ ઈશ્વરપિતાના આશીર્વાદથી હવે તેઓને એક બાળકનો આશીર્વાદ મળ્યો છે. કંજત ગામમાં મહિલા સભામાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો. ઉથવા, રાયપુર અને ઉપલાથ ગામોમાં મહિલાઓ માટે આધ્યાત્મિક વિકાસની બેઠકો સફળતાપૂર્વક યોજાઈ હતી. આપણા મિશનરીની દીકરીને વેલ્લોરની મેડિકલ કોલેજમાં નર્સિંગમાં પ્રવેશ મળ્યો હતો.

**પ્રાર્થના :** શૈવન ગામની વૈશાલી દુષ્ટ આત્માઓથી મુક્ત થાય એ માટે. સાયવાન ગામમાં પ્રભુમંદિર બનાવવા જમીન મળે એ માટે. મહિલાઓમાં નાના પ્રાર્થના જૂથો શરૂ કરવા અને તેને નિયમિતપણે જાળવી રાખે એ માટે. પ્રભુમંદિરના આગેવાનો જવાબદારીઓ નિભાવે અને આધ્યાત્મિક રીતે આગેવાની કરે એ માટે. મંડળ બાઈબલ અભ્યાસ સત્રોમાં આતુરતાપૂર્વક ભાગ લે એ માટે. યુવાનો નશાની લતમાંથી મુક્ત થાય એવી પ્રાર્થના.

## ચોપડા અને સાંગવી હોમ :

### વસાવા ભંગસિંહ મૌલ્યા અને મહાવે યમનબેન

**સ્તુતિ :** ૨ લોકોએ પ્રભુનો સ્વીકાર કર્યો હતો. સતત પ્રાર્થના પછી, ૩ વર્ષથી મોંના કેન્સરથી પીડીત બાઈ દાસને હવે ધીમે ધીમે સાજાપણું મળી રહ્યું છે. રામદાસ હવે ઉપવાસ અને પ્રાર્થના કર્યા પછી ટીબીથી સાજા થઈ રહ્યા છે. પતિની માંદગીને કારણે સુનીતા છેલ્લા ચાર વર્ષથી તેના માતાપિતા સાથે રહેતી હતી પરંતુ પ્રભુમંદિરમાં આવીને તેમના માટે પ્રાર્થના કરવાથી તે સાજા થઈ ગયા છે અને હવે તેઓ સાથે રહે છે.

**પ્રાર્થના :** આપણી હોસ્ટેલના રસોઈયાની પત્નીને દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. તા.૧૧ થી ૧૪ સુધી આયોજન મુજબ યુવા શિબિરો યોજાય એ માટે. ચોપડા ગામના લોકો જેઓ તેમના વિશ્વાસને કબૂલ કરવા અને તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામવા માટે સુવાર્તા સભાઓમાં હાજરી આપે એ માટે. ઈશ્વરપિતા આપણી હોસ્ટેલના વિદ્યાર્થીઓને અસાધારણ જ્ઞાનનો આશીર્વાદ આપે એ માટે.

## ખ્રિસ્તનો જીવન બદલતો પ્રેમ

ઉત્તરાખંડના બઝપુર જીલ્લાની અન્યવિશ્વાસુ બહેન નીતિમના લગ્ન વિશ્વાસી સાથે થયા હતા અને તે પાનખેડા ગામમાં રહેતી હતી. તેના સાસરિયાઓને ઈસુ ખ્રિસ્તની આરાધના કરતા, પ્રાર્થના કરતા અને પ્રભુમંદિરમાં જતા જોઈને આઘાત લાગ્યો, નિતિમે તેના માતાપિતાની સલાહને અનુસરીને, એક અલગ રૂમમાં આરાધના કરી અને તેના પતિ પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે મોટેથી ગીતો ગાયાં. જો કે, તેના પતિના પરિવાર દ્વારા બતાવવામાં આવેલ ખ્રિસ્ત પ્રત્યેનો પ્રેમ તેના હૃદયને સ્પર્શી ગયો અને એક વર્ષમાં તેણે ઈસુ ખ્રિસ્તને સ્વીકારી લીધા. તેણીએ તેના જૂના માર્ગો છોડી દીધા અને ઈસુની આરાધના કરવા લાગી. હવે તેણી તેના માતાપિતા અને સંબંધીઓ સાથે ખ્રિસ્ત પ્રત્યેનો પ્રેમ વહેંચે છે.

NOVEMBER

27

બુધવાર

ઉપવાસ પ્રાર્થના દિવસ

*Happy Birthday*

શ્રીમતી લિંગટિનકિમ હાઓકિપ લુનકિમ

## બોરાડી :

### ઓમપ્રકાશ અને સપના

**સ્તુતિ :** ફોલોઅપ સેવાકાર્ય દ્વારા ૩૬૪ વ્યક્તિઓને સુવાર્તા પ્રગટ કરી હતી. તેમાંથી ૩ વિશ્વાસીઓ બન્યા હતા અને ઈસુના વાડામાં ઉમેરાયા હતા. કોડીડા, વાડી, રાણીજીર, નવી બોરાડી અને બુડાકી વિહીર ગામોમાં યોજાયેલી ભજન સભાઓ દ્વારા લગભગ ૬૦૦ વ્યક્તિઓએ સુવાર્તા સાંભળી હતી. ઉમરડા ગામે બાળ શિબિરમાં ૨૨ બાળકોએ ભાગ લીધો હતો. ચોંડી, લાલસિંહપાડા અને નવી બોરાડી ગામોમાં ચાલી રહેલી બાઈબલ અભ્યાસ સંગત લોકોને ઈશ્વરના વચનોમાં વૃદ્ધિ પામવામાં મદદ કરે છે.

**પ્રાર્થના :** સમરિયા, ઉમરડા, અમ્બાડુક અને ડાપસિયા ગામોમાં સુવાર્તા પ્રચાર માટે દરવાજા ખુલ્યા છે. સ્વયંસેવકો જેસિંગ, રાઈસિંગ, અંબારામ, અનિલ, સંજય એ કાવાભાઈ કે જેઓ અમને સેવાકાર્યમાં આનંદપૂર્વક મદદ કરે છે. બડાકી ગામના કેન્સરથી પીડિત ૩ વર્ષનો છોકરા પિયાન્સને ચમત્કારિક સાજાપણું મળે એ માટે. માનસિક હતાશાથી પીડિત સ્વપ્નાની મુક્તિ માટે. ઘણા લોકો કે જેઓ માંદગીથી પીડાય છે તેઓ સાજા થયા પહેલા અને પછી પ્રભુ ઈસુમાં વૃદ્ધિ પામે એ માટે.

## પેઈન્ટ હોસ્ટેલ અને સરસમલ હોસ્ટેલ :

### એલેક્સ પ્રભુ અને પ્રિયા હેત્ઝી

**સ્તુતિ :** આ ક્ષેત્રમાં ૬ મહિલા સભા અને ૨ યુવા સભાઓ યોજાઈ હતી. ૧૮ વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. મિશનરીઓ, સ્થાનિક સુવાર્તિકો અને વિશ્વાસીઓ દ્વારા પેઈન્ટ ક્ષેત્રમાં આત્માઓના ઉદ્ધાર માટે બે દિવસીય ઉપવાસ પ્રાર્થના કરવામાં આવી હતી. નવા ૨૬ લોકો આપણા પ્રાર્થના એકમ જૂથોમાં જોડાયા હતા અને તેઓ ઈસુમા વિશ્વાસમાં વૃદ્ધિ પામી રહ્યા છે. ૧૫ દિવસથી પેટના દુ:ખાવાથી પીડીત પ્રતિકાએ ઉપવાસ સહિતની પ્રાર્થનામાં હાજરી આપતાં તેને સાજાપણું મળ્યું હતું. મહિલા સંગત મીટીંગમાં ૫૦ મહિલાઓએ ભાગ લીધો હતો.

**પ્રાર્થના :** પવિત્ર આત્મા ખોટા ઉપદેશો અને ખોટા માણસોને મંડળમાં પ્રવેશવા અને વિશ્વાસીઓ વચ્ચે ઝઘડાને અટકાવે એ માટે. વિશ્વાસીઓને વિશ્વાસમાં નબળા પડવા સામે ઈશ્વરપિતા રક્ષણ આપે એ માટે. બોરાપાડા ગામના હીરામન અને કાસીનાથને ચિકનગુનીયાથી સાજાપણું મળે એ માટે. પેઈન્ટની અનુસ્યાને જંતુઓના કારણે પાકમાં ફેલાયેલા રોગને કારણે પાકને નુકસાન થયું હતું. પ્રાર્થના કરો કે ઈશ્વરપિતા તેના પાકને પુનઃસ્થાપિત કરે. લાંબા સમયથી પેટની ગાંઠથી પીડાતી કુસમના સાજાપણા માટે.

## અક્કલકુવા :

### જગમોહન સિંહ અને સ્વાતિ શર્મા

**સ્તુતિ :** ૩૫ લોકોને સુવાર્તા આપવામાં આવી હતી. ૪ સ્થળોએ આખી રાતની પ્રાર્થના અને ૨

**NOVEMBER 28**
**ગુરૂવાર**

જગ્યાએ શોધકમિત્રોની શિબિર યોજવામાં આવી હતી. ૪ વ્યક્તિઓએ પ્રભુ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. આરાધના સંગતમાં નવી ૩ વ્યક્તિઓ હાજરી આપી રહી છે. પ્રાર્થનાને કારણે ધીરજ સલામત રીતે ઘરે પાછો આવ્યો હતો.

**પ્રાર્થના :** ડાંબ્રિયંબા ગામમાં ટૂંક સમયમાં એક નવું આરાધના જૂથ શરૂ કરવામાં આવે એ માટે. આયોજીત વિશ્વાસ કબૂલાતની સંગત કોઈપણ મુશ્કેલી વિના આયોજીત થઈ શકે એ માટે. આપણા સ્વયંસેવક ઉષાબેનને ચેતાની બિમારીમાંથી સાજાપણુ મળે એ માટે. રવિનાબેન અને શંકરની પત્નીને સામાન્ય પ્રસૂતિ થાય એ માટે. પ્રભુ આપણા મિશનરીઓ, વિશ્વાસીઓ અને ગ્રામજનોનું તે વિસ્તારમાં રખડતા સિંહોથી રક્ષણ કરે એ માટે.

## એટાપલ્લી :

### અરવિંદ વસાવે અને એજુ અરવિંદ

**સ્તુતિ :** ૪ વ્યક્તિઓએ પ્રભુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. ૪૮૦ લોકોએ પ્રથમ વખત સુવાર્તા સાંભળી હતી. માર્ગલ ખાતે પ્રભુના મહિમા માટે પ્રભુમંદિરનું સમર્પણ કરવામાં આવ્યું હતું. કટ્ટા, કોટમી, જરેવાડા, ડોડાસા અને નારણપુર ગામોમાં સુવાર્તા પ્રચાર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ પ્રાર્થના દ્વારા સુકલીભાઈને નબળાઈ અને બિમારીમાંથી સાજાપણું આપ્યું હતું અને ચાલીને પ્રભુમંદિરમાં આવવામાં મદદ કરી હતી. વિશ્વાસીઓના ફાળાથી લોંખડનો દરવાજો અને કમ્પાઉન્ડની દીવાલનું કામ પૂર્ણ થયું હતું.

**પ્રાર્થના :** સુવાર્તામાં રસ દાખવતા સિરંગી માતામી પરિવારના તારણ માટે. ઈશ્વરપિતા અશ્વિની ધુળશાને પેટની ગાંઠથી ને કાર્તિક મંડલને કેન્સરથી અને સુકલીભાઈને ટીબીમાંથી સાજાપણું આપે એ માટે. ગ્રામજનોને દારૂ અને પાન ખાવાના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. તમામ લોકો જેઓ વિશ્વાસમાં નબળા પડ્યા છે તેઓ પાછા ફરે એ માટે.

# આંધ્રપ્રદેશ

## પાલામાનેર :

### પાઉલ કુપ્પુસામી અને શાયલા કે.

**સ્તુતિ :** ૧ વ્યક્તિએ તેના જૂના જીવનનો ત્યાગ કર્યો અને તેને ઈસુના વાડામાં ઉમેરવામાં આવ્યા હતા. કોલમસનપલ્લી પ્રભુમંદિરમાં ૨૫ મંડળીના વડીલોને તાલીમ આપવામાં આવી હતી. યદોશાના ઘરમાં ઘુસેલા અજગરથી ઈશ્વરપિતાએ તેનું રક્ષણ કર્યું હતું. હેમલતાના પિતા પાણી વિનાના કૂવામાં પડી ગયા હતા ત્યારે નાની ઈજાઓ સાથે તેમનો બચાવ થયો હતો.

**પ્રાર્થના :** બાલા, અનીતા, કલાવતી, રાજેન્દ્ર, દેવી, મધમિતા અને અમ્મુ માટે કે જેઓ સુવાર્તામાં રસ બતાવે છે તેઓ પ્રભુનો સ્વીકાર કરે એ માટે. કંત્રીયા ગામમાં આરાધના સંગત શરૂ કરવા માટે જગ્યા મળે એ માટે. મદ્યપાન કરનાર અને આળસુ પતિને કારણે બાળકો

NOVEMBER 29 શુક્રવાર

*Happy Birthday*

શ્રી મગેશ આર.

સાથે ગરીબીમાં જીવતી વિશ્વાસી સુબિયાને શાંતિપૂર્ણ જીવન મળે એ માટે. માતાપિતાના અલગ થવાને કારણે સંઘર્ષ કરતા બાળકો માટે. રમન્નાએ આંબાવાડિયું ખરીદવા રકમ ચૂકવી હતી પરંતુ તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી, તેમને ન્યાય મળે એ માટે.

## ધમલાચેરેવુ :

## જ્હોન ડેવિડ રાજ (નિવૃત્ત) અને જ્ઞાન સેકરી ડેવિડરાજ

**સ્તુતિ :** નવા ૨ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૮ ગામોમાં ફોલોઅપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. નવા ૨ પરિવારો પત્તુરમાં પ્રભુમંદિરની સંગતમાં ભાગ લઈ રહ્યા છે. એસ્તર લાવણ્યાના ગર્ભાશયની ગાંઠ પ્રાર્થના દ્વારા અદ્રશ્ય થઈ હતી. નવા શરૂ થયેલા બાઈબલ અભ્યાસ જૂથમાં હાજરી આપનારા વિશ્વાસીઓ ઈશ્વરના વચનોનો આતુરતાથી અભ્યાસ કરી રહ્યા છે. યોબુ પ્રસાદ અને રામા મૂર્તિએ પ્રાર્થના દ્વારા મદ્યપાન છોડી દીધું હતું.

**પ્રાર્થના :** ઈશ્વર તેમના સેવાકાર્યમાં નવા સ્વયંસેવક પોલ મુનિસામીનો ઉપયોગ કરે એ માટે. જેગાનાથ તેમની પત્નીના ખ્રિસ્તી વિશ્વાસનો વિરોધ કરી રહ્યા છે, તેમના પસ્તાવા માટે. કંગુલૈયા તેની પત્ની સાથે શાંતિથી રહે એ માટે. નાગલક્ષ્મીના પતિ દેવરાજને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. શૈલા અને રાધાને કસુવાવડ થઈ હતી, ઈશ્વરપિતા તેમને દિલાસો આપે એ માટે. સુવાર્તાનો વિરોધ કરનારા ગામના વડાના પસ્તાવા માટે.

## નલમદા :

## દિનેશ મરૈયા અને મેરી મુર્મુ

**સ્તુતિ :** નવા ૫ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને ૭૮૮ લોકોએ સુવાર્તા સાંભળી હતી. યુવા પ્રશિક્ષણમાં ભાગ લેનાર ૬ વ્યક્તિઓ પ્રભુ માટે ઉત્સાહી છે. ૨ ગામોમાં શોધકમિત્રો માટે મીટીંગ મળી હતી. નલ્લામડામાં યોજાયેલી ઉપવાસ પ્રાર્થનામાં ૧૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. વડીલોના તાલીમ કાર્યક્રમમાં પ્રશિક્ષિત ૭ વડીલો પ્રભુમંદિરમાં તેમની આગેવાનીમાં વિશ્વાસુ રહે એ માટે.

**પ્રાર્થના :** લલિતાનો પુત્ર ચંદના જે કામ માટે બેંગ્લોર ગયો હતો, તેણે ઘરે આવવાની ના પાડી હતી. ઘણી પ્રાર્થના પછી તે ઘરે આવ્યો હતો. તે તેના માતાપિતાની સંભાળ રાખે માટે પ્રાર્થના કરો. રામાપુરમ નંદેકે ઝેર પીધુ હતું, તેના સાજાપણા માટે અને સમજદારી પૂર્વક નિર્ણય લે એ માટે. લક્ષ્મીદેવી, હર્ષ, ગંગાલોમા, નરશીમુડુ, અંજીનાઈલુ, રાવણમાં, નરશીમુડુ, અમુરુથા શ્રી, સિંધુઝા, લોકેશ, વિસુનુ અને અનુદેપાના તારણ માટે. જમ્યાક્કા છેતરાયા વિના તેની જમીન સારી કિંમત વેચી શકે એ માટે. ૫ વર્ષથી દુષ્ટ આત્માના ત્રાસથી પીડીત મરિયમને મુક્તિ મળે એ માટે.

NOVEMBER 30 શનિવાર

*Happy Birthday*

શ્રીમતી સુગંધી પુષ્પમ જેનિસ

## તમિલનાડુ

### સધર્ન ઝોન :

### પોલ દયાસિંહ અને બેનિલ્ડા વસંત લાવિસ

**સ્તુતિ :** અંત્યવાનપલ્લી પ્રભુમંદિરની ૧૪ મી વર્ષગાંઠ આશીર્વાદિત રહી હતી. એન્ચેટ્ટી ક્ષેત્રમાં ૧૫૦ લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. એમેન્યુઅલને અકસ્માત દરમિયાન બચાવ થયો હતો. ૬ મહિનાની લાંબી પ્રાર્થના બાદ એસ્તર અને મણી પ્રભુમંદિરની સંગતમાં હાજરી આપી રહ્યા છે. પેરિયામલાઈ એલટીઆઈમાં યુવા તાલીમ, બાળવર્ગો, બાઈબલ અભ્યાસનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વીરરાગવન, સરવણન અને રમેશના પરિવારો ખૂબ રસથી સુવાર્તા સાંભળે છે.

**પ્રાર્થના :** રૂથમ્માએ પતિ ગુમાવ્યા છે, તેણીના દિલાસા માટે. વેતાવલમ ક્ષેત્રના અંબિકા, કૃષ્ણન, વિક્ક, પાંડિયન, નાગપન, જાનકી, સેલ્વી, વૈશાલી, રમેશના પરિવારો, ઈલામ્પિલ્લી ક્ષેત્રમાંથી સરવણન, રાની, મરિયમ્મા, કાર્તિ, દેવી, વિદ્યા, રમેશ અને મોહના પ્રભુનો સ્વીકાર કરે એ માટે. મોનિષા બાળકોના વર્ગ માટે અડચણરૂપ છે તેના પસ્તાવા માટે. રજની, કિશોર મધુપ્રમેહ, ૩ વર્ષની વાલિયમલ અને વિજ્યા લક્ષ્મીને હૃદયની, એસ્થેરમ્મા, હિલ્દા અને વિક્ટોરિયાને કિડની, ધારાભાઈને કેન્સર અને શાંતિને હતાશા અને ડરની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

## બાઈબલ અનુવાદ

### વર્લી બાઈબલ અનુવાદ :

### જી. અબ્રાહમ અને પી. હેમલતા

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી માથ્થી અનુસાર સુવાર્તાનો ડાવરી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે. ઈશ્વરપિતાએ આપણને ૮૦૦૦ શબ્દોનો વર્લી ભાષાનો શબ્દકોષ બહાર લાવવા સક્ષમ બનાવ્યા છે. મરાઠી લિપીનો ઉપયોગ કરીને વરલી ભાષા બોલતા વરિષ્ઠ લોકો માટે વરલી પુખ્ત સાક્ષરતા કાર્યક્રમ માટે પુસ્તકો પ્રકાશિત કરવાનું કામ શરૂ થયું છે. સપ્ટેમ્બર મહિનામાં, પ્રભુએ અમને નવા મિશનરીઓ માટે તેમના તાલીમ સત્રના ભાગરૂપે માનવશાસ્ત્રના વર્ગો ચલાવવા સક્ષમ બનાવ્યા હતા.

**પ્રાર્થના :** ગીતશાસ્ત્ર અને નીતિવચનો સાથે નવો કરાર વરલી ભાષામાં ટૂંક સમયમાં બહાર પાડવામાં આવે એ માટે. વરલી ભાષામાં ગીતોના પુસ્તકોના પુનઃમુદ્રણ માટે. વર્લી અનુવાદ સેવાકાર્ય સાથે સંકળાયેલા સ્વયંસેવકોના સારા સ્વાસ્થ્ય અને સલામતી માટે.

**૪૦૦ મિશનરી જીવનચરિત્ર**

રેવ. સુનિલકુમારનો જન્મ ૨ જી મે ૧૯૮૪ ના રોજ કર્ણાટકના રાયચુર જીલ્લાના ગોરીબાદ ગામમાં ડૉ. રવિકુમાર અને શ્રીમતી શકુંતલાને ત્યાં થયો હતો. તેના બે નાના ભાઈઓ છે અને તેનો જન્મ ખ્રિસ્તી પરિવારમાં થયો હતો. તેની મહત્વાકાંક્ષ આઈપીએસ અધિકારી બનવાની હતી, પરંતુ ઈશ્વરની તેના માટે અલગ જ યોજના હતી. ૧૨ માં ધોરણમાં એક વિષયમાં નાપાસ થયા પછી, તેની બધી મહત્વાકાંક્ષાઓ તૂટી ગઈ, અને તે ખૂબ જ નિરાશ થઈ ગયો.

આ પડકારજનક સમયગાળા દરમિયાન, ઈવેન્જલિકલ ચર્ચ ઓફ ઈન્ડીયા (ECI) ની એક ટીમ તેમના ઘરની મુલાકાત લીધી અને તેમને તેમના સેવાકાર્યમાં જોડાવા આમંત્રણ આપ્યું. ECI સાથે સેવાકાર્ય કરતી વખતે, તેમણે ૧૯૯૯ માં ઈશ્વરને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. આત્માઓ માટે બોજ હોવાથી, તેમણે પોતાનું જીવન પૂર્ણ સમયના સેવાકાર્ય માટે સમર્પિત કર્યું. ECI સાથે પાળક તરીકેના તેમના સમય દરમિયાન, ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ (FMPB) ના દિવંગત મિશનરી ભાઈ નારાયણ નાયકે તેમના સેવાકાર્ય વિષે જણાવ્યું અને તેમને સ્થાનિક સુવાર્તિક તરીકે FMPBમાં જોડાવા માટે પ્રેરિત કર્યા. રેવ. થીમેશ દ્વારા પ્રોત્સાહિત થઈને, તે ૨૦૦૬ માં FMPBમાં જોડાયા, NIM ઝાંસી ખાતે તેમની મિશનરી તાલીમ પૂર્ણ કરી, અને મધ્ય પ્રદેશના ચિરિયા ક્ષેત્રમાં ભીલ અને બરેલા લોકોના જૂથો મધ્યે તેમના સેવાકાર્યની શરૂઆત કરી. ૨૦૦૯ માં તેમણે ધરાની ક્ષેત્રમાં અગ્રણી મિશનરી તરીકે કોરુક લોકજૂથ મધ્યે સેવા આપી હતી. ૨૦૧૩ થી તેમણે શિરહટ્ટી ક્ષેત્રમાં હુબલી ક્ષેત્રમાં કામ કર્યું અને નવેમ્બર ૨૦૨૧ થી, તેઓ શિવગાંવ ક્ષેત્રમાં સેવા આપી રહ્યા છે.

રેવ. સુનિલે ૧૬-૫-૨૦૧૦ ના રોજ સિસ્ટર સંગીતા લાલુ ટેકામ સાથે લગ્ન કર્યા. સિસ્ટર સંગીતા મહારાષ્ટ્રમાં કોલામી જનજાતિમાંથી એફએમપીબીની વિશ્વાસી છે, જેનો જન્મ ૬-૭-૧૯૮૩ ના રોજ શ્રી લાલુ ટેકામ અને શ્રીમતી લંકાબાઈ ટેકામના પરિવારમાં થયો હતો, જેઓ હિંદુ પૃષ્ઠભૂમિમાંથી હતા. તેના પિતા કોલામી જનજાતિમાં પ્રથમ વિશ્વાસી બન્યા હતા. તેને બે બહેનો અને એક ભાઈ છે. તેણીએ FMPB મિશનરી રેવ. મસિલામની અને શ્રી સ્ટેન્લી ચાર્લ્સના સેવાકાર્ય દ્વારા પ્રભુનો સ્વીકાર કર્યો હતો. તેણીએ બેચલર ઓફ થીયોલોજીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને રેવ. મસિલામની દ્વારા પ્રોત્સાહિત અને યર્મિયા ૧:૫ દ્વારા ઈશ્વરપિતા તરફથી ખાતરી મળતા, તેણી ઝાંસી ખાતેની તાલીમ પૂર્ણ કરીને ૨૦૦૯ માં FMPBમાં જોડાઈ હતી.

ઈશ્વરપિતાએ તેમને બે પુત્રીઓ આપી છે : શેરોન ગ્લોરીબોર્ન (૭-૪-૨૦૧૧), હાલમાં ૯ માં ધોરણમાં છે, અને સ્ટારલીનાનો જન્મ (૨૪-૨-૨૦૨૪), ૬ઠ્ઠા ધોરણમાં ભણે છે. બંની પુત્રીઓ સંતોષ વિદ્યાલય, દોહનાવુરમાં અભ્યાસ કરે છે.

હાલમાં, રેવ. સુનિલ કુમાર અને સિસ્ટર સંગીતા પ્રાદેશિક સચિવ તરીકે હુબલી પ્રદેશમાં ઈશ્વરપિતાનું સેવાકાર્ય કરી રહ્યા છે. તેમનું મિશન ખ્રિસ્ત માટે ૫,૦૦,૦૦૦ કન્નડ લોકો સુધી પહોંચવાનું છે. ચાલો આપણે તેમના પરિવારને આપણી પ્રાર્થનામાં ધરી રાખીએ અને તેમના મિશનમાં તેમને ટેકો આપીએ.



**રેવ. સુનિલ કુમાર અને શ્રીમતી સંગીતા લાલુ ટેકામ પરિવાર**

# બિશપ ડો. એઝરા સરગુનમને શ્રદ્ધાંજલિ

## ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ FMPB વતી



ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ (FMPB) બિશપ ડૉ. એઝરા સરગુનમ, ઈવેન્જલિકલ ચર્ચ ઓફ ઈન્ડિયા (ECI) ના ફાધર બિશપ - એક અગ્રણી મિશનરી અને ECI ના સ્થાપક, બિશપ ડૉ. એઝરા સરગુનમના સેવાકાર્યોની ઉજવણી કરે છે અને તેમને સન્માનિત કરે છે, કે જેમનું જીવન અને સેવાકાર્ય મંડળી અને પ્રભુના મિશન માટે મોટા આશીર્વાદ સમાન છે.

બિશપ એઝરા સરગુનમનું સેવાકાર્ય માટેનું હૃદય ઈશ્વરના રાજ્યને માત્ર મંડળીની દીવાલોમાં જ નહીં, પરંતુ આપણા રાષ્ટ્રના વણખેડાયેલા પ્રદેશોમાં પણ વિસ્તરતું જોવાની ઊંડી ઉત્કટતા, આજે ઘણી મંડળીઓ અને સેવાકાર્યના આગેવાનો માટે એક અનુકરણીય નમૂનો છે.

ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ સુવાર્તામાં અમારી ભાગીદારીથી ખૂબ જ પ્રભાવિત થયું છે, અને અમે ખાસ કરીને સેવાક્ષેત્રોના એમના અતૂટ સમર્થન માટે આભારી છીએ. FMPB તરીકે અમે FMPB-ECI સાથેની તેમની ભાગીદારી અને મિત્રતાની ખૂબ જ કદર કરીએ છીએ.

FMPB તેની એકતા અને પ્રાર્થના, તેમના પરિવાર, મંડળીના આગેવાનો અને મંડળીઓમાં દરેક વિશ્વાસી સુધી વિસ્તારે છે.

સઘળો માન-મહિમા સદાકાળ આપણા પ્રભુને રહે.

**રેવ. જ્હોન બર્લીન એસ., જનરલ સેક્રેટરી,** FMPB


# FINANCE DEPARTMENT




**FMPB Bank Account details for sending the offering through online transaction**

A/c Name: **FRIENDS MISSIONARY PRAYER BAND**

**ICICI** - A/c No. 602701216912 - IFS Code ICIC0006027 - Branch: Anna Nagar

**ICICI Bank UPI ID: fmpb01@icici**

**SBI** - A/c No. 10402752621 - IFS Code SBIN0000987 - Branch: Ambattur

**Indian Bank** - A/c No. 406157474 - IFS Code IDIB000A599 - Branch: Vijayalakshmipuram, Ambattur

Kindly contact us: **finance@fmpb.org, WhatsApp: 7904648270**

**BARCODE**

**facilities to send your offertory**

**Kindly avail the BARCODE facility also to send your offertory to the ministries of FMPB.**



***Published by:*** S. John Berlin on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. John Berlin***